
Continuous Edition : 125
RNI No. : GUJBIL/2010/40422
Year of establishment : 2010
Postal Reg. No. GJN-194/2020-2022

# OSHWAL YOUTH

# TODAY AND TOMORROW

Vol. 12 - Issue - 04 - September 2021

પૂજયપાદ શ્રીવજ્રસેન
વિજયજી મહારાજ
વિશેષાંક



પ.પૂ. પરમોપકારી, પંન્યાસ પ્રવર

## પૂજયપાદ શ્રી વજ્રસેન વિજયજી મહારાજ

કહયું કર્યુ ભદ્રંકર ગુરૂનુ, બોલ્યા એમનું બોલ્યું,
મનમાં મનન કર્યુ સદાયે, જીવન એવું જ જીવ્યું

Date of Publication : 1st September, 2021
Periodicity : Monthly
OSHWAL EDUCATION TRUST

# ADMISSION OPEN FOR 2021

OPEN

**PRE-PRIMARY TO X**

A Unit Of Oshwal Education Trust

# HARIA GLOBAL SCHOOL

**CBSE AFF. No.: 430448**

*"Shaping Young Minds In An Innovative Way"*

## WHAT MAKES US SPECIAL

* Dance
* Music
* Art & Craft
* Karate
* Sports
* Monthly Educational Visit
* CCA Activities
* Festival Celebration
* Entire Campus Under CCTV Surveillance

**Contact No.:** 0288 - 2568201, 2567201
**Email:** info@hariaglobalschool.com
**Web:** www.hariaglobalschool.com

*Address: Near Haria College, Ahead Of Oshwal Circle, Indira Gandhi Marg, Jamnagar*

# ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટ

## ટ્રસ્ટી મંડળ

ચેરમેન - શ્રી કાંતિલાલ એલ. હરિઆ
મેનેજીંગ ટ્રસ્ટી - શ્રી રમણીકલાલ કે. શાહ
માનદ્મંત્રી - શ્રી ચંદુલાલ આર. શાહ
ટ્રસ્ટી - શ્રી જયંતિલાલ એલ. હરિઆ
ટ્રસ્ટી - શ્રી મોહનલાલ જી. ગોસરાણી
ટ્રસ્ટી - શ્રી શાંતિલાલ ડી. નાગડા
ટ્રસ્ટી - શ્રી ભરતેષભાઈ કે. શાહ
ટ્રસ્ટી - શ્રી કેશવજી મેઘજી ગોસરાણી
ટ્રસ્ટી - શ્રી મનીષભાઈ કે. હરિઆ
ટ્રસ્ટી - શ્રીમતી અલ્કાબેન જે. મારૂ
ટ્રસ્ટી - શ્રી રમેશ કેશવજી શાહ

OSHWAL YOUTH TODAY AND TOMORROW
Vol. 12 - Issue - 04 - September 2021

## સંપાદક મંડળ

એડિટર - વ્યોમેશ એમ. વૈદ્ય
સબ એડિટર - બંસરી એમ. ભટ્ટ
સભ્યશ્રી - પ્રફુલભાઈ છેડા
સભ્યશ્રી - જીપાલ આર. પટેલ

RNI No. : GUJBIL/2010/40422
Postal Reg. No. Jam/GJN-194/2020-2022

OSHWAL YOUTH TODAY AND TOMORROW
Vol. 12 - Issue - 04 - September 2021

For subscription :
India :- Per copy ₹ 25.00
Annual :- ₹ 200.00
Foreign :- Annual $ 20.00 or £ 15.00

Phone : (0288) 256 1453, 256 0344
e-mail : oshwalyouth@gmail.com
oshwalyouth@oshwaleducationtrust.org
website : oshwaleducationtrust.org

**Monthly Magazine of Oshwal Youth September - 2021**

Printed by :
Mrs. Pritiben Pankajbhai Trivedi
'Shiva Sadan',
2-Cricket Bungalow Street,
B/h Gurudwara, Jamnagar

Published & Owned by :
Shri Ramniklal K. Shah - Publisher
Oshwal Education Trust,
Haria School Campus,
Indira Gandhi Marg,
Jamnagar - 361 004, Gujarat

Printed at :
Shivajeet Stationers & Printers
'Shiva Sadan',
2-Cricket Bungalow Street,
B/h Gurudwara, Jamnagar.

Published by :
Shri Ramniklal K. Shah - Publisher
Oshwal Education Trust,
Haria School Campus,
Indira Gandhi Marg,
Jamnagar - 361 004, Gujarat



**પ્રકાશકની કલમે...**

**શ્રી રમણીકલાલ કે. શાહ**

# હાલારનું હીર
# પૂજયશ્રી વજસેન વિજયજીમહારાજ સાહેબ

પ્રખ્યાત ઉર્દુ શાયરશ્રી અલાયા ઈકબાલનો એક પ્રખ્યાત શેર છે,

**हमारी साल नर्गिस अपनी बेनूरी पे रोती है,**
**बडी मुश्किल से होता है चयन में दिदवर पैदा ।**

અર્થાત યુગોની પ્રતિક્ષા અને પ્રાર્થનાઓ પછી આ જગતમાં કોઈ વિરલ વિભૂતિ, કે યુગ પુરુષનું અવતરણ થતું હોય છે, એવી જ એક વિરલ ચેતના એટલે હાલારી વિશાઓશવાળ સમાજની હાલારનાં બાવન ગામમાં વસેલી, વસ્તીમાંનું છેવાડાનું ગામ મોટા માંઢા મુકામે પાકેલું, એક મહાસાગરનું મોતી. મોટા માંઢા ગામે પિતાશ્રી માણેકભાઈ પૂંજાભાઈ નોંઘાભાઈ ખીમસીયા અને રત્નકુક્ષીમાતાશ્રી જીવીબેન નાં ગર્ભમાં ઉછરેલ દેદીપ્યમાન બાળક શ્રી વર્ધમાન કુમાર. આમ તો નાના એવડા મોટા માંઢા ગામે પૂંજા નોંઘા ખીમસીયા પરિવારમાંથી પરિવારનાં જ એક પનોતા પુત્ર શ્રી કેશવજીભાઈની દીક્ષાના બીજા જ મહિને શ્રી વર્ધમાનકુમારનો જન્મ થયેલો. એટલે કેશવજીભાઈની યાદ તાજી રાખવા માટે એને હુલામણું નામ 'કેશુ' આપવામાં આવ્યું 'પુત્રનાં પગ પારણામાં' કહેવત અનુસાર કેશુમાં બાળપણથી જ જીવદયા, અનુકંપા અને વૈયાવચ્ચની ઉમદા ભાવનાઓ હિલોળા લેતી હતી.

કેશુ બે વર્ષનો હતો ત્યાંથીજ તેનામાં ધર્મની આરાધના અને દેવલોક સમો અપૂર્ણ સંતોષ પ્રબળ હતો. દોઢ વર્ષની બાળવયે એને શ્રી શત્રુંજય મહાતીર્થની યાત્રા પણ કરેલી. એમની ત્રણ વર્ષની ઉંમરે પાટણમાં થયેલી ચાતુર્માસ આરાધના વખતે પૂ. પંન્યાસજી મહારાજે કેશુને સૌ પ્રથમ નવકાર મંત્રનું જ્ઞાન આપી દીધું. ૧૩ વર્ષની બાળવયે લોનાવાલામાં આનંદ ઉત્સાહપૂર્વક એમની દીક્ષા થઈ અને 'કેશુ'ના હુલામણા નામથી ઓળખાતા શ્રી વર્ધમાનકુમારનું નામ પડયું 'મુનિશ્રી વજસેન વિજયજી મહારાજ...

આચાર્યશ્રી કુંદ કુંદ વિજયજી મહારાજ સાહેબનાં શિષ્ય બનેલા શ્રી વજસેન વિજયજી મહારાજે આજીવન સમર્પણ,સેવાભકિત અને પરોપકારના વ્રતને નિભાવ્યું સાધુ જીવન જીવતી આ મહાન ચેતનાનાં સંસર્ગમાં કેટલાય પૂણ્યવાન રત્નોનાં જીવન ને જીવવાની જડીબુટ્ટિ પ્રાપ્ત કરી હતી. **बहुजन सुखाय बहुजन हितायनां** પ્રમાણે પૂજયશ્રીનાં દરેક વચન અને દરેક નિર્ણયમાં પરોપકાર અને પરગજુતા છલકતી જોઈ શકાતી. અન્યની શારિરીક પીડા જોઈને, તેમનું કોમળ હૃદય દ્રવી ઉઠતું અને એમની આ કરૂણા તેના દરેક કાર્યોમાં નરી આંખે જોઈ શકાતી. અનુકંપા અને વૈયાવચ્ચ માટે જ પૂજયશ્રીની રાહબરી હેઠળ પાલિતાણામાં કસ્તુરધામ અને અમદાવાદમાં મૈત્રી વાત્સલ્યધામનું નિર્માણ કરવામાં આવ્યું. જે વિહાર ન કરી શકતા સાધુ-સાધ્વીજીઓ માટે વરદાન સાબિત થયું. હાલારનાં ઈતિહાસમાં તપગચ્છમાં સૌ પ્રથમ દિક્ષિત થનાર પરમ પૂજય કુંદ કુંદ વિજયજી મહારાજ સાહેબ તો નાની ઉંમરમાં તપગચ્છમાં દિક્ષિત થનાર હતા શ્રી કેશુ-વર્ધમાનકુમાર અર્થાત શ્રી વજસેન વિજયજી મહારાજ.

૧૯૫૮માં શ્રી માણેકભાઈએ દીક્ષા લીધી અને પૂજય મુનિરાજ થયા, જેને હાલારનાં બાવન ગામોમાં એમના ઉમદા કાર્યોનો ડંકો વગાડયો. તેઓએ હાલારતીર્થમાં આરાધના ધામ માટે શ્રી વાઘજીભાઈને પ્રેરણા આપીને એ તીર્થધામનો અદભૂત વિકાસ કરાવ્યો. દુષ્કાળના વર્ષોમાં હાલારી વિશા ઓશવાળ પાંજરાપોળની સ્થાપના પણ કરવામાં આવી જેના દ્વારાઆપણે કહી શકીએ કે દિક્ષિત થયેલા એક જ પરિવારના ત્રણ-ત્રણ પૂજયશ્રીઓ જૈનધર્મનાં અનુશાસન પૂર્વક અનુકંપા અને જીવદયાની નેમ લઈને જ આગળ વધ્યા હતા. આ પાંજરાપોળ ની ખ્યાતિ હાલારનાં સીમાડાઓને છોડીને છેક દિલ્હીનાં સંસદભવન સુધી ફેલાયેલી હતી. અબોલ જીવો તરફની આ દયાભાવના માં થી સ્થપાયેલી આ પાંજરાપોળની મુલાકાતે દેશનાં ભૂતપૂર્વ વડાપ્રધાનશ્રી સ્વ. રાજીવગાંધી પણ પધાર્યા હતા. જે સમગ્ર હાલાર માટે ગૌરવની વાત કહેવાય. આરાધનાધામમાં જ મુકતાવાત્સલ્યધામમાં ઉમદા સગવડ સાથે વયોવૃધ્ધ લોકો નિવાસ કરે છે એ પણ પૂજયશ્રી નાં દીર્ઘ દષ્ટિકોણને આભારી છે. પૂજય શ્રી વજસેન વિજયજી મહારાજ સાહેબ ને નિયમ પ્રમાણે આચાર્યપદ પણ મળી શકે તેમ હતું. પરંતુ પોતે જળકમળવત રહીને આ પદનો સવિનય અને સહર્ષ અસ્વીકાર કર્યો હતો અને આ પદ માટે આચાર્યશ્રી હેમપ્રભ મહારાજ સાહેબનું આચાર્યપદ માટે ચયન કર્યું હતું. આ આખી ઘટના પૂજયશ્રીનાં ભાવમાં રહેલી ઉદારતા અને નિરપેક્ષતાનાં આપણને સૌને દર્શનકરાવે છે.

સંવત ૧૯૯૮ નાં જેઠ સુદ - ૨નાં શુભ દિવસે આ ધરતી પર ભગવાન મહાવીરનો જીવન સંદેશ લઈને અવતરિત થયેલ પૂજયશ્રી વજસેન વિજયજી મહારાજ સાહેબ સંવત ૨૦૭૭ જેઠ વદ, ૧૧ ને સોમવારનાં રોજ કાળધર્મ પામીને આપણા સૌ વચ્ચેથી વિદાય પામ્યા. એ દિવસે આકાશમાં કદી અસ્ત ન થાય એવા એક તારાનું ઈશ્વરે સર્જન કર્યું હશે.

આવો, તમે હું અને આપણે સૌ પૂજયશ્રીનાં વિચારોમાં આજીવન રહેલી જીવમૈત્રી પૂર્વકની જીવદયા, અનુકંપા અને વૈયાવચ્ચને આપણા જીવનમાં ઉતારીને એમને સાચી શ્રધ્ધાંજલિ આપીએ.

From the Desk of Publisher
**Ramniklal K. Shah**



# Gem of Hallar - Pujya Shree Vajrasen Vijayji Maharaj Saheb

I begin with a quote from Shri Alaya Iqbal,which says,

हमारी साल नर्गिस अपनी बेनूरी पे रोती है,
बडी मुश्किल से होता है चयन में दिदवर पैदा ।

i.e after a long wait the world is being blessed with some rare reincarnations of illustrious personalities.

One such divine consciousness is the "Halari Visha Oswal samaj's Halar's 52 village's most interior village Mota Mandha's oceanic pearl.

Shri Vardhman Kumar was the divine child of Shri Manekbhai Punjabhai Nodhabhai Khimasiya and Ratnakukshi Matoshri Jiviben. Shri Vardhman Kumar had a very auspicious birth, being born at the same time when the elder son of Punja-Nondha Khimasia family – Shri Keshavjibhai had taken Diksha. In memory of Shri Keshavjibhai, the nick name 'Keshu' was given to Shri Vardhmanji. As an endorsement to the Gujarati proverb ,'Putra na lakshan Parnama' the child Keshu was endowed with all the traits of 'Jivdaya', 'Anukampa' and 'Vaiyavachh'.

Since his early childhood Shri Keshavji had a divine inclination. When he was one and a half years old he went on a pilgrimage to Shri Shatrunjay mahatirth. At the age of three he was given the mantra Diksha of Navkar Mantra by Pujya Panyashji Maharaj during Chaturmas Aradhana at Patan. At the age of 13 Shri Vardhmanji's diksha was celebrated with great pomp and show. Today, the child Keshu – Shri Vardhman Kumar is known as Muni Shri VajrasenVijayji Maharaj.

Shri Vajrasen Vijayji maharaj is the first disciple of Acharya shri Kund Kund Vijayji Maharaj Saheb and lives an exemplary life of 'Samarpan', 'Seva-bhakti' and 'Paropkar'.

Many great disciples have acquired the divine knowledge from this divine consciousness. Strongly believing in the concepts of 'Bahu jana sukhay- bahu jan hitay', Shri Keshavji lived by word and deed a life of paropkar and pargajuta'. His heart went out to all those who suffered any kind of pain.

Kashturdham of Palitana and Maitri Vatsalyadham of Ahmedabad were established to demonstrate compassion and Vaiyavachh (rhetoric),which was a great blessing to sadhu and Sadhvi who could not go on vihar.

In the history of Halar, the first dixarthi was Param Pujya Shri Kund Kund Vijayji Maharaj Saheb in Tapgachh, and the youngest Diksharathi in tapagachh was Shri Keshu-Vardhman Kumar - Shri. Vajrasen Vijayji Maharaj saheb.

In the year 1958 Shree Manekbhai had taken Deeksha and became pujya Muniraj, he motivated shri Vaghajibhai to create Aradhana Dham in Halar tirth.

During drought the 'Halari visa Oswal Panjarapol' was setup. Thus, all three pujya Shri's from one family had taken the oath to serve the society with compassion and love for all living beings.

The news of the work of the Halar Cattle farm reached New Delhi and former PM late Shri Rajiv Gandhi even visited the cattle farm and was moved by the compassion and selfless service to the stray cattle. At Aradhnadham is 'Mukta Vatsalyadham' for the elderly people complete with all facilities.

Maharaj Saheb could be appointed to the post of Acharya but he very humbly declined the post . so, Acharya shree Hemprabh maharaj saheb was selected for the post of Acharya. This clearly shows the generosity and selflessness of Pujya shri.

Born with divine life lessons of Lord Mahavir's teachings, on Samvat 1998, Jyeshth Sud 2nd, auspicious day- Pujya shri Vajrasen Vijayji Maharaj Saheb left this material world on Samvat 2077 Jyesth vad 11, Monday. On this day the Lord may have created a never setting star in the sky.

Let us pay a tribute to Pujya Shri by imbibing all the lessons of compassion and Love for all living creatures.

# સંક્ષિપ્ત જીવન ઝાંખી

| | | |
|---|---|---|
| નામ | : | વર્ધમાન કુમાર |
| જન્મ | : | જેઠ સુદ-૨ સંવત ૧૯૯૮ |
| સ્થળ | : | આંબલા-હાલાર |
| પિતા | : | માણેકભાઈ પુંજાભાઈ નોંઘાભાઈ ખીમસીયા |
| રત્નકુક્ષી માતા | : | જીવીબેન |
| વ્યવહારિક અભ્યાસ | : | ૭ ધોરણ |
| દીક્ષા | : | વૈશાખ સુદ-૭ સંવત ૨૦૧૧ |
| દીક્ષાદાતા ગુરૂ | : | પૂજયપાદ પંન્યાસ શ્રીભદ્રંકર વિજયજીગણિ |
| સંસ્કારદાતા | : | પૂજયપાદ તપસ્વી મુનિરાજ શ્રી મહાભદ્રવિજયજી મહારાજ |
| ગુરૂમહારાજ | : | પૂજયપાદ મુનિવર્ય શ્રી કુંદ કુંદ વિજયજી મહારાજ પછી આચાર્યશ્રી |
| પિતા મુનિરાજ | : | પૂજયપાદ મુનિવર્ય શ્રીમહાસેનવિજયજીમહારાજ |
| દીક્ષા ઉંમર | : | ૧૩ વર્ષ |
| સ્થળ | : | લોનાવાલા(મહારાષ્ટ્ર) |
| વડીદીક્ષા | : | જેઠ સુદ ૫ - ૨૦૧૧ ભાયખલા |
| શિષ્યરત્નો | : | પૂજય મુનિશ્રી પુન્યસેન વિજયજી<br>પૂજય મુનિશ્રી દિવ્યસેન વિજયજી<br>પૂજય મુનિશ્રી ધન્યસેન વિજયજી<br>પૂજય મુનિશ્રી હેમહર્ષ વિજયજી |
| ગણિપદ | : | સં. ૨૦૪૪ માગસર સુદ-૭, હાલારતીર્થ |
| પંન્યાસપદ | : | સં. ૨૦૪૪ ફાગણવદ-૩, શંખેશ્વરતીર્થ |
| કાળધર્મ | : | સં ૨૦૭૭, જેઠ વદ ૧૧, સોમવાર,તા. ૦૫/૦૭/૨૦૨૧ |
| સ્થળ | : | ઓશવાળ કોલોની,જામનગર. |

# મીઠું મધુરૂં ટૂંકુ જીવન
# પૂજ્ય સાહેબજી....!


મુમુક્ષુ વર્ધમાન (કેશુ)

હાલારની ધન્ય ધરા પર, સિંહણ નદીના કિનારે, મોટા માંઢા નામના ગામમાં પુંજાભાઈ નોંઘાભાઈ ખીમસીયા પરિવારમાં છ પુત્રો અને એક પુત્રી હતા.

તેમાં ચોથા પુત્ર માણેકભાઈના લગ્ન આંબલા ગામના ગંગાબેન ધરમશીભાઈ કારાના પુત્રી જીવીબેન સાથે થયા.

ટૂંક સમયમાં માણેકભાઈના નાના ભાઈ કેશવજીભાઈએ પૂજ્ય પંન્યાસજી ભદ્રંકરવિજયજી મહારાજના ચરણોમાં પોતાનું જીવન સમર્પિત કર્યું.

નાના ભાઈને દીક્ષા અપાવી માણેકભાઈએ વિચાર્યું "મારે પણ કંઈક ત્યાગ કરવો જ જોઈએ ને?" તેવા સમયે માણેકભાઈની ૨૬ વર્ષની ઉંમર અને જીવીબેનની ૧૮ વર્ષની ઉંમર અને બાળક હજુ ગર્ભમાં હતો ત્યારે જ બંન્નેએ ગુરૂ મહારાજને વાત કરી અને ચતુર્થ વ્રત સ્વીકાર્યું.

માતા જીવીબેન પવિત્ર હતા. એમના મસ્તકમાંથી વાસક્ષેપ ઝરતો હતો પણ...... તેનું પ્રદર્શન નહિ.

પિતા માણેકભાઈ પણ પવિત્ર હતા. બંનેના વિચારો પણ પવિત્ર હતા. તે બધાની અસર ગર્ભમાં રહેલા સંતાન પર પડતી હતી.

સં. ૧૯૯૮ ના જેઠ સુદ – ૨ ના શુભ દિવસે કોઈ પણ પીડા વિના જીવીબેને સુંદર સ્વરૂપવાન પુત્રરત્નને જન્મ આપ્યો.

શુભ દિવસે નામકરણ થયું. રાશિ પ્રમાણે નામ આપ્યું "વર્ધમાન કુમાર...."

પણ...... નાનાભાઈ કેશવજીની દીક્ષાના બીજા જ મહિને આ પુત્ર થયો તેથી ભાઈની યાદ તાજી રાખવા બધાએ મળીને હુલામણું નામ આપ્યું "કેશવજી" (કેશુ).


બાળકની સાર સંભાળ ધર્મની આરાધના મુજબ થતી હતી તેથી બાળકમાં પણ સંસ્કાર સિંચન બાલ્યકાળથી થવા લાગ્યા.

નાનપણમાં શેરીમાં રમતા કોઈ છોકરાએ ખોટી ફરિયાદ કરી. તેથી માણેકભાઈ ગુસ્સે થયા. તેનાથી બચવા કેશુ બોલ્યો, "મેં ગાળ નથી દીધી..." તો ય તમાચો પડયો. 'ગાળ' શબ્દ પણ અપશબ્દ છે. એ પણ ન બોલાય.

દોઢ વર્ષની ઉંમરે શ્રી શત્રુંજય મહાતીર્થની યાત્રા કરાવી.

પૂજય ગુરૂમહારાજ પંન્યાસજી, મહારાજની નિશ્રામાં માલેગાંવથી માંડવગઢનો સંઘ નીકળ્યો. તેમાં માણેકભાઈ–જીવીબેન અને બાળ કેશુ પણ હતા. માણેકભાઈએ સંઘમાં પધારેલા સાધર્મિકોનું સોનાની ગીનીથી સંઘપૂજન કર્યું. સંઘ કાઢનાર સંઘપતિના ખર્ચથી દોઢો ખર્ચ આ સંઘપૂજનમાં થયો.

કેશુ હજી બે વર્ષનો થયો ત્યારથી રાત્રે દૂધ આપવાનું બંધ કર્યું. દેવલોકના દિવ્યભોગોથી તૃપ્ત આ આત્માને એનાથી આનંદ જ થયો. એટલે.... રાત્રિભોજન ત્યાગનો નિયમ પૂજયશ્રીએ બે વર્ષની ઉંમરથી ૮૦ વર્ષની ઉંમર સુધી પાળ્યો.


સૌમ્યમુખી પૂજ્યશ્રી

### ઘાત એક આવી......!

બાળ કેશુ ઘરમાં કાકાના દીકરાઓ સાથે રમતો હતો. ઉકાળેલા પાણીનો

Continue on page 08

Continue from page 07

તપેલો નીચે ઉતરેલ હતો, અને ત્યાંથી અઢી વર્ષનો કેશુ નિકળતો હતો ત્યાં જ..... કંઈક ધક્કો લાગ્યો કે, ઠેસ આવી ને કેશુ ધગધગતા ગરમ પાણીના તપેલામાં પડી ગયો. જેમ કોઈ શાક બફાઈ જાય તેમ થોડીવારમાં તો ભયંકર સ્થિતિ થઈ ગઈ. પણ.... હજુ આયુષ્યકર્મ જોરદાર કે બચી ગયો. પણ.... તે વખતે બચપણમાં શરીરની આ સ્થિતિ થતાં શરીરમાં પિત્ત વધી ગયું, જે પિત્તનો પ્રકોપ ૨૫ વર્ષ માથાની પીડારૂપે રહયો.



લાક્ષણિક મુદ્રામાં પૂજ્યશ્રી

પૂજયશ્રી ત્રણ વર્ષના થયા ત્યારે પૂજય પંન્યાસજી મહારાજનું ચાતુર્માસ પાટણ - ફોફલીયાવાડામાં હતું. માણેકભાઈ ત્યાં એક ઘર રાખીને ચાતુર્માસની આરાધના માટે રહ્યા. જીવીબેન ત્રણ વર્ષના કેશુને પૂજયશ્રીની સામે બેસાડી આવે તો એ એમને એમ શાંત બેસી રહે અને બે - ચાર કલાકે પાછો લઈ જાય.

એ ચાતુર્માસમાં પૂજય પંન્યાસજી મહારાજે બાળ કેશુને 'નવકાર મંત્ર' આપ્યો.

એ જ ચાતુર્માસમાં માણેકભાઈ - જીવીબેને નાણ સમક્ષ ગુરૂમહારાજના મુખે ચોથું વ્રત લીધું. તે વખતે પાટણમાં ૧૦૦ જેટલા ચતુર્થ વ્રતધારી હતા. તેમનું શ્રીફળ તથા સોનાની ગીનીથી બહુમાન કર્યું. આવા દાનવીર પિતાના દાનના અને ભકિતના સંસ્કાર પૂજયશ્રીમાં પણ ઉતર્યા.

પાટણના ચાતુર્માસ બાદ મોટામાંઢા આવ્યા. પણ.. હવે પૂજા વગર તો એક દિવસ પણ ન ચાલે. બાળકના સંસ્કારો માટે શું કરવું? તે સમયે દાતા ગામમાં ધાતુનાં પ્રતિમાજી હતા. ત્યાં પૂજા કરવા જતા, રોજ આવવું જવું બરાબર ન લાગ્યું. એટલે દાતામાં જ ઘર લીધું અને ત્યાં રહેવા ચાલ્યા ગયા.

બાળ કેશુને ધાર્મિક ભણાવે કોણ? આ વિચાર કરીને પૂજય ગુરૂદેવને વિનંતી કરીને વાગડ સમુદાયના પૂજય ભુવનશ્રીજી મહારાજ આદિ ઠાણા-૩નું ચાતુર્માસ દાતા ગામમાં કરાવ્યું. બાલ કેશુએ સાધ્વીજી મહારાજ પાસે પ્રતિક્રમણના સૂત્રો ગોખ્યા.

સં. ૨૦૦૩માં પૂજય પંન્યાસજી મહારાજ વિશાળ સમુદાય સાથે પાલિતાણા ચાતુર્માસાર્થે રહેલા. ત્યાં માણેકભાઈ, જીવીબેન અને બાળ કેશુ સાથે આરાધના કરવા પહોંચી ગયા અને રસોડું ખોલીને રહ્યા. ત્યારે સવારથી સાંજ સુધી સાધર્મિકોની સાથે સાધુ - સાધ્વીજી ભગવંતોની ખુબ ભકિત કરી.

છ વર્ષની વયે કેશુ પાટલે બેસીને વહોરાવે. તે પણ જરાય ઢોળાય નહિ એ જ રીતે વહોરાવે. એમાં જ એને આનંદ આવતો. પૂજા કરી આવે, વંદન કરી આવે અને પહેલેથી જ પાટલે બેસી જાય.

પૂજય પંન્યાસ વજસેનવિજયજી મહારાજ ઘણીવાર કહેતા કે ...... મને વહોરાવવાનું એ દશ્ય હજુ નજર સામે તરવરે છે. હું એવી રીતે વહોરાવતો અને એટલો આનંદ આવતો કે.... મને રમવાનું કે રખડવાનું તો ગમતું જ નહિ. બસ.....! આપવાનું જ મન થાય.

વૈરાગ્ય દઢ હોવાથી સંસારના કારમા પ્રસંગો જોતા માણેકભાઈને થયું કે..... 'હું તો સંસારમાં પડ્યો પણ..... મારા આ બાળકને તો સંસારમાં પાડવો નથી.' તેથી સાત વર્ષની ઉંમરે પૂજય પંન્યાસજી મહારાજ પાસે પોતાના પુત્રને એમના ભાણેજ મેઘજીભાઈ સાથે અમદાવાદ મોકલ્યા.

કેશવજી બાર વર્ષનો થયો ત્યારે પિતા માણેકભાઈએ કહયું.... બેટા...! કેશુ.....! 'હવે મુહુર્ત કઢાવીને જ આવજે.'

પૂજય પંન્યાસજી મહારાજે મુહુર્ત માટે પરમ પૂજય આચાર્ય દેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ પાસે મોકલ્યા. અને દિવસ આવ્યો વૈશાખ સુદ - ૭. દિક્ષાનું સ્થળ આવ્યું લોનાવાલા. આનંદ - ઉલ્લાસ પૂર્વક ૧૩ વર્ષની ઉંમરે દીક્ષા થઈ. નામ પડયું...... 'મુનિ શ્રી વજસેનવિજયજી મહારાજ' અને શિષ્ય બન્યા.... મુનિ શ્રી કુંદકુંદવિજયજી મહારાજ સાહેબના.

Continue on page 09

Continue from page 08



પ્રસન્નતાનો પર્યાય

દીક્ષા પછી દોઢ-બે વર્ષે ગુરૂદેવે કહયું કે... વજ્રસેન...! તારે મુનિશ્રી મહાભદ્રવિજયજી મહારાજ પાસે રહેવાનું છે. ત્યારે કોઈ પણ વિચાર કર્યા વગર સમર્પણ ભાવથી ગુરૂદેવનું વચન સ્વીકારી લીધું.

પૂજય પંન્યાસજી મહારાજે આઠ વર્ષ પૂ. મહાભદ્રવિજયજી મહારાજ પાસે રાખીને પછી પોતાની પાસે બોલાવી લીધા અને છેલ્લા પંદર વર્ષ પોતાની સાથે જ રાખ્યા.

પં. વજ્રસેનવિજયજી મહારાજે પણ પંદર વર્ષ પૂજય પંન્યાસજી ભગવંતની જબ્બર સેવા-ભકિત કરી.

પર્વતની બાજુમાં ખાઈ હોય જ છે એમ પૂજયશ્રીનાં જીવનમાં પર્વત જેવી અશાતા વેદનીયની કર્મસતા હતી તો બાજુમાં જ. બીજા જીવોના હિતનો વિચાર અને પરોપકારની ભાવના એટલી ગહેરી હતી કે... સમાધિની ખળખળ વહેતી નદી જેવી સમાધિ અને પ્રસન્નતા પૂજયશ્રીના મુખારવિંદને દેદીપ્યમાન બનાવતી હતી.

પૂજયશ્રીને મરણાંત વેદનાઓમાં પણ દેવ-ગુરૂની કૃપાથી સહાયક મળી જ જતા.

ગરમ પાણીમાં પડયા તો અચાનક માતાની નજર પડી. માતાના સતીત્વે બચાવ્યા અને ગામડાના વૈદ્યે તેલ માલિશ અને ઠંડા લેપ દ્વારા સ્વસ્થ કર્યા.

ત્યારબાદ Small – Pox = અછબડા વખતે અચાનક ડોકટરો આવ્યા અને એનીમા આપીને મળ નીકળતા સ્વસ્થ કર્યા.

તે પછી પેમ્ફીગસ વલ્ગારીસ = પિતનો પ્રકોપ, તે વખતે ડો. આચાર્ય મળ્યા.

વળી, બોટાદમાં ગાયે પછાડયા ત્યારે ડો. છાયાએ સંપૂર્ણ જવાબદારી લીધી.

પાલિતાણા - કસ્તુરધામ - નિલમવિહાર મધ્યે પોણા છ વાગ્યે હાર્ટ એટેક = હાર્ટ બંધ અને રાત્રે અઢી વાગ્યે રાજકોટમાં રહેલા હાર્ટ સર્જન ડો. સંજય જૈનને અંદરથી થયું કે... હું પાલિતાણા જાઉં. ત્યાં પૂ. પંન્યાસજી વજ્રસેનવિજયજી મહારાજને મળું અને તેઓ ૭.૩૦ વાગ્યા આસપાસ આવી ગયા અને તરત નિર્ણય લેવાઈ ગયો, એન્જોપ્લાસ્ટ થતાં પૂજયશ્રી નોર્મલ થઈ ગયા.

મેમરી લોસ અને સ્પાઇનલકોર્ડમાં બારમો મણકો ડેમેજ થયો ત્યારે અમદાવાદમાં ડો. સુધીરભાઈ શાહ મળી ગયા.

પીંડવાડામાં ચાતુર્માસ વખતે અચાનક પૂજયશ્રીને 'ફૂડ પોઈઝન' થયું. તે વખતે સિરોહીના ડોકટરો મળી ગયા અને પૂજયશ્રી સ્વસ્થ થઈ ગયા.

**સાહેબનો પરાકાષ્ઠાનો વૈયાવચ્ચ નો ગુણ.......**

અન્ય સમુદાયના ૮૦થી વધુ ઉંમરના મહાત્માને સેવાભાવથી સ્વીકાર્યા. મહાત્માઓ ખૂબ સુંદર સેવા કરતા હતા. પણ.... એક દિવસ વૃધ્ધ મહાત્માએ કંઈક જીદ કરી. પૂજયશ્રીએ તેમને સમજાવ્યું કે.... આવું કરીએ તો નાના મહાત્માઓ કેવી રીતે સાચવે? વૃધ્ધ મહાત્માને દુ:ખ લાગ્યું. ઉપવાસ પર ઉતર્યા. ૧૩ ઉપવાસ થયા. છેવટ.... હેમપ્રભ વિ. મ. એ તેમને સહજ પ્રિય ખાટી કઢીની વાત કરી મનાવીને પારણું કરાવ્યું, ત્યારે પૂજયશ્રીને શાંતિ થઈ.

પૂજયશ્રીની દીક્ષાનું બીજું જ વર્ષ. જામનગર - શાંતિભુવનમાં વૃજલાલ ઉપાધ્યાય નામના પંડિતજી ભણાવતા. પહેલા ગામડાના અભ્યાસને કારણે તોતડાતા. પણ.... પંડિતજીની કૃપા વરસી. જીભ ચોકૂખી થઈ ગઈ. ત્યારથી માંડીને છેલ્લી જીંદગી સુધી સાહેબ ચોકૂખું બોલતા. પક્ખીસુત્ર તો માત્ર ૧૨ મિનિટમાં. પણ.... એકદમ સ્પષ્ટ - મધુર ઉચ્ચારથી બોલી શકતા.

પૂજયશ્રી ઘણીવાર કહેતા કે.... આ ઉપકાર વજુભાઈ પંડીતજીનો. આખી જીંદગી પંડીતજીને સાચવ્યા. એક જ ચાતુર્માસ ભણ્યા અને આખી જીંદગી સાચવ્યા. આવા કૃતજ્ઞતાના હિમાલય પર્વત હતા પૂજયશ્રી...!!

Continue on page 10

Continue from page 09



નિજાનંદી પૂજ્યશ્રી

પોરબંદરના ચાતુર્માસમાં ત્રણ વૃધ્ધ મહાત્માઓને ઝાડાની તકલીફ રહી. એમાં રાત્રે એવું બનતું કે...... એક નું પૂરૂં થાય ત્યાં બીજાનું અને બીજાનું પુરૂં થાય ત્યાં ત્રીજાનું.... ત્યારે પૂજયશ્રી સતત જાગતા બેઠા હોય અને કહેતા કે..... "હેમપ્રભ મ....! થાકતા નહિ, કમાણીનો અવસર છે"

આમ, પ્રોત્સાહન આપી મહાત્માઓનો ઉત્સાહ ટકાવતા.

ડીસાના ચાતુર્માસમાં પૂજયશ્રીની મેમરી લોસ થયેલી, તે વખતે હેમપ્રભસુરિજી મહારાજે સાહેબને વાત કરી કે.... " ૮૫ વર્ષથી વધારે ઉંમરના મહાત્મા છે. નામ વિમલરક્ષિતવિજયજી મહારાજ. સેવા કરનાર કોઈ નથી તો શું કરશું?"

પૂજયશ્રીએ તરત કહયું કે..... " રાહ શું જોવાની? સાચવવાના જ હોય ને?"

પૂજયશ્રી વાત - વાતમાં કોઈ પણ શ્રમણ - શ્રમણી પાસેથી જાણી લેતા કે કોઈ દવા ચાલતી હોય તો એ જલ્દી મંગાવી, આપીને પછી મગજમાં નોંધી લે કે .... દર મહિને એ મહાત્માને કે સાધ્વીજી ભગવંતને દવા સમયસર પહોંચી જાય. આ કામ હમણાં પણ ચાલુ છે.

ત્રીસેક વર્ષ પહેલા એક સાધ્વીજી મહારાજે પૂજયશ્રી પાસે લંડનની દવા મંગાવી. આજે વાત થઈ અને પરમ દિવસે તો દવા સાધ્વીજી મ. સા. ના હાથમાં. એમાં એવું બન્યું..... થોડીવાર પહેલા જ લંડનથી ફોન હતો, અમે આવતી કાલે ભારત આવવા નીકળીએ છીએ, કાંઈ કામ-કાજ હોય તો જણાવો. એટલે પૂજયશ્રીએ દવાનું જણાવ્યું અને સાથે કહ્યું.... તમે અમદાવાદ ઉતરવાના છો તો અમદાવાદના અમુક ઉપાશ્રયમાં દવા આપતા આવજો. લંડનથી ત્રીજે જ દિવસે દવા મળી ગઈ. સાધ્વીજી મહારાજ આશ્ચર્ય ચકિત થઈ ગયા. આને કહી શકાય "સિદ્ધિનો વિનિયોગ...!!!"

એક આચાર્ય ભગવંતને એમના ભકતે આગ્રહ પૂર્વક તે સમયે વધુ પડતી કિંમતી કામળી વહોરાવી. તે આચાર્ય ભગવંતને વિચાર આવ્યો.... આવું ઉત્તમ ઉપકરણ ઉત્તમ મહાત્માને આપવું. તેમણે સાહેબજીને મોકલી. પૂજયશ્રીને થયું હું આનો લાભ લઉં. તેટલામાં એક વૃધ્ધ સાધ્વીજી ભગવંતે વાત-વાતમાં કહયું.... " સાહેબજી....! ઠંડીમાં થોડી શાતા રહે તેવી અને વજનમાં હલકી કોઈ કામળી હોય તો... "પૂજયશ્રીએ તરતજ તે કામળી આપી દીધી.

આવી જબ્બર ઉદારતા હતી પૂજયશ્રીમાં....!

પોતાના ગુરૂભાઈ હેમપ્રભ વિ. મ. ની દીક્ષાતિથિ અને દાદા આદિનાથની વર્ષગાંઠનો દિવસ વૈશાખ વદ ૬. ગિરિરાજની યાત્રા કરવા મહારાષ્ટ્ર ભુવનમાંથી નીકળ્યા. લુણાવા ભવન પાસે એક સાધ્વીજી મહારાજે કહયું.....

"સાહેબજી....! અહિં એક સાધુ ભગવંતની સીરીયસ કંડીશન છે. આપ પધારોને?"

બંને મહાત્માઓ તરત લુણાવા મંગલ ભુવનમાં જઈને સાધુ ભગવંતને અંતિમ નિર્યામણા કરાવી. બે કલાકે મહાત્માએ સંપૂર્ણ સમાધિપૂર્વક દેહ છોડયો. તે પછી ઉત્તરકાર્ય કર્યું. વૈશાખ મહિનો... ભયંકર ગરમી... તેથી હવે ગિરિરાજની યાત્રા શકય ન હતી. દીક્ષાતિથિના દિવસે દાદાના દર્શન ન થયા. એનો કોઈ અફસોસ નહિ, મહાત્માને સમાધિ આપ્યાનો પૂર્ણ સંતોષ હતો.

ગિરિવિહારમાં વૃધ્ધ સાધ્વીજીમ. ની જેમ વૃધ્ધ સાધુ ભગવંતોને પણ સ્થિરતા કરવાની વ્યવસ્થા હતી. જયારે પૂજયશ્રી પાલિતાણા જાય, વૃધ્ધ શ્રમણ ભગવંતો પાસે જાય જ. કાપ કઢાવે, પાત્રા વિગેરે.... જોઈતા નવા લાવી આપે અને વળી ભકિતનો લાભ મળ્યાનો આનંદ માણે.

પિતાએ દીક્ષા તો લીધી પણ... વૃધ્ધ અને સ્વભાવની વિચિત્રતા. કોણ સાચવશે? એવી ચિંતામાં બે શ્રમણી ભગવંતો

Continue on page 11

Continue from page 10



પ્રવચન આપતાં પૂજ્યશ્રી

પૂજ્યશ્રી પાસે આવ્યા. વાત સાંભળતા ખ્યાલ આવ્યો કે એમને સાચવવા સહેલા નથી. હેમપ્રભ મહારાજને પૂછ્યું.... શું કરશું? હેમપ્રભમહારાજ બોલ્યા કે... આપણા પિતા મહારાજ હોય તો આપણે શું કરીએ? હેમપ્રભ મ. આ કાર્યમાં સવાયા. એમણે પૂજ્યશ્રીની વાતને માત્ર સ્વીકારી જ નહિ... ૭ - ૭ વર્ષ એ મહાત્માને નાના બાળકની જેમ સાચવી સંપૂર્ણ સમાધિ આપી.

ચાલુ વિહાર.... શંખેશ્વર પહોંચવાનુ હતું. કારણ કે પૂજ્યશ્રીની પોતાની પદવી હતી. દિવસો ગણત્રીના જ હતા. સુરેન્દ્રનગરથી નીકળ્યા. મોઢવણ મુકામ કર્યો. ત્યાંથી બજાણા જવાનું હતું. વચ્ચે ખેરવા આવ્યું. ખબર પડી કે... ગામમાં બે મહાત્મા છે. એક વૃધ્ધ... બીજા પડી ગયા તેથી પીડાથી કણસે છે. આગળ બજાણા જવાનું હતું. છતાં વિહાર સ્થગિત કરી ગામમાં ગયા. જોરદાર પછડાટના કારણે મહાત્માને પાંસળીમાં ફ્રેકચર આવ્યું હતું.

આજથી ૩૩ વર્ષ પહેલા પૂજ્યશ્રીએ શ્રાવકો દ્વારા બધી વ્યવસ્થા કરાવી મહાત્માને સુરેન્દ્રનગર હોસ્પિટલમાં પહોંચાડ્યા. આ બધુ કરવામાં મોડું થવા છતાં પોતાનો વિચાર કર્યા વગર મહાત્માની સમાધિને જ મુખ્ય બનાવી.

## પૂજ્યશ્રીના અંતિમ દિવસોમાં બનેલી એક ઘટના છે...

દીક્ષા પ્રસંગ ચાલુ હતો. એક બેન બહારગામથી આવેલા. બે દિવસ રહ્યા પછી ઘરે જવાના હતા. પૂજ્યશ્રી પાસે લાભ આપવા વિનંતી કરી. તે જ વખતે એક ભાઈએ આવીને પોતાની તકલીફ જણાવી. સાહેબે પોતાને કાંઈ ખપ ન હોવાનું જણાવ્યું પણ... કહયું કે, તમારા ઘરે પહોંચવાના ભાડાના અને નાસ્તાના રાખીને બીજા આપી દેજો. બેને એ પ્રમાણે કર્યું. ભાઈ ખુશ થઈ ગયા.

એકવાર ઓશવાળ યાત્રિક ગૃહમાં પુજયશ્રી હેમપ્રભવિજયજી મહારાજ આદિ સાથે બિરાજમાન હતા. ત્યારે સાધ્વીજી ભગવંતો વંદન કરવા આવતા. તેમાં એક સો વર્ષની ઉંમરના, એક જીભના કેન્સરના વ્યાધિગ્રસ્ત, બીજા પણ વૃધ્ધ સાધ્વીજી મ. બધાને કાયમ કયાં રહેવું એ પ્રશ્ન.

તે સાંભળીને પૂજયશ્રીનું હ્દય દ્રવી ઉઠયું. હેમપ્રભ મહારાજને કહયું... આપણે કાંઈક કરીએ. આ વાત વિચારતા હતા ત્યાં જ એક બેન આવ્યા, " મહારાજ સાહેબ...! ચોમાસાનો પાસ મળશે?" પાસ તો પૂરા. તેથી ના પાડી. પેલા બેને ખૂબ દર્દભર્યો નિઃસાસો નાંખ્યો. "હે ભગવાન...! હવે કયાં જઈશ?"

કારણ પુછતા તે બહેને પોતાનો ચામડી સહિત ઉખેડેલો ચોટલો બતાવતા કહયું..." આ મારા દીકરાનું કામ છે. મને ચોટલો ખેંચી બહાર કાઢી છે. કહયું છે... ચોમાસાના ચાર મહિના તો ઘરમાં નહિ જ રાખું. હવે શું કરૂં?

એ સમયે તો સાધ્વીજી ભગવંતો તથા આ શ્રાવિકા બેનની વ્યવસ્થા કરાવી જ દીધી પણ.... આ વ્યથામાંથી ઉદ્દભવ થયો કસ્તુરધામનો...!

તેવી જ રીતે અમદાવાદમાં બિમાર સાધુ-સાધ્વીજી ભગવંતોને હોસ્પીટલમાંથી રજા મળ્યા પછી સ્થિરતા માટેનું સ્થાન ન હોવાથી 'મૈત્રી વાત્સલ્યધામ' નું અમદાવાદમાં નિર્માણ થયું. કોરોનામાં 'મૈત્રી વાત્સલ્યધામ' સાધ્વીજી ભગવંત માટે સ્વસ્થતા – સમાધિનું સ્થાન બની રહયું.

## કરૂણાથી ભરેલા પૂજયશ્રીમાં નમ્રતા પણ કેવી ગજબની...!

પરમ પૂજય ગચ્છાધિપતિ આચાર્ય દેવ શ્રીમદ્ વિજય મહોદયસૂરિશ્વરજી મહારાજ, આ. હેમભુષણસૂરિશ્વરજી મહારાજ, આ. મહાબલસૂરિજી મહારાજે પૂજયશ્રીને આચાર્ય પદવી આપવા માટે ખૂબ આગ્રહ કર્યો પણ... પૂજયશ્રી મક્કમ રહયા

Continue on page 12

Continue from page 11

અને કહયું... "પૂજય દાદા ગુરૂ મહારાજથી આગળ વધવાની મારી ભાવના નથી. મારી શકિત કે લાયકાત નથી." એમ કહી પૂજયોના દિલ જીતી લીધા.

સરળતાથી ગૃહસ્થોને કડવી પણ હિતકારી વાતો કહેવાનું સામર્થ્ય એમની પાસે હતું. એક શ્રાવકે પૂજયશ્રીને કહયું કે... હવે મેં મારી બધી સંપતિ દીકરાઓને સોંપી દીધી. ત્યારે સાહેબે કહયું... તમે અનુચિત કર્યુ છે. આજે દીકરાઓને માતા-પિતા પ્રત્યે આદર નથી. તમે પસ્તાશો.

એક સંઘમાં પૂજનમાં નિશ્રા આપવા ગયા. ત્યાં પૂજન કરાવનાર બહેનને કહયું કે... તમે તમારા સસરાને સાચવો, તો પૂજન લેખે લાગશે. આવું ચોખ્ખું કહી દેવા છતાં કોઈને દુઃખ ન લાગતું.

સંયમ ગુણ પણ એવો જોરદાર હતો કે... કોઈ નાના સાધ્વીજી ભગવંતની ફરિયાદ વડીલો કરે તો કહેતા... દીક્ષા આપો તો સતર વખત વિચાર કરીને આપો પણ... આપ્યા પછી એવા સાચવો કે.... તેને સંસાર યાદ ન આવે.

પૂજયશ્રી પોતાનું બોલેલું વચન પાળીને જ જંપતા.

પિંડવાડામાં તથા કોરોના હોવા છતાં જામનગર પાઠશાળા સંઘમાં ચાતુર્માસ માટે માત્ર પોતે વચન આપેલું હોવાથી મક્કમ રહયા.

પૂજયશ્રી કેવા પુન્યશાળી હતા કે... પરમ પૂજય આચાર્યદેવ શ્રીમદ્ પ્રેમસૂરીશ્વરજી મહારાજાએ તેમના ઘડતર માટે પત્રો દ્વારા પણ પ્રેરણા કરેલી.... તેની પંકિતઓ...

બાલ્યવયમાં પ્રભુનો સંયમમાર્ગ જે તું પામ્યો છે, તે તારી ભૂતકાલીન સુંદર આરાધનાનું પ્રતીક છે. પારલૌકિક જીવનને તેથી વધુ આરાધનામય બનાવવા માટે મળેલા સંયમજીવનને ખુબ જ વિકસાવજે. અભ્યાસમાં ખુબ જ કાળજી રાખજે.

તું વિનયગુણનો માલિક બનવા માટે ખુબ-ખુબ પ્રયત્ન કરજે. હાલારને દીપાવજે.

પરમ પૂજય પંન્યાસ પ્રવર શ્રી ભદ્રંકરવિજયજી મહારાજે પણ પૂજયશ્રીની યોગ્યતા જોઈ હતી. તેમના પત્રની પંકિતઓ.

સાધુધર્મના વિકાસ માટે જરૂરી સદગુણો જે જોઈએ તે તેનામાં (પૂજયશ્રીમાં) દેખાય છે. એકાદ સાધુ સાંગોપાંગ શુદ્ધ સાધુત્વને દીપાવે તેવો ઉત્પન્ન થવાની અને તૈયાર થવાની જરૂર છે. એ રીતે વિશાળ દષ્ટિથી વજસેનનો ઉછેર તથા તેની કેળવણી થવાની જરૂર છે.

તે બંને પૂજયોના આશીર્વચનો પુર્ણપણે ફળીભૂત થયા છે.

પૂજયશ્રીના પ્રવચનો ખુબ સાત્વિક... તાત્વિક.... પણ બધાજ સમજી શકે તેવા સરળ હતા. મૈત્ર્યાદિ ચાર ભાવના એમના વચનમાં હંમેશ રહેતી. તથા પાલનમાં અનુભવાતી.

પૂજયશ્રીએ પૂજય પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી મહારાજને વચન આપેલું.... વૃધ્ધોને સાચવવાનું...!

પૂજયશ્રીનું સદભાગ્ય પણ કેવું જોરદાર કે... પોતાની શારિરીક શકિત નહિ પણ એમને ગુરૂભાઈ પૂ. હેમપ્રભવિ.મ. મળી ગયા. આ બંને ગુરૂભાઈઓએ મળીને ૨૨ જેટલા વૃધ્ધ મહાત્માઓની સેવા કરી, અંતિમ નિર્યામણા કરાવી સંપૂર્ણ સમાધિ આપી.

પૂજયશ્રી લગભગ રોજ દોઢેક હજાર જેટલી ગાથાઓનો સ્વાધ્યાય, રોજ અગ્યાર બાંધી નવકારવાળી તથા બીજો પણ ઘણો જાપ દિવસ દરમ્યાન કરતા હતા.

તથા જીવન દરમ્યાન પુસ્તક સંપાદનનું પણ ખુબ કામ કર્યું. જેમ કે.... ઉત્તરાધ્યયન સુત્ર મૂળ, ધર્મચિંતન, ધર્મ અનુપ્રેક્ષા, સુલભ ચરિત્રાણિ, નવપદ આરાધનાવિધિ વગેરે.... લગભગ ૨૫ જેટલા ગ્રંથો. કેટલાક ગ્રંથોનો અનુવાદ કર્યો, કેટલાય ગ્રંથો પ્રકાશિત કર્યા. છેલ્લે ઉપમિતિ ભવપ્રપંચા ગ્રંથનું સંમાર્જન કરી હેમપ્રભ વિ. મ. ને સમર્પિત કર્યો.

પૂજયશ્રીની પ્રેરણાથી ૩૪ અંજનશલાકા પ્રતિષ્ઠા, ૨૬ દીક્ષા, ૧૩ ઉપધાન, ૧૪ નવપદજીની ઓળી, ૨૧ જીર્ણોધ્ધાર, ૨૬ ઉપાશ્રય, ૨૨ પદપ્રદાન, ૪ સંઘ, ૨૮ સાધુ-સાધ્વીજીને નિર્યામણા, અંતરના આશિષથી સંયમી બનેલા ૪૦ મહાત્માઓ, ૬ ગરૂમૂર્તિ પ્રતિષ્ઠા, ૭ વર્ધમાન તપની ૧૦૦ ઓળીના પારણા, ૩ ,૨૦૦ ઓળીના પારણા અને ૧, ૨૫૦ ઓળીનું પારણું... વિગેરે આરાધના કરતા - કરાવતાં છેલ્લે જેઠ વદ - ૭ ના આરાધનાધામમાં ખુબ સ્વસ્થતાથી દીક્ષા પ્રસંગ પતાવી ત્યાંથી જામનગર તરફ વિહાર કર્યો ને ત્રણ દિવસની અસ્વસ્થતામાં મેટાબોલીક સીસ્ટમ ખોરવાઈ જતાં શરીરે સાથ છોડયો. આખી જિંદગી જે નવકાર મંત્ર ગણેલો તે નમસ્કાર મહામંત્રનો ચતુર્વિધ સંઘના મુખે શ્રવણ કરતાં - કરતાં સાહેબજીએ મર્ત્યલોકમાંથી વિદાય લીધી.

# સંસારી અવસ્થાનાં પ્રસંગો


વજ્ર હેમની જોડી

## ગર્ભમાં હતા ત્યારે...

જેવા પ્રકારનું બાળક ગર્ભમાં આવે એવી અંતઃપ્રેરણા માતા-પિતાને થતી હોય છે.

પૂ. પંન્યાસ વજ્રસેન વિજયજી મહારાજ જયારે ગર્ભમાં આવ્યા ત્યારે કેવી અદ્‌ભૂત ઘટના બની છે.

પૂજયશ્રીના પિતા માણેકભાઈ, માતા જીવીબેન, કાકા કેશુભાઈ (પૂ. કુંદકુંદ વિજયજી મહારાજ) કેશુભાઈને દીક્ષા લેવાની ભાવના પૂર્ણ કરવામાં માણેકભાઈએ ખૂબ સહાય કરી હતી અને નાનાભાઈને દીક્ષા અપાવીને ઈતિશ્રી ન માનતા.. માણેકભાઈએ વિચાર્યું, 'મારે પણ કંઈક ત્યાગ તો કરવો જ જોઈએ ને ?' અને માણેકભાઈએ એક અત્યંત પ્રશંસનીય નિર્ણય લીધો. એ નિર્ણય પોતે એકલા જ પાળી શકાય તેવો ન હતો. તે માટે ધર્મપત્ની જીવીબેનને જણાવ્યું. હજુ તો ગર્ભમાં બાળક છે. સંસાર સુખના દિવસો છે. ભરયુવાનીને ઉંબરે ઉભા છે. તેવા સમયે બ્રહ્મચર્ય વ્રત સ્વીકારવાના કોડ સેવાઈ રહ્યા છે. માણેકભાઈની ૨૬ વર્ષની ઉંમર અને જીવીબેનને ૧૮ વર્ષની ઉંમર. આ ઉંમરે જગતમાં દીપક સમું બ્રહ્મચર્ય વ્રત સ્વીકારવા બંને તૈયાર થયા. પૂજય ગુરૂ મહારાજને વાત કરી અને ચતુર્થવ્રત સ્વીકાર્યું.

બ્રહ્મચર્ય વ્રતના પ્રભાવથી ઉત્તમતા અને પવિત્રતાના પ્રભાવથી જીવીબેનના માથામાંથી વાસક્ષેપ ઝરતો. આવો ચમત્કાર થવા છતાં જીવીબેનની મનઃસ્થિતિમાં કયાંય અભિમાનનો અંશ નહિં ઉલ્ટું વાસક્ષેપ ઝરવાની શરૂઆત થતાં તેઓ વધુ નમ્ર બનતા. કહી શકાય કે... માતાની આ પરાકાષ્ઠાની નમ્રતા પુત્રની રગેરગમાં વણાઈ ગઈ. પૂજયશ્રી પણ આખી જીંદગી નમ્ર બનીને રહ્યા. શાસન - પ્રભાવનામાં હિમાલય જેવી ઉંચાઈ મેળવ્યા પછી નમ્રતાની ટોચ પર ટકી રહેવું એ અચ્છેરૂ જ ગણાય ને.

## એક જનમ્યો શાસન સિતારો...

૧૯૯૮ના જેઠ સુદ - ૨ ના શુભ દિવસે કોઈપણ પીડા વિના જીવીબેને સુંદર સ્વરૂપવાન પુત્રરત્નને જન્મ આપ્યો. શુભ દિવસે નામકરણ થયું. રાશિ મુજબ નામ આપ્યું.. વર્ધમાન કુમાર.. પણ નાનાભાઈ કેશવજીના દીક્ષાના બીજે જ મહિને આ પુત્ર થયો. તેથી ભાઈની યાદ તાજી રાખવા.. દાદીમા - માંકાબેનની ઈચ્છાથી બધાએ મળીને હુલામણુ નામ રાખ્યુ કેશવજી - કેશુ.

બાળક કેશુના જીવનમાં સંસ્કારના બીજ વવાતા ગયા. ૧૯૯૮માં જન્મ થયો.૧ ॥ વર્ષની ઉંમરે શ્રી શત્રુંજય મહાતીર્થની યાત્રા કરાવી.

## પુત્રના લક્ષણ પારણામાં

યાદ આવે છે સં. ૨૦૦૧ની સાલ. જયારે અઢી વર્ષનો નાનકડો કેશુ (વર્ધમાન) રમતા - રમતા ઘરની ઓસરીમાં પીવા માટે તૈયાર કરેલા ઉકાળેલા ધગધગતા પાણીમાં પડી ગયો. પાણી અત્યંત ગરમ હોવાથી કોમળ કેશુની ચામડી બફાઈ ગઈ માત્ર ચામડી જ નહી સુકલકડી કાયામાં રહેલું માંસ પણ જાણે બફાઈ ગયું. માતા - પિતાને આશા જ ન રહી કે આટલો દાઝેલો બાળક બચે. આટલું દાઝવા છતાં પણ એક વિશેષતા કે પૂર્વભવની કોઈ જબ્બર સમતા - સમાધિના ભાવો લાવ્યો હશે

Continue on page 14


Continue from page 13

એટલે જરા પણ રડવાનું, ચીસો પાડવાની વાત જ નહીં. આવી સ્થિતિમાં સંપૂર્ણ સમતા જાળવી રાખેલી.

## દર્શનથી મુખડું મલકે..

પૂજ્યશ્રી ત્રણ વર્ષના થયા ત્યારે.. પૂજ્ય પંન્યાસજી મહારાજનું ચાતુર્માસ પાટણ - ફોફલીયા વાડામાં હતું. માણેકભાઈ ત્યાં એક ઘર રાખીને ચાતુર્માસની આરાધના માટે રહ્યા. જીવીબેન ત્રણ વર્ષના કેશુને પૂજ્યશ્રીની સામે બેસાડી આવે તો એ એમને એમ શાંત બેસી રહે. બે - ચાર કલાકે જીવીબેન આવીને લઈ જાય એટલે કે પહેલેથી જ પૂજ્યશ્રી સરળ શાંત પ્રકૃતિના હતાં.

એ ચાતુર્માસમાં પૂજય પંન્યાસભદ્રંકરવિજયજી મહારાજાએ બાળકેશુને નવકારમંત્ર આપ્યો. પૂર્વભવનો ઋણાનુબંધ એવો જબ્બર કે કેશુને પૂજય પન્યાસજી મહારાજ ખૂબ ગમતા.



આત્માની મસ્તીમાં મસ્ત

## અદ્દભૂત ઉદારતા

સં. ૨૦૦૦ની સાલમાં પૂજય ગુરૂ મહારાજ પંન્યાસજી મહારાજની નિશ્રામાં માલેગાંવથી માંડવગઢનો સંઘ નીકળ્યો. આ સંઘમાં ઘણા ભાવિકો જોડાયા હતા. તેમાં માણેકભાઈ તથા જીવીબેન અને બાળ કેશુ પણ હતા. બધા આનંદપૂર્વક છ'રી પાલન પૂર્વક યાત્રા કરતા કરતા શુભ દિવસે માંડવગઢ પહોંચ્યા. માણેકભાઈએ સંઘમાં પધારેલા સાધર્મિકોનું સોનાની ગીનીથી સંઘપૂજન કર્યું. સંઘ કાઢનાર સંઘપતિના ખર્ચથી દોઢો ખર્ચ આ સંઘપૂજનમાં થયો.

સં. ૨૦૦૧ના ચાતુર્માસમાં માણેકભાઈ. જીવીબેને નાણ સમક્ષ ગુરૂમહારાજના મુખે ચોથુવ્રત લીધું તે વખતે પાટણમાં ૧૦૦ જેટલા ચતુર્થ વ્રતધારી હતા. તેમનું શ્રીફળ તથા સોનાની ગીનીથી બહુમાન કર્યું. એવી અદભૂત ઉદારતા.

પૂજયશ્રીના પિતાશ્રીને હંમેશા ઉંચી વસ્તુઓથી ભકિત કરવાનું મન થાય. આવો જ ગુણ પૂજયશ્રીમાં હતો. કહી શકાય કે, આપવાની બાબતમાં બાપ કરતાં બેટા સવાયા હતા.

## ઉતમ સંસ્કરણ..

હીરાને સોનાની વીંટીમાં જ જડાય. એમ બાળ કેશુના સંસ્કારો માટે પણ માતા - પિતાએ ખૂબ ધ્યાન આપ્યું.

કેશુ હજી બે વર્ષનો થયો ત્યારથી રાત્રે દૂધ આપવાનું બંધ કર્યું. દેવલોકના દિવ્ય ભોગોથી તૃપ્ત આ આત્માને એનાથી આનંદ જ થયો. એટલે રાત્રિભોજન ત્યાગનો નિયમ પૂજયશ્રીએ બે વર્ષની ઉંમરથી ૮૦ વર્ષની ઉંમર સુધી પાળ્યો.

બાળકેશુનો દિવસ પણ પ્રભુના સ્પર્શ વિનાનો જાય તે કેમ ચાલે ? મોટા માંઢામાં તો જિનાલય નથી.. શું કરવું ? આવું મનોમંથન કરતા પિતાશ્રી માણેકભાઈને યાદ આવ્યું. બાજુમાં જ આવેલા દાતા ગામમાં ધાતુના પ્રતિમાજી યુકત નાનકડું જિનાલય છે. માણેકભાઈએ નિર્ણય કર્યો. માંઢા ગામ છોડીને દાંતા ગામમાં ઘર રાખીને રહ્યા. હવે દરરોજ પ્રભુની દર્શન પૂજા સુલભ થશે. તેથી મનમાં હરખાયા.

બાળ કેશુને ગામડા ગામમાં ધાર્મિક ભણાવે કોણ ? આ વિચાર પણ પિતાએ કર્યો. પૂજ્ય ગુરૂદેવને વિનંતી કરીને વાગડ સમુદાયના.... પૂજ્ય ભુવનશ્રીજી મહારાજ આદિ ઠાણા - ૩ નું ચાતુર્માસ દાતા ગામમાં કરાવ્યું. બાલ કેશુએ સાધ્વીજી મહારાજ પાસે પ્રતિક્રમણના સૂત્રો ગોખ્યા.

પૂજ્યશ્રીની ઉંમર ૮ - ૧૦ વર્ષની હશે પણ એ ઉપકાર તેઓ ભૂલ્યા નહિં. એ સાધ્વીજી મહારાજ પોતે અને એમનો પરિવાર જીવ્યા ત્યાં સુધી બધાનું ધ્યાન રાખ્યું. કૃતજ્ઞતા ગુણ પૂજયશ્રીના લોહીમાં વણાયેલો હતો.

Continue on page 15

Continue from page 14

જૈનશાસનમાં જન્મ લેનાર બાળક પૂર્વભવના ઉતમ સંસ્કાર લાવેલો હોય. એ સંસ્કારો ટકાવી રાખવા પુત્રનું આત્મકલ્યાણ કરાવવું એ માતા – પિતાની ફરજ છે. આ વાત માણેકભાઈ બરાબર જાણતા હતા.

દરરોજ સાંજે પિતા-પુત્ર સાથે પ્રતિક્રમણ કરતા, માણેકભાઈ ઉભા ઉભા પ્રતિક્રમણ કરવા અસમર્થ હતા. તેમ છતાં કેશુમાં શુધ્ધ ક્રિયાના સંસ્કારો પડે તે માટે પોતે કષ્ટ સહન કરીને પણ ઉભા ઉભા ક્રિયા કરતા.

માણેકભાઈને કેશુ પ્રત્યે સ્નેહ હતો પણ મોહ ન હતો. એના શરીરની ચિંતા સાથે આત્માની ચિંતા હતી. તેથી જ એને દુઃખમય સંસારથી ઉગારી લેવાની હૈયા ભાવના હતી. એટલે.. લગભગ ૧૦ વર્ષની ઉમરે કેશુને પૂજય ગુરૂદેવ પાસે મોકલી દીધો. અત્યાર સુધી પોતે પણ જતા હતા હવે એકલો મૂકયો અને ભાવના ભાવી કે એ દીક્ષા લેવા તૈયાર થઈને આવે તો સારૂં... ?

આજના કાળમાં ઘણી દીક્ષાઓ થાય છે. તેથી કદાચ આ વાત વિશેષ ન લાગે પણ.. હાલાર પ્રદેશમાં જૈન હોવા છતાં પોતાને જૈન ન જાણતાં લોકોમાં બાળકને દીક્ષા માટે તૈયાર કરવો એ અચ્છેરા રૂપ જ હતું.

હાલારના ઈતિહાસમાં તપગચ્છમાં સૌપ્રથમ દીક્ષિત બનનાર પરમપૂજય કુંદકુંદ વિજયજી મહારાજ હતા.

સૌ પ્રથમ જૈનાચાર્ય પદ પ્રાપ્ત કરનાર પણ પરમ પૂજય આચાર્યશ્રી કુંદકુંદસૂરીશ્વરજી મહારાજ હતા. તો નાની ઉમરમાં તપગચ્છમાં સૌ પ્રથમ દીક્ષિત થનાર હતા કેશુ – વર્ધમાન

## સતીત્વનો પ્રભાવ

સતીના સતીત્વનો પ્રભાવ અનુભવાય એવો પ્રસંગ પૂજયશ્રીની માતાના જીવનમાં બન્યો.

સં. ૨૦૦૪ ચોમાસાના દિવસો આવ્યા. કોઈ અગત્યના કારણસર દાંતાથી માણેકભાઈને જામનગર જવાનું થયું.. એકાએક વરસાદ આવી પડયો. વાવાઝોડું જોરદાર ફૂંકાયું. તેથી સિંહણ નદીનો પુલ તુટી ગયો. એ તૂટતા જ પાણીનું પૂર ધસમસતું આવ્યું. મોટા માંઢા ગામ પાણીથી ઘેરાવા લાગ્યું. ગામમાં પાણી આવવા લાગ્યું. માંઢાના લોકોને નીકળવા માટે એક જ રસ્તો હતો તે દાંતા તરફનો ત્યાંથી કેડ જેટલા પાણીમાં ઉતરીને દાંતા તરફ જવા લાગ્યા. સાથે કિંમતી ઘરવખરી ઢોર વગેરે લઈને દાંતાના પાદરમાં આવતા ગયા અને આશરો શોધવા લાગ્યા.

માણેકભાઈ જામનગરથી આવ્યા. દાંતા પહોચ્યા અને પરિસ્થિતિનો ખ્યાલ આવી ગયો. ગામના આગેવાન જેવા કાર્યકર્તાઓને બોલાવ્યા અને કહ્યું.. 'હમણાં લોટ દળાવીને લાપશી બનાવો. ઘી, તેલ,ચણા, અનાજ બધું મારે ત્યાંથી લો. પછી જ હું મોઢામાં પાણી નાખીશ' ઢોરો માટે તરત જ ઘાસના કાલર ખરીદીને નંખાવી દીધા. કોઈપણ ભૂખ્યો ન રહે, તેની તકેદારી રાખીને આ સંકટ સમયમાં અનેકને સહાય કરી.

ત્રણ દિવસના આ પુનિત કાર્યમાં છત્રીસ મણ લાપસી તથા અગિયાર કાલર ઘાસ વપરાયું. તે બધાનો ખર્ચ માણેકભાઈએ આપ્યો. તેઓ કહેતા હતા કે મારા જીવનનો અત્યંત આનંદનો દિવસ તે હતો.

આ સિંહણ બંધ તૂટયો ત્યારે એમના ધર્મપત્ની પોતાને પિયર આંબલા હતા. ત્યાં સમાચાર મળ્યા કે આવુ બન્યું છે. આંબલા ગામ પણ ભયગ્રસ્ત જાહેર કરાયું હતું. તેથી બધાએ ગામ ખાલી કરવાનું હતું. ગામમાં કોઈને રહેવા ન દીધા. બધાને કાઢયા પણ જીવીબેને કહયું. 'મારે તો ધર્મારાધના કરવી છે હું તો ઘરે જ રહીશ. એમના શીલના પ્રભાવે તરત જ અધિકારીએ રજા આપી. અને પોતે સામાયિક લઈને બેસી ગયા. ત્રણ દિવસની અંદર વાવાઝોડું શાંત થઈ ગયું. કોઈને કાંઈ નુકશાન થયું નહીં.

ત્યારપછી કેડ જેટલા પાણીમાં પુત્ર કેશુને માથા ઉપર બેસાડીને માતા જીવીબહેન આંબલાથી માંઢા થઈ દાંતા પહોંચ્યા.

## કોયલ ટહુંકે... આંબાડાળે...

કોયલ કરીરે ન બેસે... તેમ આંબાડાળે કોયલ જ બેસે કાગડો નહિં.. આ વાત એટલે યાદ આવી કે સાહેબજીના માતા – પિતા પણ અતિ ઉત્તમ હતા. તો સંતાન પણ એવું ઉત્તમ જ બને ને ? અને સંતાન શાસન દિપક બને તો એના માતા-પિતા કેવા મહાન હોય...

પૂજયશ્રીના માતા જીવીબેન.. અતિપવિત્ર.. વાત્સલ્યમયી દેવી.. એમના મસ્તકમાંથી વાસક્ષેપ ઝરતો પણ આ દૈવી

Continue on page 16

Continue from page 15

પ્રભાવનું કોઈ પ્રદર્શન નહિં. વાસક્ષેપ ઝરવાનું શરૂ થાય તો જીવીબેન શરમાય.
પિતા માણેકભાઈ પ.પૂ. પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મહારાજનાં પરમભકત.. સંતાનના આત્મહિતેચ્છું..
ગુરૂદેવ મળ્યા પહેલા લગ્નગ્રંથિથી બંધાઈ ગયેલા પણ પ્રથમ સંતાન હજી તો માતાની કુક્ષિમાં હતો ને જ માતાપિતાએ બ્રહ્મચર્યવ્રત સ્વીકારી લીધું. કેવા અનાસકત..!
બે વર્ષની ઉંમરથી વર્ધમાન ઉર્ફે કેશુને રાત્રિભોજનના પાપથી બચાવ્યો. દીક્ષા પછી પણ એ બાળકમુનિને અભક્ષ્યની ઓળખાણ ન હતી. શ્રાવકના ઘરે તો બધુ ખપે એવુ જ હોય ને વજ્રસેનમુનિ આવા ખ્યાલમાં જ રહેલા તેથી રીંગણાનું શાક ઓળખી ન શકયા.
નાનપણમાં શેરીમાં રમતા કોઈ છોકરાએ ખોટી ફરિયાદ કરી તેથી માણેકભાઈ ગુસ્સે થયા. તેનાથી બચવા કેશુ બોલ્યો મેં ગાળ નથી દીધી તોય તમાચો પડયો... 'ગાળ' શબ્દ પણ અપશબ્દ છે. માટે ન બોલાય આવી કાળજી માતા- પિતાની હોય એ બાળક શાસનરત્ન, શાસનદિપક - શાસનસૂર્ય બને જ ને..!

## મારે ભકિત કરવી છે

નાનપણથી જ પૂજયશ્રીનો આ સંકલ્પ હતો કદાચ.. પૂર્વભવથી સંસ્કાર લઈને આવેલા. તેથી નાનકડી છ વર્ષની ઉંમરે પણ પાટલે બેસીને વહોરાવવું કેશુને ગમતું - ફાવતું અને આનંદ આવતો.
સં. ૨૦૦૪નું ચોમાસુ પૂજય પંન્યાસજી મહારાજ પાલિતાણા હતા. એમની નિશ્રામાં માણેકભાઈ પોતાની આરાધના માટે રસોડુ ખોલીને સપરિવાર રહ્યા. ત્યારે સાધર્મિકોની સાથે સાધુ - સાધ્વી ભગવંતોની ખૂબ ભકિત કરી. સવારથી સાંજ સુધી જે કોઈ આરાધક આવે.. સાધુ - સાધ્વીજી ભગવંતો આવે તેને પોતાને રસોડે તેડી જાય. ભકિત કરે. છ વર્ષની વયે કેશુ પાટલે બેસીને.. વહોરાવે. તે પણ જરાય ઢોળાય નહિં એ રીતે વહોરાવે. એમાં જ એને આનંદ આવતો. પૂજા કરી આવે, વંદન કરી આવે અને પહેલેથી જ પાટલે બેસી જાય. દરરોજ ૨૦ કીલો પપૈયા - ચાર લિટર દૂધ મીઠાઈ આદિથી ચાતુર્માસમાં જ નહિં.. ૧૨ મહિના સુધી સાધર્મિકોની અને પૂજય સાધુ - સાધ્વીજી ભગવંતોની ભકિત કરી.
પૂજય પંન્યાસ વજ્રસેનવિજયજી મહારાજ ઘણીવાર કહેતા કે.. મને વહોરાવવાનું એ દશ્ય હજુ નજર સામે તરવરે છે. હું એવી રીતે વહોરાવતો અને એટલો આનંદ આવતો કે મને રમવાનું કે રખડવાનું તો ગમતું જ નહી બસ ? આપવાનું જ મન થાય.
છ વર્ષની ઉંમરથી વિકસેલો ભકિતનો ગુણ જીંદગીના છેડા સુધી ટકેલો રહયો. પૂજયશ્રી પાસે આવેલ કોઈ ખાલી હાથે કયારેય ગયા નથી. પછી તે સાધર્મિક હોય કે ન હોય જૈન - જૈનતરનો વિભાગ - પૂજયશ્રીના હૈયામાં કયારેય ન હતો.

## નિર્દોષ બાલવયમાં દાનવૃતિ ....

વિ.સં. ૨૦૦૭ સુરતમાં પૂજય દાદા ગુરૂ મહારાજ પં. શ્રી ભદ્રંકર વિજયજી મહારાજની નિશ્રામાં બે મુમુક્ષુઓ સંયમની ટ્રેનીંગ લેતા હતા. એક હતો ધીરૂ જે પછીથી બન્યા. પરમપૂજય વિદ્વદ્વર્ય મુનિરાજશ્રી ધુરંધુર વિજયજી મહારાજ અને બીજો હતો કેશુ.. જે પછીથી બન્યા પરમપૂજય પંન્યાસશ્રી વજ્રસેનવિજયજી મહારાજ. દરરોજનું રૂટીન હતું. સવારે પ્રતિક્રમણ પછી પૂજા એ પણ અષ્ટપ્રકારી ત્યારબાદ ગાથા, સ્વાધ્યાય પછી.. નવકારશી અને પછી નિર્દોષ બાલવયજન્ય કુતૂહલતાથી પ્રેરાઈ આજુબાજુના ઉપાશ્રયોમાં જયાં-જયાં પણ વ્યાખ્યાન કે અનુષ્ઠાન આદિ હોય ત્યાં આ બંનેની જોડી પહોંચી જાય થોડીવાર બેસે અને પછી પ્રભાવના લઈને બીજે સ્થાને પહોંચે. આ રીતે દરરોજ બે - ચાર જગ્યાઓની યાત્રા થાય અને પાછું પ્રભાવના લે તે પોતાની પાસે ટકે નહિં. બહાર નીકળ્યા પછી કોઈ ગરીબ કે અનુકંપનીય વ્યકિતને વહેંચાઈ જ જાય. કોઈ ન મળે તો છેવટે સમાન ઉંમરવાળા બાળકોને વહેંચાય.
આવા પ્રસંગે કોઈએ પૂજય સાહેબજીને પૂછયું કે 'આ બંને નાના બાળકો બીજે - બીજે જાય એ યોગ્ય ગણાય ?' ત્યારે પૂ. સાહેબજીએ તરત સમાધાન આપ્યું કે ''આ બાળકોમાં માગણ વૃતિ નથી. માત્ર બાળ સહજ કુતૂહલતા છે અને તેઓ પ્રભાવના બીજાને આપી જ દે છે અને એ રીતે એમની દાનવૃતિ પણ કેળવાય છે ને ?' આપણે બધા જાણીએ છીએ બંને બાળકો મોટા થઈને દાની - જ્ઞાની બન્યા. પૂ. દાદા ગુરૂભગવંતની કેવી દીર્ઘદષ્ટિ..!

# સંયમી અવસ્થાના પ્રારંભિક વર્ષો અને વડિલોના ભાવો.



નિર્મળ હાસ્ય રેલાવતા પૂજ્યશ્રી

## ગમતાનું ગમતું કરવું એ જ તમન્ના મારે.....!

ત્રણ વર્ષના કેશુને લઈને માતા-પિતા પૂજ્ય પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી મ. ની નિશ્રામાં ચાતુર્માસની આરાધના કરવા ગયા ત્યારે માતા જીવીબેન બાળ કેશુને પૂજ્ય પંન્યાસજી ભગવંત સામે બેસાડીને જાય.

કેશુ એટલે.... પૂજ્યશ્રી....!

બે - ત્રણ કલાક ગુરૂદેવની સામે શાંતિથી બેસી રહે. ગુરૂદેવ સામું જોયા કરે. પછી માતા આવે લેવા તો શાંતિથી એની સાથે જતા રહે.

આવું બનવાનું કારણ.... ગુરૂદેવની સાથેનો ઋણાનુબંધ જ હશે? પૂજ્યશ્રીને ગુરૂદેવ ગમતા હતા. નાનપણથી જ ... અણસમજની ઉંમરથી જ ગમતા હતા. અને એટલે જ કોઈ જ વિશેષ વૈરાગ્યના પ્રસંગ વિના જ ૧૩ વર્ષની બાળ ઉંમરે ગુરૂદેવ પાસે જીવન સમર્પણ કર્યું. દીક્ષા લીધી.

દીક્ષા પછી દોઢ-બે વર્ષમાં જ ગુરૂદેવે કહયું કે... "વજસેન...! તારે મુનિશ્રી મહાભદ્રવિજયજી મ. પાસે રહેવાનું છે." તે સમયે બાલ મુનિ એવા પૂજ્યશ્રીએ " મેં તો આપને જોઈને દીક્ષા લીધી છે. હું આપની પાસે જ રહીશ. હું નહિં જાઉં..." આવા એક પણ વિકલ્પને વિચાર્યા વગર સર્વ સમર્પણભાવથી ગુરૂદેવનું વચન સ્વીકારી લીધું.

અરે... એવો પણ સમય આવ્યો કે.... પૂ. મહાભદ્ર વિ. મ. પૂજ્ય પંન્યાસજી ભગવંતને વંદન કરવા પધારે, બે-ત્રણ-ચાર દિવસ રોકાય. વજસેન વિ. મ. પણ સાથે હોય ત્યારે પણ પૂજ્ય પંન્યાસજી મ. ને વંદનાદિ કરવાના પણ... રહેવાનું - બેસવાનું પૂ. મહાભદ્રવિ. મ. પાસે જ આટલી હદે આજ્ઞાપાલન...!!

આથી જ પૂ. પંન્યાસજી મહારાજે દસ વર્ષ મહાભદ્ર વિ. મ. પાસે રાખીને બાલમુનિને તૈયાર કરવાનું વિચારેલું પણ... આઠ વર્ષમાં જ પોતાની પાસે બોલાવી લીધા અને છેલ્લા પંદર વર્ષ પોતાની સાથે જ રાખ્યા. વજસેન વિ. મહારાજે પણ પંદર વર્ષ પૂજ્ય પંન્યાસજી મ. ની જબ્બર સેવા-ભકિત કરી.

જીવ્યા ત્યાં સુધી પૂજ્ય પંન્યાસજી મ. નું સાન્નિધ્ય અનુભવતા રહયા. તેઓ હંમેશા કહેતા કે.... સાહેબજી મારૂં સતત ધ્યાન રાખે છે એટલે જ હું જીવી રહયો છું.

## ગુરૂ... તું મારામાં ને હું તારામાં......

ઉપરની પંકિત અક્ષરશઃ પૂ. પંન્યાસ વજસેન વિજય મહારાજ માટે સત્ય ઠરે છે. પરમ પૂજ્ય વજસેન વિજયજી મહારાજના જીવનમાં વિશેષ કોઈ વૈરાગ્યનું નિમિત ન હતું. પૂર્વભવના સંસ્કારોની અખૂટ મૂડી, આ ભવના માતા-પિતાની અખંડ જાળવણી અને પરમ ગૂરૂદેવ પ્રત્યેનો સ્નેહભાવ, આત્મિક આકર્ષણ એવું જબ્બર હતું. પૂજ્યશ્રી એ દીક્ષા લીધી હોય તો સહજ છે કે.... રહેવાનું પણ એમની સાથે જ હોય ને! પણ.... આપણે જાણીએ છીએ કે.... પનિહારીના મસ્તકે શોભતો ઘડાનો ઘાટ કુંભાર આપે છે. એવી જ રીતે પરમ ગુરૂદેવ પૂજ્ય ભદ્રંકર વિજયજી મહારાજે બાલમુનિ વજસેન વિજયજી મહારાજનું ઘડતર કરવા પોતાના ગુરૂભાઈ પૂજ્ય મુનિરાજશ્રી મહાભદ્ર વિજયજી મહારાજને સોંપ્યા. પૂજ્ય વજસેન વિજયજી મહારાજ પહેલેથી જ સરળ પ્રકૃતિના હતા. સમર્પિત હતા તેથી કોઈ જ વિકલ્પ વગર "તહતિ" કર્યું.

પૂજ્ય મહાભદ્ર વિજયજી મહારાજે પણ પૂજ્ય વજસેન વિજયજી મહારાજાને સવાયા સાચવવા સાથે સંયમની ખૂબ સરસ તાલીમ આપી, ઝીણી-ઝીણી શિખામણો પણ પૂજ્ય વજસેન વિજયજી મહારાજે જીવનના અંત સુધી યાદ રાખેલી અને વારંવાર કહેતા... પૂજ્ય મહાભદ્ર વિજયજી મહારાજે મને આ શીખવાડયું છે.

Continue on page 18

Continue from page 17


હાલારી વિકાસયાત્રાને અવલોકતા પૂજ્યશ્રી

પૂજ્ય વજ્રસેન વિજયજી મહારાજની બેઠક પૂજ્ય મહાભદ્ર વિજયજી મહારાજ પાસે જ હોય. વચન પાલન કરવાની પૂજ્યશ્રીમાં વિશેષતા હતી. પૂજ્ય મહાભદ્ર વિજયજી મહારાજ સાથે એકમેક થઈને રહેવા સાથે પૂજ્ય પંન્યાસજી મહારાજના ઉપકારને વાગોળતા રહી બહુમાન એવો પરાકાષ્ઠાનો કેળવ્યો કે... પૂજ્ય પંન્યાસજી મહારાજે... પૂજ્ય વજ્રસેન વિજયજી મહારાજને સ્વયં પોતાની પાસે બોલાવી લીધા. અને પછી પોતાની અંતિમ ક્ષણ સુધી સાથે જ રાખ્યા.

પૂજ્ય દાદા ગુરૂદેવ પંન્યાસ ભદ્રંકર વિજયજી મહારાજને છેલ્લા વર્ષો માં તબિયતની પ્રતિકુળતા હોય, વાપરવાની અરૂચિ થાય તેથી વાપરે નહિં... કોઈ જિજ્ઞાસુ ભાવિક આત્મા આવે તો ખૂબ અશકિત હોવા છતાં કલાકો સુધી તત્વજ્ઞાન સમજાવે આવા સંજોગોમાં પૂજ્ય વજ્રસેન વિજયજી મહારાજને કયારેય દાદા ગુરૂદેવ પ્રત્યે રોષ, અણગમો નથી થયો. કયારેય સ્હેજપણ છણકો પોતે નથી કર્યો. મોટા ગુરૂદેવને છેલ્લા વર્ષોમાં રાજસ્થાન રહેવાનું થયું. ત્યાં મારવાડી ઘરો હોવાથી ગોચરી અનુકુળ ન આવે. અભ્યાસનો કોઈ સ્કોપ નહિં. પોતાને માથાનો દુ:ખાવો લાગુ પડી ગયો. તો પણ કયારેય અકળાયા નહિં મારૂં શું? એવી વિચાર ન કર્યો. ઉલ્ટું કોઈ કહે કે.. તમારો અભ્યાસ આદિ રૂંધાય છે તો પોતે કહેતા... પ્રભુનું વચન છે.... "જો ગિલાણં પડિસેવઈ... સો મામ્ પડિસંવઈ"

સેવા ધર્મ સૌથી મહાન છે. પૂ. પંન્યાસજી મહારાજ ની સેવા કરતા કરતા પૂ. મહાભદ્રવિ. મ. નું પણ એવું જ ધ્યાન રાખ્યું તેથી જયારે એમની નિર્યામણાનો સમય આવ્યો ત્યારે પોતે ત્યાં પહોંચી ગયા અને ખૂબ સુંદર નિર્યામણા કરાવી.

### નામ દ્વારા શકિતપાત...!

અત્યંત કરૂણાશિલ હૈયું, કોમળ પરિણતિ તથા કોમળ શારીરિક બંધારણ ધરાવનાર આ મૂનિને સંયમજીવનમાં પણ ઘણી મરણાંત અશાતા સહવાની છે. એવું અજ્ઞાત રીતે જાણી ગયેલા દાદા ગુરૂ મહારાજે "વજ્રસેન" નામ આપીને જાણે કે શકિતપાત કર્યો.

### આવું તો કયાંય નથી જોયું....!

પૂજ્યશ્રી ની દીક્ષાનું બીજું જ વર્ષ....! ૧૪ વર્ષની ઉંમર. જામનગર – શાંતિભુવનમાં ચોમાસું હતું. ત્યાં વૃજલાલ ઉપાધ્યાય નામના પંડિતજી ભણાવતા હતા. તેમની પાસે સંસ્કૃત વ્યાકરણ પૂર્ણ કર્યુ પછી પ્રાકૃત વ્યાકરણ શરૂ કર્યું. પૂજ્યશ્રીએ ગામડામાં સુત્ર અભ્યાસ કરેલા તેથી પ્રતિક્રમણના સુત્રમાં પણ કયાંક કયાંક તોતડાતા.

શું આશ્ચર્ય થયું.... પંડિતજીની કૃપા વરસી.... પ્રાકૃત વ્યાકરણ એટલે કે અષ્ટમ અધ્યાય નું પ્રથમ સુત્ર આપવા સાથે પંડિતજીએ દિવ્યકૃપા પણ આપી. સાહેબજીની જીભ ચોકૂખી થઈ ગઈ. ત્યારથી માંડીને છેલ્લી જીંદગી સુધી સાહેબ ખૂબ ચોકૂખું બોલતા. પકૂખી સુત્ર તો માત્ર ૧૨ મિનિટમાં પણ એકદમ સ્પષ્ટ – મધુર ઉચ્ચારથી બોલી શકતા.

પૂજ્યશ્રી ઘણીવાર કહેતા કે.... આ ઉપકાર વજુભાઈ પંડિતજીનો....

માત્ર બોલીને જ ઉપકાર ન માન્યો.... પંડિતજીને આખી જીંદગી સાચવ્યા. માત્ર અવસરે યાદ કર્યા એટલું જ નહિં. ત્રણ દિકરા સહિત પંડિતજી રહી શકે એવો ફ્લેટ અપાવ્યો. પંડિતજીને માંદગી વિગેરેમાં પૂર્ણ સાચવ્યા. છેલ્લી જીંદગી સુધી સાચવ્યા. એમના આખા પરિવારનું ધ્યાન રાખ્યું. જેના ઘણા સાક્ષીમાં મુખ્ય છે જગદીશભાઈ શેઠ.


એક જ ચાતુર્માસમાં ભણ્યા અને આખી જીંદગી સાચવ્યા... આવો કૃતજ્ઞતાનો હિમાલય પર્વત હતા પૂજ્યશ્રી...!

### પૂજ્યશ્રીની પ્રતિમાના શિલ્પી....!

પરમપૂજ્ય પંન્યાસ વજ્રસેન વિજયજી મહારાજ કેવા પુન્યશાળી હતા કે... પરમપૂજ્ય આચાર્યદેવ શ્રીમદ વિજય

Continue on page 19

Continue from page 18



નિજાનંદી પૂજ્યશ્રી

પ્રેમસુરિશ્વરજી મહારાજાએ, પરમ પૂજ્ય પંન્યાસ પ્રવર શ્રી ભદ્રંકર વિજયજી મહારાજાને..... પૂ. વજસેન વિજયજી મહારાજ નું સુંદર ઘડતર થાય તે માટે ખાસ પ્રેરણા કરેલી. પૂજયશ્રીની યોગ્યતાને જાણી એવા આશિષ આપેલા જે આજે અક્ષરસઃ સત્ય થયેલા આપણે અનુભવીએ છીએ.

પરમ ગુરૂદેવોના એ આશીષ - પ્રેરણા વચનો જાણવા પ્રસ્તુત છે પત્ર પંકિતઓ....!

પ્રાતઃ સ્મરણીય પરમ કૃપાળુ પરમપૂજ્ય આચાર્ય દેવશ્રી પ્રેમસુરિશ્વરજી મહારાજા તરફથી........

સુવિનિત બાલમુનિ શ્રી વજસેનવિજય જોગ,

અનુવંદનાદિ

બાલ્યાવસ્થામાં પ્રભુનો સંયમ માર્ગ જે તું પામ્યો છે, તે તારી ભૂતકાલીન સુંદર આરાધનાનું પ્રતિક છે. પારલૌકિક જીવનને તેથી વધુ આરાધનામય બનાવવા માટે મળેલા સંયમ જીવનને ખૂબ જ વિકસાવજે.

અભ્યાસમાં ખૂબ જ કાળજી રાખજે. નવા જ્ઞાનોપાર્જન, તેની પુનરાવૃતિ વગેરેમાં જાગૃત રહેવું. જ્ઞાનોપાર્જનની સાથે સંયમશુદ્ધિ અતિ આવશ્યક છે. સાધનામાં પ્રમાદના કારણે જે કાંઈ અતિચારો લાગે તેની નોંધ અને પ્રાયશ્ચિતથી સમાર્જન કરવાનું ભૂલાય નહિં. ચારિત્રને દીપાવી આત્માને ખૂબ-ખૂબ ઉજ્જવળ કરજે. એ જ શુભેચ્છા.....

સુરેન્દ્રનગર

સં. ૨૦૧૩

પૂજય આચાર્ય મહારાજ તરફથી.....

વિનયાદિગુણયુકત વજસેન વિ. યોગ્ય

અનુવંદના... સુખશાતા.....

તારા એકાસણાના તથા અભ્યાસના તથા સાધનાના સમાચાર વાંચી ઘણો જ આનંદ થયો છે. ઉપવાસના પારણે અને ઓળી પછી પણ એકાસણા ચાલુ રાખ્યા એ ઘણું જ અનુમોદનીય ગણાય.

મારી એક મોટી અભિલાષા છે કે આ જીવનમાં તું વિનયગુણનો માલિક બનવા માટે ખૂબ - ખૂબ પ્રયત્ન કરજે અને સફળતા પ્રાપ્ત કરજે. હાલારને દીપાવજે.

પૂજયપાદ પંન્યાસ પ્રવરશ્રી ભદ્રંકરવિજયજી મહારાજા એ તો પૂ. વજસેન વિજયજી મહારાજાને નખશિખ ઓળખી લીધેલા એ વાત એમના પત્ર દ્વારા જાણીએ.....

મહા વદ ૧૩

વિનયાદિ ગુણોપેત મુનિશ્રી કુંદકુંદ વિજયજી આદિ,

જોગ,..... અનુવંદનાદિ.....

શ્રી વજસેનનો પત્ર તથા ટાઈમટેબલ જોયું છે. તેની પ્રગતિ માટે મને કોઈ જાતનો સંદેહ નથી.

સાધુધર્મના વિકાસ માટે આ કાળમાં જરૂરી જે સદગુણો જોઈએ તે તેમનામાં દેખાય છે, કેવળ બાહ્ય ચતુરાઈથી સાધુતામાં વિકાસ થતો નથી. આજના જીવોને તે ચાતુર્ય સુલભ છે. અને લૌકિકમાં તેની કદર - કિંમત તરત થઈ શકે છે. આત્મપક્ષે કોઈ જ લાભ નથી.

ક્ષાયોપશમિક ભાવ મોહનો થયો છે કે નહિં તેની કસોટી આજ્ઞા પારતંત્ર્યમાં છે. જે આજે ઘણી દુર્લભ છે.

એકાદ સાધુ સાંગોપાંગ શુદ્ધ સાધુત્વને દીપાવે તેવો ઉત્પન્ન થવાની અને તૈયાર થવાની જરૂર છે.

Continue on page 20

Continue from page 19

એ રીતે શ્રી વજ્રસેનનો ઉછેર થાય અને સ્વચ્છ દર્પણની જેમ પૂર્વાચાર્યો અને પૂર્વ મૂનિઓના સઘળા ગુણો તેનામાં સંક્રાન્ત થઈ જાય. એ જોવા માટે પૂર્ણ મનોરથ છે. એવી વિશાળ દષ્ટિથી તેની કેળવણી થવાની જરૂર છે.

બાહ્ય - અભ્યંતર ઉભય શુદ્ધિ કોઈ આવા વિરલ આત્માના ભાગ્યમાં જ હોય છે.

પૂજય આચાર્યદેવ અને પૂજય પંન્યાસજી ભગવંતના આશીર્વચનો પૂર્ણપણે ફળીભૂત થયા છે.



ગિરિરાજની યાત્રા - પૂજ્યશ્રીને કરાવતો પૂજ્યશ્રીનો પરિવાર

**પ્રોત્સાહન પણ કેવું જબ્બર !**

સં. ૨૦૪૯ નું ચાતુર્માસ પોરબંદરમાં હતું. ત્યારે ત્રણ વૃધ્ધ મહાત્માઓને લગભગ પંદર દિવસ ઝાડાની તકલીફ રહી. એમાં રાત્રે એવું બનતું કે.... એકનું કામ પુરૂં થાય ત્યાં બીજા મહાત્માનું શરૂ થાય.... બીજાનું પુરૂં થાય ત્યાં ત્રીજાનું શરૂ થાય.... ત્રીજાનું પુરૂં થાય ત્યાં.... ફરી પહેલા મહાત્માનું શરૂ થાય. આવું આખી રાત ચાલે. અને એ પણ એકાદ રાત નહિં પંદર રાત.

સફાઈ કામ પૂ. જિનસેન વિ. મ., પૂ. હેમપ્રભ વિ. મ., પૂ. જયધર્મ વિ. મ. કરે પણ.... પૂજયશ્રી પણ સતત જાગતા બેઠા હોય અને કહેતા કે, "હેમપ્રભ મ. થાકતા નહિં કમાણીનો અવસર છે."

આવા પ્રોત્સાહન પૂરક મીઠા - મધુરા શબ્દોથી સેવા કરનારા મહાત્માઓનો ઉત્સાહ ટકાવી રાખવો, વૃધ્ધિ પમાડવો એ પણ ખૂબ જ પ્રશંસનીય છે.

## રોગોની વણઝાર

**આ તો શાસનનો દિવડો....!**

સં. ૨૦૨૦ ઉંમરવર્ષ - ૨૨, દેશી ભાષામાં કહેવાય"અછબડા" અને વિદેશી ભાષામાં Small Pox.આખાશરીરઉપર એવા છવાયા કે શરીરમાં રહેલી જીવવાની શકિત લગભગ હણી લીધી. શરીરનો એક પણ અંગ એવો ન હતો જયાં અછબડાના ડાઘ ન હોય. આવી સ્થિતિમાં વજ્રસેન મહારાજ સંપુર્ણ શાંત, લીકવીડ ઉપર જ જીવવાનું. તેમાં હવે દિવસો પસાર થતાં સંપૂર્ણ નિર્જીવ જેવી અવસ્થા થવા લાગી.ડોકટરો, વૈદ્યો આવીને - જોઈને કહી ગયા કે હવે કોઈ દવા લાગુ નહીં પડે, એમને ધર્મ સંભળાવો.

અંતિમ નવકાર સંભળાવવાના ચાલુ થયા, પણ આયુષ્ય બળવાન એટલે અચાનક એક ડોકટર આવી ગયા. એમણે કહયું કે અત્યાર સુધી બધાડોકટરો અને અનુભવીઓકહીગયા છે કે હવે તો ૪-૫કલાકના મહેમાન છે, તો પણ મને એક પ્રયોગકરવાદ્યો. જો જીવીજાય તો સારૂં અને એમનાપ્રયોગથીધીરે ધીરે શ્વાસ લેવાનું વધ્યું અને સ્વસ્થથવા લાગ્યા.

**સમતાનો હિમાલય....!**

લગભગ ૨૫ વર્ષ નાની - મોટી શારીરિક તકલીફોને અવગણતા રહયા પણ....માઈગ્રેન નામનો માથાનો દુ:ખાવાનો રોગ પૂજયશ્રીને પીડતોરહયો. સવાર પડે અને માથાનો દુ:ખાવોથાય.પિતનોપ્રકોપ એટલે મહિનાઓ સુધી ઉલ્ટી - ઉબકાથાય પણ આવીસ્થિતિમાં કયારે પણ આંખમાં આંસુ કે વ્યથાવ્યકતનથીકરી.બસ, સમભાવપૂર્વક સહન જ કર્યુ.

**સહન કરે તે સાધુ....!**

'કર્મ સામે જંગ જીતવા સંયમ લે છે....' એવું આપણે સહુ બોલીએ છીએ પણ.... પૂજયશ્રીએ એ વચનોજીવીજાણ્યા.કર્મોને જીતીજાણ્યા. એમાં મૂખ્યઅશાતા વેદનીયકર્મ.....!

Continue on page 21

Continue from page 20

"આમને કેન્સર થઈ ગયું છે. હવે લાંબુ નહિં જીવે...."

આજથી ૨૩ વર્ષ પહેલા એક વૈદ્યના આ શબ્દોહતા.જ્યારે પૂજ્યશ્રીને "પેમ્ફીગસ વલ્ગારીસ" નામનો રોગ થયેલો. જેનું કારણ ભયંકર પિતવિકાર....! લાખોમાંથી એકાદવ્યકિતને આ રોગ થાય.પણ.... એનું નિદાન થયું ન હતું, એ સમયની આ વાત છે.

દાઝયાના ફોડલા પડે ને ચામડી ઉતરીજાય એવી રીતે શરીરના વિવિધ ભાગોમાંથી ચામડી ઉતરતી. લાલઘુમ માંસ - મસલ્સ.... ખુલ્લા દેખાય. અને વેદના તો કેવી....! કોઈ વાતે બળતરા શાંત ન થાય. દિન-પ્રતિદિન રોગ વધતો જાય. એવામાં આવેલા કોઈ વૈદ્ય હેમપ્રભવિ. મ. ને ઉપરનું વાકય કહયું તેથીભાંગી પડેલા હેમપ્રભવિ. મ. રડયા જ કરે. સાહેબની સામેઆવે એટલીવાર આંખો લુછી લે પણ.... હૈયું લુછાંય?


મીઠી ગોઠડી કરે આ જોડી

સાહેબ એમની વેદનાજાણીગયા. પૂછયું.... કેમ આટલા ઢીલાપડીગયાછો? હેમપ્રભવિ. મ. ગોળ - ગોળ વાતકરે... પૂજ્યશ્રી કહે કેમ શું છે? કહીદો.મને કાંઈ નહિથાય. છેવટે વાત કરી દીધી કે..... વૈદ્યે આમ કહયું છે કે...."કેન્સર છે લાંબુ નહિજીવો...."ત્યારે બહુ જ સહજતાથી પૂજ્યશ્રી બોલ્યા....અરે...! એમાં શું? એક દિવસ તો જવાનું જ છે ને?

આ શબ્દો માત્ર શબ્દો ન હતા.એમનું જીવન હતું.

હાં.......નાની-મોટી ઘણી ઘાતમાં અનુભવ્યું છે કે .....

પૂજ્યશ્રી મૃત્યુની વાતમાં નિર્ભીક હતા.

"આરાધના દ્વારા સમય સાર્થક કરવો,

દવા દ્વારા શરીર સાચવી લેવું,

મૃત્યુને સર્વત્યાગનો અવસર માનવો...."

આ તત્વતેઓએ જીવીબતાવ્યું.

પેમ્ફીગસ રોગ ખૂબ વધ્યો. સંપૂર્ણ સીરીયસ કંડીસન. આંખની અંદર,કાન - નાક - ગળાની અંદર પણ ચાંદા.શરીરઉપર કયાં હાથ લગાડવો? એવા સમયે ડો.K. M.આચાર્ય મળી ગયા. એમણે દવા તો શરૂ કરી પણ.... અંદરખાને હેમપ્રભવિ. મ. ને કહયું કે....."આમહાત્માની હવે ખરેખર ઘડીઓ ગણાય છે. તમે વાસ્તવિકતા સ્વીકારવા તૈયાર રહેજો.

"પ્રગટેલી દીવાસળી કોઈ આપણને સ્પર્શાવે ને જે પીડા થાય એવી પીડાપ્રત્યેક ચાંદાની આ મહાત્મા ભોગવી રહયા છે."

આવા ભયંકર દર્દમાં પણ પૂજ્યશ્રીએ કદી એક ઉંહકારો નથીકર્યો, વેદનાને વાચા નથી આપી.

એક- બે કલાક, એક-બે દિવસ, એક-બે મહિનાનહિ પૂરા સવા વર્ષ આ દર્દ રહયું. પણ.... પૂજ્યશ્રીની દર્દ સહવાની સમતામાં કદી ઉણપ આવી નહિં.


કેમ સહયું હશે આ દર્દ ...?

## વીરના વારસદાર...!

પરમાત્માશ્રી મહાવીર સ્વામી ભગવાનને જેમ જુદા - જુદા ઉપસર્ગો આવ્યા તેમ પૂજ્યશ્રીને જુદી - જુદી માંદગી સાથે એક ઉપસર્ગ ફરી આવ્યો. તે ગાય તરફથી. હા...આમ તો જાણે ગાય પોતાનું લેણું લેવા આવી.

સં. ૨૦૬૪ બોટાદમાં ચાતુર્માસ. પૂજ્યશ્રી સવારે પ્રભુ દર્શન કરીને બહાર નીકળ્યા. જિનાલયના પ્રાંગણનું છેલ્લું પગથીયું ઉતરીને શેરીમાં પગ મુકયો અને અચાનક શેરીમાં ગાય દોડતી આવી. માત્ર આવી જ નહીં, પૂજ્યશ્રીને શિંગડામાં લીધા. ઉછાળી જમીન ઉપર પટકી અને આગળ નીકળી ગઈ.

Continue on page 23



પ.પૂ. પરમોપકારી, પંન્યાસ પ્રવર

# પૂજયપાદ શ્રી વજ્રસેન વિજયજી મહારાજ

હાથ છોડાવીને ગયા... હૈયામાંથી નહિં જવાય,
સાથ નિભાવશો સિદ્ધિ સુધી, એવો વિશ્ર્વાસ છે સદાય

Continue from page 21

જોનારને સ્પષ્ટ એમ જ લાગે કે કર્મસત્તાએ પોતાનો પ્રતિનિધિ મોકલ્યો છે. જમીન ઉપર પટકાતાની સાથે કટાકો બોલાયો. સાંથળના ભાગનું હાડકું તૂટી ગયું. સાહેબને સંભાળીને ખુરશી ઉપર બેસાડીને ઉપાશ્રયમાં લાવ્યા. ફ્રેક્ચર - પીડાનો પારનહિં. તો પણ સાહેબજીને જોતા સંઘને એમ જ લાગ્યું કે, કંઈ વાંધો નથી લાગતો.કારણકે મહારાજના મુખ પર સ્માઇલ છે. પીડાની કોઈજ બુમ નથી.પડતા જો ફ્રેક્ચર થાય તો તો પીડાથી ચીસો પડે. ડો.છાયાની હોસ્પિટલમાં પહોંચ્યા. એકસ-રે લેતા જ ખ્યાલ આવ્યો કે જમણા પગના સાથળમાં ફ્રેક્ચર છે. ઓપરેશન કરવું જ પડશે.

કહેવું જ પડશે કે, પૂજ્યશ્રીને કોઈક પૂર્વભવનાપાપોદયે આવીપીડાઓઆવીપણ.... સાથે સાથે પૂજ્યશ્રીનો પુન્યોદય મિત્ર પણ પડખે અડીખમ રહયો. ટ્રસ્ટીઓ અને સંઘનો આગ્રહ કે બોટાદથી અમદાવાદ જ લઈ જઈએ.

તે વખતે બોટાદ સંઘના પ્રમુખ ટ્રસ્ટીશ્રીએ કહયું કે, સાહેબ આપને અમદાવાદ લઈ જઈએ. ત્યાં ઓપરેશન કરાવશું ત્યારે ફ્રેક્ચરની પીડા વચ્ચે રહેલા પૂજયશ્રીના શબ્દો હતા કે, ના અહીં જેવી ટ્રીટમેન્ટ થશે તે જ કરવાની, કારણકે, વૃદ્ધ મહાત્માઓ, કેન્સરવાળા સાધ્વીજી... મારા હિસાબે આવ્યા છે. તે બધાને મૂકીને જાઉં તો તેમની સમાધિનું શું? તેમજ સંઘની આરાધનાનું શું? એટલે કદાચ મારે ચાલવામાં થોડી ખોડ-ખાપણ રહેશે કે, થોડી પીડા ભોગવવી પડશે તે મંજુર છે.

પૂજયશ્રીના ચારિત્ર બળથી બોટાદમાં જ યોગ્ય ડોકટર અને યોગ્ય ટ્રીટમેન્ટ મળી ગઈ અને પૂજયશ્રી કર્મસતાના આટલા કરજમાંથી હળવા ફૂલ થયા.

## "What A Wonder"

સં. ૨૦૬૬ પાલિતાણા - કસ્તુરધામ - નિલમ વિહારમાં ચાતુર્માસ, આસો મહિનો,વર્ષ પુરૂં થવા આવ્યું ને કર્મસતાને પોતાનું લેણું યાદ આવ્યું. છાતીમાં દુ:ખાવો શરૂ થયો,કાર્ડીયોગ્રામ લેવા છતા કાંઈ ખ્યાલ ન આવ્યો.ડોકટરો કહે ગેસનો દુ:ખાવો લાગે છે. આ રીતે મહિના સુધી સહન કર્યું. ચક્કરઆવે, પ્રેસર વધઘટથાય. આમ કરતા કારતક સુદ - ૬ ના દિવસે સવારે પોણા છ વાગ્યે અચાનક સિવિયર એટેક આવ્યો અને સાહેબ સંપૂર્ણ બેભાન. બે મિનિટથીવધુ સમય હાર્ટ બંધ થયું. પણ તરત જ છાતી ઉપર મસાજ કરતા, હજી તો ઘણા જીવો ઉપર ઉપકાર કરવાનો બાકી હતો. તેથી પૂજયશ્રીનું હાર્ટ ફરી ચાલુ થઈ ગયું.

ન માની શકાય, ન કલ્પી શકાય એવી ઘટના પણ પ્રત્યક્ષ અનુભવી ત્યારેચોક્કસ લાગે કે આખરે કર્મસતાએ ઝૂકવું પડયું.

એજ રાત્રે અઢી વાગ્યે રાજકોટમાં રહેલા હાર્ટ સર્જનડો. સંજય જૈનને અંદરથી થયું કે, હું પાલિતાણા જાઉં.

ત્યાં પૂ. પંન્યાસજી મહારાજને મળું અને તેઓ ૭.૩૦ વાગ્યા આસપાસ આવી ગયા,તરત નિર્ણય લેવાઈ ગયો, એન્જોપ્લાસ્ટ થતા નોર્મલ થઈ ગયા.

### ઘાત ગઈ.....!

સં. ૨૦૬૭ પીંડવાડામાં ચાતુર્માસ અને અચાનક સાહેબજી ફુડ પોઈઝનથી ઘેરાઈ ગયા. સતત ઝાડા - ઉલ્ટી, તેના કારણે શરીર સંપૂર્ણ અશકત બની ગયું. ત્યાંના ડોકટરોએ સિરોહી અથવા મોટા શહેરમાં લઈ જવાનું કહયું....પણ...ત્યારેય સાહેબજીએ એક જ વાત કરી કે નાં... અહીં સારૂં થઈ જશે.

કહેવાય છે કે...."રામ રાખે એને કોણ ચાખે" અર્થાત પુણ્યોદયે ફરી સાથ આપ્યો અને પૂજયશ્રી સ્વસ્થ થઈ ગયા.

### જાણે કે પુર્નજન્મ...!

ડીસાચાતુર્માસ માટે જતા રસ્તામાંથી જ આશાતાનો ઉદય થયો. ચાતુર્માસ પ્રવેશ થયા પછી બોલવાનું ઓછું થતું ગયું, બંધ થયું. હાથ હાલવાના બંધ થયા, બેસવાનું અટકયું એટલે સમજવાનું પણ ઘટયું.



જિનાલયની ધ્વજાવિધિમાં વડિલો સંગે પૂજ્યશ્રી

Continue on page 24

Continue from page 23

ડોકટરો કન્સલ્ટ કર્યા. દવા-ટ્રીટમેન્ટ ચાલુ થઈ. M.R.I. કરાવવા મહેસાણા ગયા. એ રીપોર્ટ અમદાવાદ મોકલાવ્યા. એ જોતા ડો. સુધીર શાહ તથા ડો. ભરત દવેએ કહયું કે, મહારાજનો મણકો ડેમેજ છે. મગજ સંકોચાયું કે તેથી તેમાં પાણીનું પ્રમાણ જરૂર કરતા વધ્યું છે, મગજની કાર્યશકિત ખોરંભાઈ અને નશ દબાવાથી મેમરી પણ લોશ થઈ ગઈ હશે. સ્પાઈનલ કોર્ડના ૧૨માં મણકાનો ચૂરો થયો છે. ડોકટરે કહયું કે આ વ્યકિત પીડાથી તરફડતી હશે.
પણ... પૂજયશ્રી તો પરમ સમાધિમાં ઝીલતા હતા. હાં... મેમરી ૮૦% લોસ થઈ ગઈ હતી.ડોકટરોનું કહેવું હતું કે, હવે આમાં વધુ સુધારાની શકયતાનથી, પણ વધુ બગડે નહી તે ધ્યાનમાં લેવાનું છે.
અચાનક...દિવ્યકૃપા કહો કે તબીયત બગડતી અટકી એટલું જ નહીં... થોડા મહીનાઓમાં પૂ. સાહેબજી સંપુર્ણ સ્વસ્થ બની ગયા.

### આને મેમરી લોસ કહેવાય?

સં. ૨૦૬૯નું ચાતુર્માસ ડીસા. ત્યાં પૂજયશ્રીને મગજની થોડી તકલીફ શરૂ થઈ. મગજમાં પાણી ભરાતું હતું. તેથી મેમરી લોસ થવા લાગી. તેની ટ્રીટમેન્ટ ચાલુ હતી. રીકવરી હજી શરૂ જ થઈ હતી. એવા સમયે એક રોમાંચક ઘટનાબની...!
મુંબઈથી અમદાવાદમાં રહેલા પૂજયશ્રીને સમાચાર આપ્યા કે, 'લગભગ ૮૫ વર્ષથી વધારે ઉંમરનાં મહાત્મા છે. નામ વિમલરક્ષિત વિજયજી મહારાજ. સેવા કરનાર કોઈ નથી મહાત્મા શૂન્યમનસ્ક જેવા જ છે. આ મહાત્માને સાચવશો? હેમપ્રભસૂરિજીમહારાજે સાહેબજીને વાત કરી અને પૂછયું, "સાહેબજી! શું કરશું?" ત્યારે પૂજયશ્રીએ તરત જ કહયું, "રાહ શું જોવાની? સાચવવાના જ હોય ને?"
મેમરી લોસની પરિસ્થિતિમાં પણ શાસ્ત્રવાર્તા સમુચ્ચયની"સાધુ સેવા સદા ભકત્યા.." ની શ્લોક પંકિતને ચરિતાર્થ કરનારા પૂજયશ્રીના હૃદયમાં સાધુ સેવા કેવી વસી હતી કે અસ્વસ્થતામાં પણ હૈયે હતું તે હોઠે આવ્યું.

### બાહય તપસ્વી નહિં પણ તપરૂચિ..

પૂ. મુ. ધુરંધર વિ.મ. તથા પૂ. પં. વજ્રસેન વિ.મ. બંનેએ નાની ઉંમરમાં દીક્ષા લીધેલી. દીક્ષાના પ્રથમ વર્ષે પર્યુષણમાં ઘણા ભાવિકો અઠ્ઠાઈ કરતા હોય. એટલે આ બંને બાલમુનિઓને પણ અઠ્ઠાઈ કરવાની ભાવના થઈ. ગુરૂ ભવગંતને ભાવના જણાવી. ગુરૂ ભગવંતે પણ ઉત્સાહ જોઈને હા પાડી. અઠ્ઠાઈ કરવી છે. આઠ દિવસના ઉપવાસ છે. એટલે આજે સરખું વાપરી લઈએ એ ભાવનાથી બંને બાલમુનિઓએ સારા પ્રમાણમાં ગોચરી મંગાવી. સહવર્તી વડિલો પણ ભકિતથી લાવ્યા. પણ બાળકની કેપેસીટી કેટલી હોય ? થોડું દબાવીને વાપર્યું તો ય વધ્યુ. તે સહવર્તી બીજા મહાત્માઓએ વાપર્યું. સાંજ પડી, રાત પડીને સવાર સુધીમાં તો અપચો થવાથી બંનેની સ્થિતિ ઢીલી થઈ તો ય ઉત્સાહ ઘણો હોવાથીં ૧ ઉપવાસનું પચ્ચકખાણ લીધું. ઉપવાસ માંડ માંડ પૂરો કર્યો. બીજે દિવસે સવારે પારણાની રજા લેવા ગયા. ગુરૂ ભગવંતે પણ રજા આપી કારણ કે તેઓ પહેલેથી જ જાણતા હતા કે આ બંનેની શકિત નથી પણ તપનો ઉત્સાહ જાણીને તપનો સંસ્કાર પડે તે માટે જ ગુરૂ ભગવંતે હા પાડેલી.
કહેવાનું તાત્પર્ય એ છે કે પૂ. વજ્રસેન વિ. મ. શરીરથી નબળા હતા પણ તપ કરવા ગમતા. તપસ્વીને દવા વિગેરે કાંઈપણ જરૂરીયાત માટે તેઓ હંમેશા ઉદ્યત રહેતા.

## દીન - દુઃખીયાના બેલી

### જવાબદારીનું ભાન

પૂજય પંન્યાસજી મહારાજ પોતાના જીવનના ઉત્તરાર્ધમાં રાજસ્થાનની ભૂમિમાં જ રહયા. કહેવાય છે...." ફૂલની ફોરમ લેવા આવવા ભમરાને આમંત્રણ આપવું પડતું નથી."
એવી રીતે છેક રાજસ્થાનમાં પણ તત્વજિજ્ઞાસુ આત્માઓ પહોંચી આવતા. તેમાં શ્રાવક-શ્રાવીકા તો ખરા.... સાધુ -સાધ્વીજી પણ પધારતા. રાજસ્થાનની દાળ-બાટી બધાને અનૂકળ ન આવે. સંયમ જીવનની મર્યાદા અનુસાર કાંઈ સૂચના પણ કરવાની ન હોય તેમ છતાં.... પુ. વજ્રસેનવિજયજી મહારાજ પોતાની આગવી બુધ્ધિ પ્રતિભાથી બધું યથાયોગ્ય ગોઠવી આપતા. જેથી આટલે દૂર આવનારને વધુમાં વધુ શારિરીક અનુકૂળતા મળી શકે અને પૂજયશ્રીનો

Continue on page 25

Continue from page 24

લાભ લઈ શકે.

આ અરસામાં એકવાર એવું બન્યું કે.... પૂજયશ્રી રાણકપુર તીર્થમાં હતા. અને બાજુમાં સાદડી ગામમાં સાધ્વીજી મ. નું ગ્રુપ હતું. એમાં એક નુતન દીક્ષિત સાધ્વીજી ની તબિયત બગડી. સ્થાનિક ડોકટરે મહેનત કરી પણ વળતા પાણી ન થયા. છેવટે એવી સ્થિતિ આવી કે બ્લડ છૂટી પડયું. હવે નવું બ્લડ ચડાવવું જ પડે નહિં તો સાધ્વીજી બચે નહિં. આ વાતની જાણ પૂજય પંન્યાસજી મહારાજને થઈ. પૂજય વજસેનવિજયજી મહારાજ તૈયાર થયા. વિહાર કરીને સાદડી ગામે આવ્યા. પોતે બ્લડ આપવા તૈયાર થયા. આ વાતની ખબર પડતા જ કેટલાય યુવાનો બ્લડ આપવા તૈયાર થઈ ગયા. સાધ્વીજી મ. ને સમયસર ટ્રીટમેન્ટ મળવાથી નવું જીવન મળી ગયું. અત્યારે પણ... એ સાધ્વીજી મહારાજ સુંદર સંયમ આરાધના કરે છે. એટલું જ નહિં પૂજયશ્રી પ્રત્યે કૃતજ્ઞતા ભાવ એવો કેળવ્યો કે.... પોતે પણ પોતાના સમુદાયના વૃધ્ધ સાધ્વીજી ભગવંતોની ખૂબ સેવા ભકિત કરે છે.

આ રીતે પૂજયશ્રી પોતાની જવાબદારી સ્વયં સમજી-ખૂબ સારી રીતે નિભાવતા હતા.



સાધુ તો ચલતા ભલા

## વૃધ્ધોની માવજત પણ કેવી...!

પૂજયશ્રીએ પૂજય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મહારાજને વચન આપેલું વૃધ્ધોને સાચવવાનું.....!

પૂજયશ્રીનું સદભાગ્ય પણ કેવું જોરદાર કે પોતાની શારીરિક શકિત નહિં પણ એમને ગુરૂભાઈ પૂ. હેમપ્રભવિ. મ. મળી ગયા. આ બંન્ને ગુરૂભાઈઓએ મળીને ૨૨ જેટલા વૃધ્ધ મહાત્માઓની સેવા કરી. અંતીમ નિર્યામણા કરાવી, સંપુર્ણ સમાધિ આપી.

ઘણીવાર ન ધારેલા પ્રસંગ પણ બની જાય એવા સમયે પણ વૃધ્ધ મહાત્માઓને ઠપકો નહિં આપવાનો અને નાના બાળકની જેમ વ્હાલથી સાચવી લેવાના. આવો અદભૂત ગુણ બંને ગુરૂભાઈઓમાં ઉડીને આંખે વળગે તેવો છે.

એક મહાત્મા..... એવી વૃધ્ધ ઉંમર નહિં પણ મનમાં શું સુઝયું.... તે તે જ દિવસે પૂ.વજસેનવિજયજી મહારાજે એમને ચ્યવનપ્રાશનો ડબ્બો આપેલો. એક ચમચી - બે ચમચી એમ કરતાં આખો ડબ્બો એકી સાથે મહાત્મા વાપરી ગયા. નવાઈની વાત એ કહેવાય કે મહાત્માને કશું થયું નહિં. પૂજયશ્રીએ આ વાત જાણી તો એમણે પણ કોઈ જાતનો ઠપકો ન આપ્યો. ઉલ્ટું નવો ડબ્બો જોઈએ તો મંગાવી આપવાનું કહયું.

આવી સેવા તો સગા દિકરા પણ કરે ખરા?

## વજસેન ગુરૂ નામ છે તેનું..... જે પીડ પરાઈ જાણે રે.....!

એકવાર ઓશવાળ યાત્રિક ગૃહમાં પૂજયશ્રી પોતાના ગુરૂભાઈ હેમપ્રભવિજયજી મહારાજ આદિ સાથે બિરાજમાન હતા. ત્યારે.... સાધ્વીજી ભગવંતો વંદન કરવા આવતા. તેમાં એક સો વર્ષની ઉંમરનાં સાધ્વીજી મહારાજ, એક જીભના કેન્સરના વ્યાધિગ્રસ્ત સાધ્વીજી મ., બીજા પણ વૃધ્ધ સાધ્વીજી મ. બધાને કાયમ કયાં રહેવું એ પ્રશ્ન. તે સાંભળી પૂજયશ્રીનું હૃદય દ્રવી ઉઠયું.... હેમપ્રભમહારાજ ને કહયું..... આપણે કાંઈક કરી શકીએ તો ગોઠવો. આ વાત પર વિચારણા થઈ ત્યાં જ એક બેન આવ્યા. "મહારાજ સાહેબ...!" ચોમાસાનો પાસ મળશે? પાસ તો પૂરા થઈ ગયેલા. તેથી ના પાડવી પડી ત્યારે પેલા બેને ખૂબ દર્દભર્યો નિશાઃસોનાંખ્યો. "હે ભગવાન ! હવે કયાં જઈશ ?" આ શબ્દોએ પૂજયશ્રીના હૈયાને હચમચાવી નાખ્યું. પૂજયશ્રીએ પૂછયું " બેન....! આમ કેમ કહો છો?" ત્યારે બેને પોતાનો ચોટલો ઉંચો કરીને બતાવ્યો. જોતા કમકમાટી થઈ. ચામડી સહિત ચોટલો ઉખડેલો....." આ મારા દિકરાનું કામ છે. મને ચોટલો ખેંચી બહાર કાઢી છે.... કહયું છે ચોમાસાના ચાર મહિના તો ઘરમાં નહિં જ રાખું. હવે હું શું કરૂં?

Continue on page 26

Continue from page 25

એ સમયે તો સાધ્વીજી ભગવંતો તથા આ શ્રાવીકા બેનની વ્યવસ્થા કરાવી જ દીધી પણ..... આ વ્યથામાંથી ઉદ્દભવ થયો કસ્તુરધામ નો...! જયાં ૧૫ વર્ષમાં હજારથી વધુ શ્રમણી ભગવંતોએ આરાધનામાં સ્થિરતા મેળવી છે. અલગ-અલગ સમુદાયના ગ્રુપનાં હોવા છતા બધા સાધ્વીજીભગવંતો આત્મીયભાવે રહે છે. કેટલાકને માંદગી કે આયુષ્યની આખર સ્થિતિ આવી તો સતત નવકાર સાંભળવા મળ્યો. સમાધિ મૃત્યુ પણ સહજ સુલભ થયું છે.

પૂજય પંન્યાસજી શ્રી ભદ્રંકર વિજયજી મહારાજ કહેતા કે " આપણે દીક્ષા આપી છે આપણે જ જવાબદારી નભાવવી જોઈએ."



હળવાશની પળોમાં પૂજ્યશ્રી

## અનોખી ઉદારતા

પૂજયશ્રીની એક આગવી વિશેષતા હતી કે.... "કંઈક લાભ લેવાની......"

વિહારમાં કે સ્થાને કોઈપણ શ્રમણ-શ્રમણી મળે એને કહે જ "કાંઈ પણ લાભ આપો". વાતવાતમાં જાણી લે કે કોઈ દવા કાયમ ચાલતી હોય તો એ શકય જલ્દી મંગાવી આપે અને પછી મગજમાં એવી નોંધી લે કે દર મહીને એ મહાત્માને કે સાધ્વીજી ભગવંતને દવા સમયસર પહોંચી જાય. તે પણ એક-બે વર્ષ નહિં.... જીવે ત્યાં સુધી. આ ક્રમ હમણાં પણ ચાલુ છે.

પૂજયશ્રીની આવી ઉદાર ભકિત શ્રાવકોને જાણવા મળી તો પચ્ચીસ જેટલા શ્રાવકો કાયમી આવો લાભ લેતા અને ઘણા શ્રાવકો વિનંતી કરતા.

## સિધ્ધિનો વિનિયોગ

ત્રીસેક વર્ષ પહેલાની વાત છે.....

એક સાધ્વીજી મહારાજને એવી દવા ચાલતી હતી કે... જે લંડનમાં જ મળતી એમણે પૂજયશ્રીને સહજભાવે વાત કરી પુજયશ્રીએ કહયું... " દવા આવી જશે." આ વાત થઈ આજે અને પરમ દિવસે તો દવા સાધ્વીજી મ. ના હાથમાં આવી ગઈ. સાધ્વીજી મ. આશ્ચર્યચકિત થઈ ગયા. આવું બને જ કેવી રીતે? લંડનમાં મળતી દવા બે જ દિવસમાં હાથમાં હતી. સ્વપ્નમાં પણ ન વિચારી શકાય એવી સત્ય ઘટના બની. સાધ્વીજીએ સાહેબજીને પુછાવ્યું કે... આ દવા આપની પાસે હતી?

હકીકત એવી બની કે.... લંડનમાં રહેતા એક શ્રાવકે પુછાવ્યું કે" અમે આવતીકાલે ભારત આવવા નીકળીયે છીએ. કાંઈ કામકાજ હોય તો જણાવો.

એટલે પૂજયશ્રીએ એમને દવાનું જણાવ્યું અને સાથે કહયું કે... તમે અમદાવાદ ઉતરવાના છો તો અમદાવાદના અમુક ઉપાશ્રયમાં દવા આપતા આવજો. શ્રાવકે પણ "તહતિ" કર્યું. અને કાર્ય થઈ ગયું. આને કહી શકાય.... "સિધ્ધી નો વિનિયોગ".

પૂજયશ્રીનો દાનગુણ જન્મ-જન્માંતરથી વિકેસલો હશે. તેથી મોબાઈલ-ઓનલાઈન જેવા શબ્દો પણ અસ્તિત્વમાં ન હતા એવા સમયે આવું બની શકયું.

## કોને કહેવા મહાન....?

જૈન શાસનના ગગનમાં સૂર્ય સમ ઝળહળતા એક આચાર્ય ભગવંતને એમના ભકતે આગ્રહપૂર્વક, તે સમયે વધુ પડતી કિંમતી કહી શકાય એવી કામળી વહોરાવી. કિંમત હોય એટલે કવોલીટી પણ હોય જ ને.....! જોતાં જ ખ્યાલ આવી જાય કે ઉપયોગી પણ છે અને સારામાં સારી છે. છતાં... એ આચાર્ય ભવગંતને વિચાર આવ્યો કે આવું ઉત્તમ ઉપકરણ મારે

Continue on page 27

Continue from page 26
એવાજ ઉત્તમ મહાત્માને આપવું. કોને આપું...? એ વિચારતાં તરતજ એમને પુજયશ્રી યાદ આવ્યા. નક્કી કર્યું. એમનાથી ઉત્તમ પાત્ર આ ઉપકરણને યોગ્ય પ્રાયઃ કોઈ નથી એટલે એ કામળી એમણે પૂજયશ્રીને એની વિશેષતા કહેવા સહિત મોકલી. કામળી હાથમાં આવતા પૂજયશ્રીએ પણ વિચાર્યું કે.... "હું આને યોગ્ય નથી. કોઈ જરૂરિયાતવાળા નો લાભ મળી જાય તો સારૂં." ત્યાં થોડી વારમાં એક વૃધ્ધ સાધ્વીજી મહારાજ આવ્યા. વાતવાતમાં કહયું... "સાહેબ...! ઠંડીમાં થોડી શાતા રહે એવી અને વજનમાં હલ્કી કોઈ કામળી હોય તો..."

પૂજયશ્રીએ ક્ષણવારમાં જ કામળી આપી દીધી. પણ એની કિંમત ન કહી. કારણ... કિંમત સાંભળીને સાધ્વીજી મ. ના પાડી દે તો લાભ ન મળે.

આવી જબ્બર ઉદારતા હતી પૂજયશ્રીમાં...!

## સ્થાવર – જંગમ તીરથયાત્રા

દ્રવ્યની ભકિત કરી લેવી કદાચ સહેલી છે પણ... સમય અને શરીર શકિતનો ભોગ આપવો અઘરો છે. એ પણ પૂજયશ્રી માટે સહેલું હતું.

પોતાના ગુરૂભાઈ હેમપ્રભવિ. મ. ની દીક્ષાતિથિ અને દાદા આદિનાથની વર્ષગાંઠ નો દિવસ... વૈશાખ વદ – ૬. તેથી પૂજયશ્રી હેમપ્રભ વિ. મ. સાથે ગિરિરાજની યાત્રા કરવા મહારાષ્ટ્ર ભૂવનમાંથી નીકળ્યાને લુણાવા મંગલ ભૂવન પાસે એક સાધ્વીજી મહારાજે કહયું...

"સાહેબજી ! અહિં એક સાધુ ભગવંતની સીરીયસ કંડીશન છે આપ પધારોને...!"

બંને મહાત્માઓ તરત લુણાવા મંગલ ભુવનમાં ગયા. જોયું તો... ખરેખર ગંભીર સ્થિતિ હતી. અંતિમ નિર્યામણા અને નમસ્કારમહામંત્રના શ્રવણ કરાવવાનો સમય લાગ્યો. બંને મહાત્માઓ કર્તવ્ય સમજી બેસી ગયા. કલાક – બે કલાક મહાત્માએ સંપુર્ણ સમાધિપૂર્વક દેહ છોડયો. તે પછી ઉત્તરકાર્ય કર્યું. વૈશાખ મહિનો. ભયંકર ગરમી તેથી હવે ગિરિરાજની યાત્રા શકય ન હતી.

દીક્ષાતિથી ના દિવસે દાદાના દર્શન ન થયા એનો કોઈ અફસોસ નહિં. અજાણ્યા – અન્ય સમુદાયના મહાત્માને સમાધિ આપ્યાના પૂર્ણ સંતોષ સાથે મહાત્માઓ પાછા મુકામમાં આવ્યા.

## વિરતિધર પ્યારા લાગે...!

ગિરીવિહારમાં વૃધ્ધ સાધ્વીજી મ. ની જેમ વૃધ્ધ સાધુ ભગવંતોને પણ સ્થિરતા કરવાની વ્યવસ્થા હતી. જયારે જયારે પૂજયશ્રી પાલિતાણા પધારે ત્યારે ગિરિવિહાર ના વૃધ્ધ શ્રમણ ભગવંતો પાસે જાય જ. બધાની પાસે આત્મીય ભાવે બેસે. એમની ઉપધિ આદિ જરૂરિયાતની પૃચ્છા કરે. કાપ કાઢવા યોગ્યનો કાપ કઢાવી આપે. કાપમાં પહેલેથી પોતે બેસે. તરપણીના દોરા વિગેરે જે કાંઈ જરૂરિયાત હોય તે લાવી આપે પાત્રા તૂટી ગયા હોય કે ખરાબ થઈ ગયા હોય તો નવા લાવી આપે.

આ બધું કામ કરવામાં કોઈ મોટાઈ નહિં પણ ભકિતનો લાભ મળ્યાનો જ આનંદ છલકાય.

## સહાય કરે તે સાધુ.

પિતા એ દીક્ષા તો લીધી પણ.... વૃધ્ધ ઉંમર, સ્વભાવની વિચિત્રતા. હવે કોણ સાચવશે? એવી ચિંતાથી ઘેરાયેલા એ મુનિના બે દીકરી મહારાજને કોઈકે કહયું કે... "વજ્રસેન વિ. મ. પાસે જાવ... તમારૂં કામ થઈ જશે". એટલે બંને શ્રમણીજી પૂજયશ્રી પાસે આવ્યા. બધી વાત કરી. વાત સાંભળતા જ ખ્યાલ આવી જાય કે... આ મહાત્માને સાચવવા સહેલા નથી. સમુદાય પણ આપણો નથી તો... "આપણે શું?" આવું ન વિચારતા પૂજયશ્રી એ હેમપ્રભમહારાજને કહયું કે... શું કરશું... ત્યારે હેમપ્રભમહારાજ બોલ્યા કે... "આપણા પિતા મહારાજ હોય તો... આપણે શું કરીએ?"

કુદરતે "વજ્રહેમ" ની કેવી જોડી કરી કે હેમપ્રભ મ. આ કાર્યમાં સવાયા. એમણે પૂજયશ્રીની વાતને માત્ર સ્વીકારી જ નહિં... ૭ – ૭ વર્ષ એ મહાત્માને નાના બાળકની જેમ સાચવી સંપૂર્ણ સમાધિ આપી.

Continue on page 28

Continue from page 27

## સેવાથી મેવા મળે પણ કોને?

અન્ય સમુદાયના પણ ૮૦ થી વધુ ઉંમરના મહાત્માને સેવાભાવથી સ્વીકાર્યા. મહાત્માઓ ખૂબ સુંદર સેવા કરતા હતા પણ.. એક દિવસ વૃધ્ધ મહાત્માને શું સૂઝ્યું... તેથી કંઈક જીદ કરી. પૂજયશ્રીએ વૃધ્ધ મહાત્માને સમજાવ્યા કે... આવું કરીએ તો નાના મહાત્માઓ કેવી રીતે સાચવે? એટલી જ વાતમાં વૃધ્ધ મહાત્માને દુઃખ લાગી ગયું. અને ઉપવાસ શરૂ કર્યા. પૂજયશ્રીએ કાંઈ વિશેષ કહયું ન હતું. અને જે કહેલું તે એમના જ હિત માટે કહેલું. પોતે ગૃપના સૌથી વડિલ હતા. પદસ્થ હતા. સર્વમાન્ય હતા તેમ છતા વૃધ્ધ મહાત્માની બાળભાવે ક્ષમા માંગી મિચ્છામિ દુઃક્કડમ કર્યું પણ વૃધ્ધ મહાત્માની રીસ ઉતરી નહિં.

એક – બે – ત્રણ – ૧૩ ઉપવાસ થયા. પૂજયશ્રી હૃદયમાં ખૂબ પસ્તાવો કરતા હતા. પોતાની જ ભૂલ જોતા હતા. વૃધ્ધ મહાત્મા માટે સહેજ પણ નબળો વિકલ્પ નહિં. છેવટે... પૂજયશ્રીથી રહેવાયું નહિં. હેમપ્રભ વિ. મ. ને કહયું આમાંથી રસ્તો કાઢો.

હેમપ્રભ વિ. મ. ને ખ્યાલ કે ... મહાત્માને ખાટી કઢી સહજ પ્રિય છે એટલે એમને વંદન કરવા ગયા ત્યારે ખાટી કઢીની વાત કરી કે વૃધ્ધ મહાત્મા પારણું કરવા તૈયાર થઈ ગયા. મહાત્માએ ચૌદમાં દિવસની સવારે પારણું કર્યું પછી પૂજયશ્રીને શાંતિ થઈ.

સેવા કરવાથી મેવા મળે એ વાત સાચી પણ એ પહેલા આવી કેટલીય અગ્નિ પરિક્ષામાંથી પસાર થવું પડે.

શરીર થી કોમળ પણ સહનશકિતમાં વજ્ર જેવા પૂજયશ્રીમાં આવી કસોટીઓને પાર પામવાનું કૃપાબળ પ્રાપ્ત થયું હતું.

## સમયે સાચવે તે સાધુ...!

ચાલુ વિહાર.... શંખેશ્વર પહોંચવાનું હતું. કારણ... પુજયશ્રીની પોતાની પંન્યાસ પદવી હતી. દિવસો ગણતરીના જ હતા. વચ્ચે રોકાઈ શકાય એવું ન હતું. એવા સમયે...

સુરેન્દ્રનગરથી નીકળ્યા. મોઢવણ મુકામ કર્યો ત્યાંથી બજાણા જવાનું હતું. વચ્ચે ખેરવા આવ્યું. ખબર પડી કે ગામમાં બે મહાત્મા છે એમાં એક વૃધ્ધ અને બીજા છે તે પડી ગયા છે. પીડાથી કણસે છે. વિહાર કરીને આગળ બજાણા જવાનું હતું પણ.... તે છતાં વિહાર સ્થગિત કરી ખેરવા ગામમાં ગયા. મહાત્માને ઓળખ્યા. માત્ર સેવા – સમાધિને મુખ્યતા આપી. નાનકડું ગામ. કાંઈ જ શકય ન હતું. મહાત્માને સુરેન્દ્રનગર મોકલવા જ પડે એવું હતું કારણકે... જોરદાર પછડાટ થી પાંસળીમાં ફ્રેકચર.

આજથી ૩૩ વર્ષ પહેલા પુજયશ્રીએ શ્રાવકો દ્વારા બધા વ્યવસ્થા કરાવી. મહાત્માને સુરેન્દ્રનગર હોસ્પિટલમાં પહોંચાડયા સ્વાભાવિક છે કે .... આ બધુ કરવામાં મોડું થઈ જ ગયું હોય. તેમ છતાં જરાય ગ્લાનિ કે ઉપેક્ષા કર્યા વગર કાર્ય સંપન્ન કરી આગળ વિહાર કર્યો.

મહા વદ ના એ દિવસો...! પોતાની અનૂકૂળતા – પ્રતિકૂળતાનો વિચાર જ નહિં. મહાત્માની જ સમાધિ મુખ્ય બનાવનાર આ પૂજયશ્રી હવે ફરી કયારે મળશે?

## કલ્પવૃક્ષની છાયા...!

પૂજયશ્રીના અંતિમ દિવસોમાં બનેલી એક ઘટના યાદ આવે છે.

દીક્ષા પ્રસંગ ચાલુ હતો. એક બેન બહારગામથી આવેલા પ્રસંગમાં બે દિવસ રહયાને પછી ઘરે જવાનું હતું. પૂજયશ્રી પાસે આવ્યા. કંઇક લાભ આપોની વિનંતી કરી, તે જ વખતે ૧ ભાઇ આવ્યા સાહેબને વિતક વર્ણવી, કરૂણાના દરિયા સાહેબે પોતાને કાંઈ ખપ ન જણાવ્યો પણ કહયું કે... આ ભાઈને મદદ કરવાની છે. તમારા ઘરે પહોંચવા સુધીના ગાડી ભાડાના અને નાસ્તાના રાખીને બીજા આપી દેજો.

એ બેને પર્સમાં રૂપિયા કેટલા છે એ ગણ્યા. પૂજયશ્રીના કહેવા પ્રમાણે પોતાના માટે રાખીને બીજા ૨૦૦૦ રૂા. વધ્યા તે પેલા ભાઈને આપ્યા. ભાઈ ખુશ ખુશ થઈ ગયા. કારણકે તેઓ એટલીજ અપેક્ષાથી આવેલા.

આવા તો... ગણ્યા ગણાય નહિં એટલા પ્રસંગો પૂજયશ્રીના જીવનમાં બન્યા છે.

## સાધુ ધર્મના ગુણના ભંડાર સાહેબજી
## પૂજ્ય પંન્યાસ શ્રી વજ્રસેનજી મહારાજ અને દશવિધ યતિધર્મ

**૧. ક્ષમા :-** પેમ્ફીગસ વલ્ગારીસ નામના રોગની શરૂઆત થઈ ગયેલી તેથી મોઢામાં ચાંદા, શરીર ઉપર ચાંદા પડવા લાગેલા પણ રોગ પરખાયો ન હતો. જે કોઈ શાતા પૂછવા આવે તે દવા બતાવે. એમાં એક શ્રાવક આવ્યા. એક દવા બતાવી. પૂજયશ્રીને પિત પ્રકોપ હતો. તેમાં એ દવા કામની ન હતી. પૂજયશ્રીએ ના પાડી. શ્રાવકે ખૂબ આગ્રહ કર્યો. દાક્ષિણ્યતાના ભંડાર પૂજયશ્રીએ વાત સ્વીકારી લીધી, દવા લીધી અને ભયંકર દાહ થવા લાગ્યો. અસહ્ય વેદના થવા લાગી. તે સમયે સાથેના મહાત્માઓના મનમાં થઈ ગયું કે આ શ્રાવકે હેરાન કર્યા.. પણ પૂજયશ્રીના મનમાં સ્હેજ પણ વિકલ્પ નહી. શ્રાવક પ્રત્યે સ્હેજ પણ રોષ ન આવ્યો.

વિચાર આવ્યો માત્ર "મારા કર્મ"

આ રીતે ક્ષમાગુણ – સમતા ગુણ અનુભવાયો.

**૨. નમ્રતા :-** પરમપૂજય ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ, પરમપૂજય ગચ્છાધિપતિ શ્રીમદ્‌વિજય મહોદય સૂરીશ્વરજી મહારાજ, પરમપૂજય ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય હેમભૂષણસૂરીશ્વરજી મહારાજ. પરમપૂજય આચાર્યદેવ શ્રી મહાબલસૂરીશ્વરજી મહારાજે પૂજય પંન્યાસ શ્રી વજ્રસેનવિજયજી મહારાજને આચાર્ય પદવી આપવા માટે ખૂબ આગ્રહ કર્યો પણ પૂજયશ્રી નમ્રતાપૂર્વક મકકમ રહયા. પૂજય દાદાગુરૂમહારાજથી આગળ વધવાની મારી ભાવના નથી અને આચાર્યપદને વહન કરવાની મારી શકિત કે લાયકાત પણ નથી એમ કહી પૂજયોના હૃદયને જીતી લીધા.

કયારેક કોઈ પ્રસંગમાં ગયા હોય, પોતે મોટા હોય પણ કોઈપણ આચાર્ય મહારાજ પધાર્યા હોય તો પોતે પાછળ બેસે. પછી કોઈને ખ્યાલ આવે ને એમને આગળ બોલાવે તો એટલી જ સહજતાથી આગળ બેસે કયાંય કોઈ અભિમાન નહિ.

પર્યાયમાં પોતાનાથી ઘણા નાના હોય પણ પદમાં મોટા હોય તેઓને પત્ર લખવાનો હોય તો પોતાની વંદના લખાવતા.

કોઈપણ પત્રિકામાં પોતાના નામની આગળ કોઈપણ વિશેષણ લખવાની ના જ પાડતાં. છપાયા પહેલા એમના હાથમાં આવી જાય વિશેષણ છેકાવી જ દેતા.

આજના દીક્ષિત મહાત્માનું નામ પણ આખું જ બોલતાં. એટલું જ નહિ 'મહારાજ' શબ્દ અવશ્ય બોલતાં. કયારેય 'તુ' – કારો નથી કર્યો. આવી પરાકાષ્ઠાની નમ્રતા હતી.

પૂજયશ્રીમાં...

**૩. સરળતા :**

સરળતા એટલે દંભનો અભાવ. જે મનમાં હોય તે જ વચન કાયામાં હોય. પૂ. સાહેબજી સરળતાનું મૂર્તિમંત સ્વરૂપ હતા. નિર્દંભ વ્યકિતત્વ હોવાથી સાહેબજી પાસે આવનાર દરેક પોતાનું મન હળવું કરી લેતા.

એક વખત એક શ્રાવક સાથે વાતચીત કરતા હતા ત્યારે શ્રાવકે નિખાલસપણે સાહેબજીને કહયું કે હવે તો મેં મારી બધી સંપતિ દીકરાઓને સોંપી દીધી છે. તે વખતે વ્યવહાર કુશળ અને સમયજ્ઞ પૂ. સાહેબજીએ કહયુ કે આ તમે અનુચિત કર્યું છે. અત્યારના કાળમાં જયાં સંતાનોને માતા – પિતા પ્રત્યે આદરનો અભાવ છે તેમાં 'આવુ કામ કરતા તો તમે પસ્તાશો અને છેલ્લી જિંદગી અસમાધિમાં જશે' સમાજમાં આગળ પડતું નામ ધરાવતા તે શ્રાવકને આવી રીતે કડવી પણ હિતકારી વાત કહેવાનું સામર્થ્ય સરળ મનનાં પં. શ્રી વજ્રસેન મ. પાસે જ હતું.

એક સંઘમાં સાહેબજી ચોમાસુ હતા. ત્યાં એક મોટુ પૂજન થવાનું હતું. તે પરિવાર નિશ્રા આપવા વિનંતી કરવા આવ્યું. સાહેબજી તેમના પરિવારથી પરિચિત હતા. તરત જ તેમણે ૩૦ વર્ષની દીકરીને કહ્યુ કે ' તમે તમારા પપ્પાને (સસરાને) કેમ સાચવતા નથી. તેઓને સાચવીને પછી પૂજન કરાવો તો લેખે લાગે' આજનાં કાળની આ વસમી વિષમતા છે કે લોકોમાં કૃતજ્ઞતા ગુણની હાનિ થઈ રહી છે. આ વાત પૂ. સાહેબજીને ખુબ ખૂંચતી હતી. તેથી જ જેને કોઈ કહી ન શકે કે સમજાવી ન શકે તેવા આજના કાળના વક્ર અને જડ જીવોને પણ સાહેબજી સહજતાથી આ વાત કહી શકતા કારણ અરિસો હંમેશા જે હોય તે જ બતાવે છે.

**૪. મુકિત – નિર્લોભતા :-** પૂજય સાહેબજી ઉદારદિલ હતા. સાહેબજીને એક વ્યસન જોરદાર હતું તે સહાયતાનું. ઘણી વખત સાહેબજીએ જરૂરિયાતમંદોને એવા સમયે સંતોષ અને સહાય કરી છે કે પંન્યાસ ભદ્રંકરવિજયજી મહારાજે તેમને કહેલુ કે,

Continue on page 30

Continue from page 29

'તે તારી શકિત મુજબ બધાને સહાય કરી છે તે માટે તને જે સમયે જેની જરૂરીયાત હશે તે તરત મળી જશે'
આ વાત ૧૦૦ નહિ ૨૦૦% અમે સાહેબજીના જીવનમાં જોઈ છે.
એક વખત સાહેબજીને કોઈ શ્રાવક ખૂબ મોંઘી અને તે કાળમાં દુર્લભ એવી કામળી વહોરાવી ગયા. બીજે દિવસે એક સાધ્વીજી મહારાજ વંદન કરવા આવ્યા. ત્યારે તેમણે સાહેબજીને કહયુ કે શિયાળામાં ઠંડી રોકે તેવી પણ વજનમાં હલકી કામળીનો ખપ છે. જો આપને ખ્યાલમાં હોય તો મંગાવી દેશો ? તરત જ સાહેબજીએ આગલા દિવસે વહોરેલી કામળી તે સાધ્વીજી મહારાજને આપી દીધી અને મને ખૂબ ઉતમદ્રવ્યનો લાભ મળ્યો એમ વિચારી આનંદ થયો.
સાહેબજીને ખરો આનંદ દાનમાં જ આવતો, ભોગમાં નહિ.

**૫. તપ :-** સાહેબજીએ નાની ઉંમરે છટ્ઠ કર્યો હતો. (દીક્ષાજીવનમાં) ત્યારબાદ માઈગ્રેન વિગેરે રોગોને કારણે ઉપવાસ ન કરી શકતા. પણ બાર પ્રકારના તપમાં માત્ર અનશનને છોડી બાકી ના ૧૧ પ્રકારનો તપ સાહેબજીના જીવનમાં હતો.
૧. ઊણોદરી : સાહેબજીના ત્રણ સમયની ગોચરી ખૂબ જ ઓછી, એક નાના બાળક જેટલી જ થતી.
૨. વૃતિસંક્ષેપ : વિશિષ્ટ દ્રવ્યોને છોડી સાદા દ્રવ્યો જ વાપરતા.
૪. રસત્યાગ : વાપરવાનું એવું રહેતું કે છ માંથી ૨-૩ વિગઈઓ જ વપરાતી.
૫. સંલીનતા : છેલ્લા વર્ષોમાં સાહેબજી કહેતા કે આ પાટ જેટલો જ મારો અવગ્રહ છે. પાટ ઉપર જ આરાધના વિગેરે કરતા. માત્ર દેરાસર જવા પૂરતું જ બહાર નીકળતા.
૬. કાયકલેશ : શરીરમાં બળતરા, ખંજવાળ, તથા પગ માથું દુઃખે તો પણ કયારેય ફરિયાદ નહિં માત્ર સહન જ કર્યું.
૧. પ્રાયશ્ચિત : દરરોજ બધાંને ખમાવતા.
૨. વિનય : જીવનભર પૂ. દાદાગુરૂમહારાજની ઈચ્છા મુજબ જ રહયા.
૩. વૈયાવચ્ચ : અગણિત સંયમીઓને સહાય કરી જેની ઘણી વાતો જગજાહેર છે.
૪. સ્વાધ્યાય : દિવસભર સ્વાધ્યાય - સ્તોત્રો વિગેરે ચાલતું. સાહેબના એ નિત્યક્રમ કદાચ પ્રસંગોપાત રહી જાય તો રાત્રે ૧૨ વાગે પણ કરી લેતા.
૫. ધ્યાન : આરાધના વિગેરે થઈ જાય એટલે પરમાત્માના ગુણોની વિચારણા દ્વારા શુભધ્યાનમાં જ રહેતા.
૬. કાયોત્સર્ગ : છેલ્લા ૨૦ વર્ષથી કાયામાં રોગોના હુમલા' એગો હં નત્થિ મે કોઈ' તથા 'એગો મે સાસઓ અપ્પા' એ શ્લોકોનું વારંવાર ભાવન કરી શરીરની માયા છોડી દીધી હતી.

**૬. સંયમ :** એક વખત સાહેબજી પાસે એક પર્યાયવૃદ્ધ સાધ્વીજી આવ્યા. અંગતવાત કરવી હતી એટલે પૂ. સાહેબજીએ હેમપ્રભ મ. ને બોલાવ્યા. પછી કહ્યું કે અમારા આ સાધ્વીજી સંયમમાં ખુબ શિથિલ છે. ક્રિયામાં ગોટાળા કરે, પૂંજવા પ્રમાર્જવાનુ તો જાણે ભૂલી ગયા છે. તપ પ્રત્યે જરાય રુચિ નહિં. સાહેબજી હું તો ફસાઈ ગઈ. આપ કાંઈક કરો. ત્યારે સાહેબજી એ કહયુ કે, ' જયારે પણ કોઈને દિક્ષા આપો તો ૧૭ વખત વિચારી લેવુ પણ દિક્ષા આપ્યા પછી એવા સાચવી લેવા કે તેમને કયારેય સંસાર યાદ ન આવે. માટે તમે તેમને ખૂબ પ્રેમ આપો તેમના પ્રત્યેનું વર્તન કૂણું રાખો અને મનથી શુભ ભાવ આપો તો ચોકકસ પરિવર્તન આવશે. તે સાધ્વીજી મહારાજે સાહેબજીના વચન પ્રમાણે કર્યું તો તેના ફળ સ્વરૂપ તે સાધ્વીજી મ. આજે ખૂબ સુંદર સંયમ આરાધના કરવા સાથે અનેક શિષ્યાઓના ગુરૂણી પદે શોભી રહયા છે.
આ રીતે ઘણાને ખુબ જ સ્વાભાવિક રીતે સંયમમાં સ્થિર કરી દેતા એ પૂજયશ્રીનો સંયમગુણનો વિનિમય જ કહેવાય ને.

**૭. સત્ય –** દ્રઢ નિજ વચન સ્થિતિ :
સાહેબજી એક વખત વચન આપતા પછી તેને પૂર્ણ કરીને જ જંપતા.
પિંડવાડા ચાતુર્માસ વખતે ઘણાએ કહયું કે ત્યાં આપ ન જાવ, આપના શરીરને અનુકૂળ નથી છતાં પણ સાહેબજીએ કહયુ કે મેં સંઘને વચન આપ્યું છે માટે ચોમાસું તો પિંડવાડા જ કરીશ' તે ચોમાસામાં સાહેબજીને ફૂડ પોઇઝન થયું.ખૂબ તકલીફ પડી પણ વચન પાળીને જ રહયા.
કોરોના કાળમાં સંસારી સંબંધીઓ અને હિતેચ્છુઓએ કહ્યું કે સાહેબ સંક્રમણ ખૂબ જ છે આપ આરાધના ધામમાં જ ચોમાસું કરો.ત્યારે સાહેબજીએ કહયું કે, 'અહિં રહેવાથી નિત્યપિંડ દોષ લાગે તેમજ ગામમાં જવાથી સંઘની આરાધના થશે અને મેં

Continue on page 31

Continue from page 30
વચન આપ્યું છે માટે ચોમાસુ ગામમાં જ કરવાનું છે અને સાહેબજીનાં છેલ્લા પાઠશાળા સંઘના ચોમાસામાં ચારે બાજુ સંક્રમણ વધતુ હતું. છતાં પણ સાહેબજી ના 'દઢની જ વચન સ્થિતિ'ના કારણે સાહેબજીને તો કંઈ જ ન થયું પણ સાથે ૭ - ૭ ઘરડા મહાત્માઓ હતાં ને કોઈનેય જરા પણ તકલીફ ના પડી.
આ રીતે પૂજયશ્રી વચનપાલનમાં દઢ રહેતા તે એમના સત્ય ગુણનો શણગાર હતો.

**૮. શૌચ :-** શૌચ એટલે શુધ્ધિ. મન - વચન - કાયાની શુધ્ધિ. શુધ્ધિ બે પ્રકારે છે. બાહય અને અભ્યંતર.
બાહયથી સંયમની ક્રિયા - આરાધનામાં મગ્ન રહેવું અને અભ્યંતર રીતે મનનો ઉપયોગ સર્વજ્ઞ ભગવંતની આજ્ઞામાં રાખવો. આ બંને શુધ્ધિ પૂજય પંન્યાસ શ્રી વજસેન વિજયજી મહારાજના જીવનમાં ઝળહળતી હતી.
બાહય :- પૂજય સાહેબજીને નાનપણમાં જ માતા પિતાએ ઉતમ પુત્રરત્ન બનાવવાના મનોરથ સેવેલા અને કેળવણી પણ એ પ્રમાણે જ કરી. બે વર્ષની ઉંમરથી રાત્રે સ્તનપાન બંધ કરી દીધું. રાત્રીભોજન અને કંદમૂળ તો સાહેબના શરીરમાં ગયું જ નથી. માણેકભાઈ (પૂ. મહાસેન વિજયજી મહારાજ) ની સંસ્કાર માટેની નેમ એટલી કડક કે કેશુને ગામના છોકરાઓ સાથે રમવા ન દે. એક વખત કોઈકે કેશુની ફરિયાદ કરી કે કેશુ તો ગાળ બોલે છે. ત્યારે માણેકભાઈએ ઉલટ તપાસ કરી કેશુને જ પૂછયું તું, અપશબ્દો બોલ્યો હતો ? ત્યારે સરળ મનના કેશુએ કહયું કે ' ના હું ગાળ બોલ્યો જ નથી' તરત જ માણેકભાઈએ એક તમાચો લગાવ્યો કે, 'તું ગાળ, એવો શબ્દ પણ કેમ બોલ્યો ?'
પૂર્વભવની સાધના અને આ ભવમાં માતા - પિતાના સંસ્કારના સંયોજનથી સાહેબજીની વચનશુધ્ધિ એટલી પ્રબળ બની કે જીંદગીભર અપશબ્દો તો નથી બોલ્યા પણ ઉગ્રશબ્દોથી કોઈની સાથે વાત પણ નથી કરી. જવાબદારીના કારણે યોગક્ષેમ કરતાં કહેવું પડે તો પણ તરત જ નમ્રવાણીથી 'મિચ્છામી દુકકડં' આપી દેતા.
આ વચનશુધ્ધિના કારણે સાહેબજી 'વચનસિધ્ધ' બન્યા. સાહેબજીના પરોપકારના દરેક કાર્યોની ઈચ્છા જેવી વ્યકત કરે છે કે તરત જ આચાર્ય હેમપ્રભસૂરિ મહારાજ તેને વહેલી તકે પૂરી કરી લેતાં.
અભ્યંતર : જીવનભર દરેકને સમાધિ જ આપી છે. એવા સાહેબજીની ઈચ્છા હતી કે મારો અંત સમય સમાધિમાં જાય અને છેલ્લા સમયે જયારે સર્વ પ્રયત્નો કરવા છતાં સાહેબના શરીરે સપોર્ટ આપવાનું બંધ કર્યું. ત્યારે ઉપાશ્રયે લઈ ગયા અને ચાર કલાક સતત નવકાર સાંભળતા રહયા અને અપૂર્વ સમાધિપૂર્વક દેહ છોડયો.

**૯. અકિંચનતા :** પૂર્વભવના ઉતમ સંસ્કારો લઈને અવતરેલા પંન્યાસ શ્રી વજસેન વિજયજી મહારાજના જીવનમાં દાનરુચિ જન્મથી જ હતી. છેલ્લી અવસ્થા સુધી સાહેબજી દરેકને આપતા જ રહયા. તેના કારણે તેમને (મૂર્ચ્છા) આસકિત કદી પણ ન થઈ. સારામાં સારી વસ્તુ પણ બીજાના ઉપયોગમાં આવે તો મને લાભ મળે એવી ભાવના જ ભાવતા અને આપી પણ દેતા એક વખત અત્યંત મોંઘી કામળીનો આખો તાકો શ્રાવક વહોરાવી ગયા. તરત જ સાહેબજીએ તે આખેઆખો તાકો સાધ્વીજી મહારાજને મોકલાવી દીધો અને કહયુ કે તે ગ્રુપમાં બધા ઘરડા અને તકલીફવાળા સાધ્વીજી મહારાજ છે તેમને આ ઉપયોગમાં આવશે.
તેવી રીતે સાહેબજીને હાડકાનો દુ:ખાવો થતો હતો માટે એક શ્રાવકે ખૂબ કોમળ સંથારો વહોરાવ્યો હતો. થોડો સમય સાહેબજીએ વાપર્યો પછી ખબર પડી કે શ્રમણી વિહારમાં સાધ્વીજી મહારાજને આવા સંથારાની જરૂર છે તો તરત મોકલાવી દીધો.
જીવનભર લાલપટ્ટીવાળી કામળી જ વાપરી છે. કોઈ આગ્રહ કરે કે 'આપ તો બધાના વડીલ છો. આટલા ભકતો છે, તો થોડી વ્યવસ્થિત કામળી વાપરો તો સારુ દેખાય. ત્યારે સાહેબજી કહેતા કે. 'જેનું સાદુ જીવન હોય તે સાધુ' મને સાદાઈ જ ગમે છે.
જીવનમાં કયારેય પોતાના શિષ્યો કરવાની ઈચ્છા, પ્રયત્ન નથી કર્યા. વડિલોએ તેમની નિ:સ્પૃહતાથી પ્રેરાઈને તેમના શિષ્યો બનાવ્યા.

**૧૦. બ્રહ્મચર્ય :** આત્મરમણતા વાસ્તવિક બ્રહ્મચર્ય એટલે આત્મામાં રતિ. આત્મા સિવાયના અન્ય સર્વ પદાર્થો પ્રત્યે અનાસકિત. આવા બ્રહ્મચારી જીવો બધામાં આત્મા જ જુએ તેની દષ્ટિમાં લિંગભેદ ન રહે યોગદષ્ટિ સમુચ્ચયમાં પણ કહયું છે કે આત્મલક્ષી જીવ જેમ જેમ આગળની દષ્ટિમાં આત્માસાત્ કરતો જાય તેમ - તેમ તે એવી ઉંચાઈએ પહોચે કે તેને બધાં જીવોમાં આત્મા જ દેખાય.

Continue on page 32

Continue from page 31

પૂ. સાહેબજીએ પણ જીવનભર બધાને સમાન આત્મદષ્ટિથી જ જોયા છે માટે જ કોઈનો તિરસ્કાર કરી ન શકતાં આજના કાળની વિષમતાને લીધે એવા બે-ત્રણ મહાત્માઓ સાહેબની નિશ્રામાં આવ્યા હતાં. ઉંમર મોટી અને સ્વભાવ જરા આગ્રહી તેથી તેવા જીવો પણ કયારેક કંઈ અનુચિત વર્તન કરે તો સાહેબજી કહેતા કે ગમે તેમ તેઓ જીવ છેને અને તેમાં પણ પંચમહાવ્રતધારી છે માટે તેમના પ્રત્યે કે તેમના વર્તન પ્રત્યે કયારેય દુર્ભાવ ન કરવો.

અધ્યાત્મયોગી પં. શ્રી ભદ્રકંર વિ. મ. આંતરીક આરાધના માટે જયારે મારવાડમાં જ વિચર્યા ત્યારે તે મહાપુરુષના વંદન માટે ઘણા સાધુ - સાધ્વીજી મ. મારવાડ પધારતાં. તેથી મોટા પંન્યાસજી મહારાજે વજ્રસેન મહારાજ પાસે બોલાવ્યા અને કહયુ કે 'જો આ બધા સાધુ સાધ્વીજી મ. મને વંદન કરવા આવે છે. તે મહાત્માઓને અહિં મારવાડમાં કોઈ જાતની તકલીફ ન પડે તે માટે તારે ઉપધિ, વસતિ, ઉપકરણો વિ. જે જરૂરિયાત હોય તેની જરૂરિયાત પૂરી થાય તે જોવાની જવાબદારી તારી છે. અને પૂ. વજ્રસેન મહારાજે ઉત્સાહપૂર્વક તે આજ્ઞા શિરોધાર્ય કરી અને જે - જે સાધુ - સાધ્વીજી મ. પધારે તેમની દરેક જરૂરીયાતો પૂરી કરાવતાં તે સમયે યુવાન વય અને સાધ્વીજી મ. સાથેનો પરિચય હોવા છતાં પૂ. સાહેબજી કયારેય વિકારભાવથી લેપાયા નહિ. દરેકમાં તેઓ સંયમી આત્મા તરીકે જ જોતાં. નૈષ્ઠિક બ્રહ્મચર્યનો આ ગુણ એટલી પરાકાષ્ઠાએ પહોંચ્યો કે સાહેબજીની નિશ્રામાં જે - જે આવતા તેમના કષાયો - વિકારો શાંત થઈ જતાં. તેમનું મન નિર્મળ થઈ જતું. સંયમમાં સ્થિર થઈ જતું.

સાહેબજીની આ નિર્મળતાને કારણે ઘણા મહાત્માઓ અને ગૃહસ્થો પોતાની અંગત વાતો કે વિચારો નિઃસંકોચપણે જણાવી શકતાં અને સાહેબજી પણ તેમને સાંભળીને એવું સુંદર સમાધાન આપે કે દરેકને સંતોષ થતો અને જીવન જીવવાની નવી જ દષ્ટિ મળતી.

# જ્ઞાનના સંગે સાહેબજી
# પૂજયશ્રી ની જ્ઞાનપ્રતિભા

લગભગ લોકોના મનમાં એમ જ હતું કે સાહેબજી ખાસ ભણ્યા નથી ઘણા સાધ્વીજી ભગવંતોને પણ આ ભ્રમ હતો પણ વાસ્તવિકતા કાંઈક જુદી જ હતી.

સાહેબજી નાનપણથી કુશાગ્ર બુધ્ધિના ધારક હતા. પરમપૂજય આચાર્યદેવશ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજાના કહેવાથી ખૂબ જ ટૂંક સમયમાં. સંસ્કૃત વ્યાકરણ કંઠસ્થ કરેલ..

૧૫ વર્ષ જેવી નાની ઉંમરમાં છ હજારી લઘુવૃતિ વ્યાકરણ કર્યું. પૂ. પંન્યાસજી ભગવંતની સેવાના વર્ષો દરમ્યાન પોતાનું કાંઈ ભણાયું નહિં એનો સ્હેજ પણ વસવસો ન કર્યો.

પૂજયશ્રીના કાળધર્મ પછી ફરી સ્વાધ્યાયાદિમાં પરોવાયા. ગ્રંથ સંપાદનના ક્ષેત્રમાં આગળ વધ્યા. પૂ. દાદાગુરૂદેવના સાહિત્યને તો છપાવ્યું પણ તે ઉપરાંત વાંચન, અભ્યાસ આદિમાં ઉપયોગી ગ્રંથો છપાવ્યા.

લોકપ્રકાશ ગ્રંથ તો આખે આખો સંમાર્જન કરીને પુનર્મુદ્રિત કરાવ્યો. તેમાં એક ભાગ ભાષાંતર કરવાનો જ બાકી રહી ગયો હતો તેનું સંપૂર્ણ ભાષાંતર પૂજયશ્રીએ કર્યું.

પૂજયશ્રીએ પ્રકાશીત કરેલા ગ્રંથોને ચાર વિભાગમાં વહેંચી શકાય તેની યાદી નીચે પ્રમાણે છે.

### પૂજયશ્રીએ સંપાદન કરીને પ્રકાશિત કરેલા પુસ્તકો :-

૧. ઉતરાધ્યયન સૂત્ર મૂળ (ભાગ ૧-૨)
૨. ધર્મ ચિંતન
૩. લઘુક્ષેત્ર સમાસ
૪. ધર્મ અનુપ્રેક્ષા
૫. સુલભ ચરિત્રાણિ ગદ્ય
૬. સુલભ ચરિત્રાણિ પદ્ય ૧-૨
૭. સુલભ કાવ્ય પ્રવેશિકા
૮. શ્રી ભકતામરસ્તોત્ર મહાકાવ્યમ્
૯. પ્રાકૃત રૂપાવલી
૧૦. પાઈઅ લચ્છી નામમાલા
૧૧. પંચપ્રતિક્રમણ સૂત્ર (અર્થ સાથે)
૧૨. પંચ પ્રતિક્રમણ સૂત્ર (વિધિ સાથે)
૧૩. પ્રમાણનય તત્વાલોક (અવચૂરિ સાથે)
૧૪. છંદોનુસંધાન
૧૫. સિધ્ધહેમ બૃહદ્વૃતિ લઘુન્યાસ ભાગ ૧-૨-૩
૧૬. ત્રિષષ્ઠી પહેલું પર્વ
૧૭. ઉપદેશાત્મક હળવા પ્રસંગો
૧૮. પ્રાકૃત વ્યાકરણ - અષ્ટમ્ અધ્યાય
૧૯. પાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૧-૨
૨૦. મધ્યકાલીન દેવનાગરી લિપ્યંતર

Continue on page 33

Continue from page 32

૨૧. આઠ દષ્ટિ સજઝાય સાર્થ
૨૨. બૌધદાયક દષ્ટાંતો ભાગ ૧ થી ૫
૨૩. પગલે પગલે યાત્રા (શ્રી શત્રુંજયયાત્રા સચિત્ર)
૨૪. ખુશી
૨૫. શ્રી નવપદ આરાધના વિધિ

## અનુવાદ કરીને પ્રકાશિત :-

૧. ઉતરાધ્યયન સૂત્ર (ભાગ ૧ - ૨) (મૂળ સંસ્કૃત છાયા, ગુજરાતી અનુવાદ કથા સહિત)
૨. લોકપ્રકાશ (ભાગ ૧ થી ૫)
૩. પ્રવચન સારોધ્ધાર
૪. પ્રકરણ રત્નાવલી

## સંમાર્જન કરીને પ્રકાશિત :-

૧. ઉપમિતિ ભવપ્રપંચા કથા ભાગ ૧ થી ૩ ગુજરાતી
૨. અધ્યાત્મ કલ્પદ્રુમ
૩. શત્રુંજય માહાત્મ્ય સાર (ગુજરાતી તથા હિન્દી)
૪. શાંત સુધારસ
૫. શ્રી સિધ્ધર્ષિ

## પ્રકાશિત :-

૧. શ્રી ચંદ્રકેવલી રાસ (ભાગ ૧-૨)
૨. લોગસ્સ સૂત્ર સ્વાધ્યાય
૩. ભકતામર કલ્યાણમંદિ નમિઉણ સ્તોત્રત્રયમ્
૪. જૈનધર્મવર સ્તોત્ર - ગોધૂલિકાર્ય
૫. શ્રાધ્ધવિધિ પ્રકરણ
૬. સંસ્કૃત ધાતુ કોષ અર્થસહિત
૭. વિશેષ આવશ્યક ભાષ્ય
૮. હૈમસંસ્કૃત પ્રવેશિકા ભાગ ૧-૨-૩
૧૦. સિધ્ધ હેમ સંસ્કૃત વ્યાકરણ (પ્રથમા, મધ્યમા, ઉતમાની નિયમાવલી)
૧૧. નિત્ય સ્વાધ્યાય સંગ્રહ
૧૨. ઉપદેશમાલા પુસ્તક સાર્થ
૧૩. શ્રી બૃહદ કલ્પસૂત્ર (ભાગ ૧ થી ૬)
૧૪. દશવિધ ચક્રવાલ સામાચારી (સંસ્કૃત)

## પૂજ્ય પંન્યાસજી શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યશ્રીના મૌલિક ચિંતનો

૧. ત્રૈલોકય દિપક મહામંત્રાધિરાજ
૨. આત્મઉત્થાનનો પાયો
૩. પ્રાકૃતિક પરમતત્વનું મિલન
૪. નમસ્કાર ચિંતનયાત્રા
૫. પૂજ્ય પંન્યાસજી મહારાજના પ્રવચનો (પાટણ)
૬. પૂજ્ય પંન્યાસજી મહારાજના પ્રવચનો (લાલબાગ - મુંબઈ)
૭. પૂજ્ય પંન્યાસજી મહારાજના નવપદના પ્રવચનો
૮. પૂજ્ય પંન્યાસજી મહારાજની પત્રગંગા (ભાગ ૧ થી ૧૦)
૯. નવકારના પુસ્તકો (ભાગ ૧,૨)
૧૦. આત્મસાધના માર્ગ

## આરાધના અર્થેના પુસ્તકો (નાની બુકલેટ)

૧. નવલાખ જપંતા નરક નિવારે
૨. વર્ધમાન સામાયિક
૩. કર્મ ખપાવવાનો કીમિયો
૪. વંદના પાપ નિકંદના
૫. સિધ્ધિદાયક સહસ્રકૂટ સામાયિક
૬. પાપના થાકથી વિસામો
૭. જીવન જાગૃતિ અને અંતિમ આરાધના
૮. ભવ આલોચના
૯. દેવવંદન
૧૦. મારી અંતરની પ્રાર્થના
૧૧. ઘર ઘર કી કહાની

## ઉપમતિની કૃપાથી અનુપમ કૃતિ....

દેવગુરૂની કૃપાથી મેનેન્જાઈટીસ રોગમાંથી સંપૂર્ણ સ્વસ્થ થઈ ગયા પછી દૈનિક જાપ સ્વાધ્યાય તો ખરો તે ઉપરાંત

Continue on page 34

Continue from page 33

ભવભાવના ભાગ – ૨ નું વાંચન શરૂ કર્યું. પ્રત વાંચનાર પાસે હોય. વાંચનાર શ્લોક બોલે.. સાહેબજી એનો અર્થ અવધારી લે.. એ ગ્રંથ પૂર્ણ થયા પછી વૈરાગ્ય કલ્પલતાનું વાંચન શરૂ કર્યું. આ રીતે આઠેક મહિના ચાલ્યું. પછી એક દિવસ ઉપમિતિ ભવપ્રપંચા કથાનું શ્રી મોતીચંદ ગીરધરલાલ કાપડીયાએ લખેલ ભાષાંતર કઢાવ્યું. જે ૧૦૦ વર્ષ જૂનું અને વધુ પડતું વિસ્તૃત હોવાથી પૂજયશ્રીએ વર્ષો સુધી ભાવના ભાવેલી કે આનું સમાર્જન થઈ જાય તો ઘણાને ઉપયોગી થાય.

કોઈક શુભ પળે ઉપમિતિ મૂળ ગ્રંથ સામે રાખીને ભાષાંતર સમાર્જન કાર્ય શરૂ થયું. સામાન્યથી કોઈપણ ગ્રંથનું કાર્ય પહેલેથી શરૂ થાય પૂજયશ્રીએ ચોથા અધ્યાયથી શરૂ કરાવ્યું કારણ.. આઠ પ્રસ્તાવ અને ૧૬ હજાર શ્લોક પ્રમાણ ગ્રંથ પૂર્ણ થતા પહેલા જો આયુષ્ય પૂર્ણ થઈ જાય તો પણ કાર્ય પૂર્ણ થઈ શકે તે માટે અઘરામાં અઘરો મધદરિયા જેવો ચોથો પ્રસ્તાવ પહેલા કરાવ્યો. પૂજયશ્રીની કેવી દીર્ઘદર્શિતા..

સાહેબજી ઘણીવાર કહેતા કે હું ન હોઉં તો પણ આ ગ્રંથ પૂર્ણ કરજો. અને એવા સદનસીબ કે અઢીવર્ષના સમયગાળામાં ગ્રંથનું કામ પૂર્ણ થયું. છેલ્લા દિવસે એ સમાર્જીત મેટર પોતાના ગુરૂભાઈ હેમપ્રભસૂરિ મ. ને સમર્પણ કર્યું. આ પણ આશ્ચર્યનું આશ્ચર્ય ને..?

શિષ્ય પોતાના ગુરૂમહારાજને કાર્યશ્રેય સમર્પિત કરે એવું તો સામાન્યતયા બને અહિં તો ગુરૂએ શિષ્યને કાર્યશ્રેય સમર્પિત કર્યું.. પણ કારણ શું? ત્યારે સાહેબજી બોલેલા.. 'તમે મને ખૂબ સાચવ્યો છે'

આ છે કૃતજ્ઞતાની પરાકાષ્ઠા... (સાહેબજીએ સમાર્જીત કરેલ ઉપમિતિ ગ્રંથ ભાષાંતર મુદ્રણમાં છે.)

## ઐતિહાસિકનું આધ્યાત્મિક સ્વરૂપ


પૂર્વાચાર્યોએ આપણી ભાવધારાને વધારવા શાશ્વત ગિરિરાજ શ્રી શત્રુંજય ગિરિરાજ શ્રી શત્રુંજય મહાતીર્થના દુહા બનાવ્યા છે. એના ત્રણ દુહાનો અર્થ પૂજયશ્રી આધ્યાત્મિક શૈલીમાં સમજાવતા.

એકેકું ડગલુ ભરે, શત્રુંજય સમો જેહ : ઋષભ કહે ભવ ક્રોડના, કર્મ ખપાવે તેહ ..૧..

શત્રું એટલે રાગ- દ્વેષાદિ, આ શત્રુઓનો જેમ જેમ જય કરતા જઈએ, જય કરવા માટે પ્રયત્ન કરીએ તેમ તેમ કરોડો ભવના કર્મનો ક્ષય થાય.

સોરઠ દેશમાં સંચર્યો, ન ચડયો ગઢગિરનાર,<br>
શત્રુંજય નદી નાહયો નહિં, એનો એળે ગયો અવતાર ..૨..

સોરઠ એટલે સૌરાષ્ટ્ર. સારું રાષ્ટ્ર – જયાં ધર્મની અનુકૂળતા મળે તે સારું રાષ્ટ્ર. ભારતના બધા રાજયો કરતાં ગુજરાતમાં પ્રાય: ધર્મસામગ્રી વધારે સુલભ છે. બે – બે શાશ્વત ગિરિરાજ ગુજરાતમાં આવેલા છે. તેથી ગુજરાત – સૌરાષ્ટ્ર દેશમાં આવ્યા પછી એ મહાતીર્થોની યાત્રા કરવી જ જોઈએ.


પ.પૂ. પરમોપકારી, પંન્યાસ પ્રવર
**પૂજયપાદ શ્રી વજ્રસેન વિજયજી મહારાજ**
જીવન જેનુ માણ્યુ અમે, જાણે શાંત રસનું ઝરણું,
મૈત્રી – કરૂણાના નીર વહે, લઈએ એ વજ્રસેન ગુરૂવરનું શરણું

તીર્થયાત્રાની સફળતા શેમાં? શત્રુંજય નદીમાં નાહવામાં......

શત્રુંજય નદી અર્થાત રાગદ્વેષના અભાવ અને સ્નેહભાવરૂપી નદીમાં નાહવું એટલે કે બધા જીવો પ્રત્યે સ્નેહભાવ કેળવવાનો. તીર્થયાત્રા કર્યા પછી અર્થાત પ્રભુને ભેટયા પછી સ્નેહભાવ ન પ્રગટે તો મનુષ્યભવ નિષ્ફળ.

શત્રુંજય નદીએ નાહીને, મુખબાંધી મુખ કોષ : દેવ યુગાદિ પૂજીએ, આણી મન સંતોષ ..૩..

સ્નેહભાવરૂપી નદીમાં સ્નાન કરીને અર્થાત્ સ્નેહભાવ કેળવીને મુખ ઉપર મુખકોષ બાંધવાનો. અર્થાત્ મુખમાંથી અસભ્ય વચન ન બોલવુ. મુખમાં અભક્ષ્ય ન નાંખવું. આ રીતે અસભ્ય વચન અને અભક્ષણનો ત્યાગ કર્યા પછી યુગાદિ દેવને પૂજીએ તો મનમાં સંતોષની પ્રાપ્તિ થાય.

આ રીતે પ્રેકટીકલ અર્થ કરીને જીવનમાં આચરણ યોગ્ય આધ્યાત્મિક અર્થઘટન કરવાની હથોટી પૂજયશ્રીને અત્યંત સુલભ હતી.

Continue on page 35

Continue from page 34

## તાત્વિક પ્રતિબિંબ

પૂજ્ય પન્યાસ ભદ્રંકરવિજયજી મહારાજ પાસે Special વાચના કે પાઠ લેવા પ્રાય: પૂજ્યશ્રી કયારેય બેઠા નથી. કોઈ જિજ્ઞાસુ તત્વ સાંભળવા આવ્યા હોય ને પંન્યાસજી મહારાજ એમને સમજાવતા હોય ત્યારે પણ પૂજ્યશ્રી ત્યાં પર્ષદામાં કયારેય ગોઠવાઈ ગયા નથી તે છતાં પણ.. પૂજ્ય પંન્યાસ ભદ્રંકર વિજયજી મહારાજ જેવું જ તત્વજ્ઞાન, એમના જેવી જ ચિંતન શકિત પૂજ્યશ્રીમાં વિકસેલી.

ચાર કષાયનો નાશ, પાંચ વિષયત્યાગ, પાંચ મહાવ્રત, ચાર ભાવના, પાંચ ઈન્દ્રિયનો નિરોધ, સમ્યકત્વના પાંચ દૂષણ, પાંચ ભૂષણ, નિર્મળ બોધાદિ પાંચ ગુણો આ બધાની પ્રાપ્તિ પંચ પરમેષ્ઠિની આરાધનાથી થઈ શકે એ વાત પૂજ્યશ્રી ખૂબ સરળતાથી સમજાવતા.

પૂજ્યશ્રીનું પ્રવચન ખૂબ તાત્વિક પણ બધા જ સમજી શકે એવું સરળ હતું. મૈત્ર્યાદિ ચાર ભાવના એમના વચનમાં હંમેશ રહેતી તથા પાલનમાં અનુભવાતી. કહેવત છે ને.. 'હૈયે હોય તે હોઠે આવે'

## જયું જાણે ત્યું કર લે ભલાઈ...!

પાટણનો એ દિવસ હતો. સાધ્વીજી ભગવંતનું એક ગ્રુપ પાટણમાં બિરાજમાન હતું. તેમાંના એક સાધ્વીજીને કેન્સરની તકલીફ થઈ. ડોકટરે નિદાન કર્યું, ઓપરેશન કરાવવું જરૂરી જણાયું. પાટણમાં જ ઓપરેશન કરવું શકય હતું પણ જે ડોકટર હતા તે ધર્મ પામેલા ન હતા. તેથી ઓપરેશન ચાર્જ વગેરે પહેલાં ભરવું પડે તેમ હતું.

પાટણમાં મંડપના ઉપાશ્રયે એક ગચ્છાધિપતિશ્રી જેવા આચાર્ય ભગવંત બિરાજમાન હતા. શ્રાવકોએ તેમને સમાચાર આપ્યા. આચાર્ય ભગવંત ગોઠવણ કરે ત્યાં જ એમને એવા સમાચાર મળ્યા કે વજસેનવિજયજી મહારાજ પાટણમાં ફોફલીયાવાડામાં જ બિરાજમાન છે અને એમણે આ કાર્ય કરી લીધુ છે. સાધ્વીજી મહારાજનું બધું ગોઠવાઈ ગયું છે.

આ સાંભળીને આચાર્ય ભગવંતે કહયુ, 'ખરેખર વૈયાવચ્ચ કરવાનું અમારે વજસેન વિ.મ. પાસે શીખવા જેવું છે.

આ પ્રસંગે પૂજ્યશ્રીના ગુણાનુવાદમાં એક શ્રાવકે કહયું કે, '' અઠવાડીયા પહેલાં જ આ વાત મને એ જ આચાર્ય મહારાજે કહી છે. તેમની ઉંમર અત્યારે ૮૦ વર્ષથી વધારે છે. અવસ્થાના કારણે ઘણી વિસ્મૃતિ થઈ છે. પણ આ પ્રસંગ પૂ. આચાર્ય મ. ને આજે પણ બરાબર યાદ છે એમ લાગે છે કે પૂજ્યશ્રીનો આ મુદ્રાલેખ હશે કે જયું જાણે ત્યું કર લે ભલાઈ..!

## પરાર્થવ્યસની

ઈ.સ. ૧૯૮૪ ની આ વાત છે. સાધ્વીજી ભગવંતે પોતાના અનુભવને વાચા આપી છે.

પોતાના ગુરૂમહારાજ સાથે પાલીતાણા યાત્રાર્થે વિહાર કરી રહયા, અમદાવાદી ઘડો હતો.પણ કાંઈક કારણ બનતાં ઘડો ફૂટી ગયો. ગામડામાંથી અમદાવાદી ઘડો મળે નહિં અને ઘડા વગર પાણી લાવવું શી રીતે ? મુંઝવણમાં પડી ગયા. કરવુ શું ? પૂજ્ય પંન્યાસ શ્રી વજસેન વિજયજી મહારાજ અને બીજા પણ એક સાધ્વીજી મ. નું ગ્રુપ વિહારમાં સાથે હતા. પૂજ્યશ્રીને આ વાતની ખબર પડી એટલે તરત જ સાથે રહેલા સાધ્વીજી મહારાજે પણ તરત જ પોતાનો એક ઘડો આપી દીધો.

અમારું મસ્તક ઋણના ભાવથી નમી ગયું. પાલીતાણા થોડો સમય સ્થિરતા કરીને પૂજ્યશ્રીએ વિહાર કર્યો. રસ્તામાં જેટલા ઉપાશ્રયમાં વૃધ્ધ શ્રમણી ભગવંતો હતા તે બધા ઉપાશ્રયને બારણે બેઠેલા અમે જોયા. અમે પણ પૂજ્યશ્રીને વળાવા ગયેલા. પૂજ્યશ્રીએ બધા વૃધ્ધ શ્રમણીજીના વંદન ઝીલતા, સુખશાતા પૂછતા આગળ વધ્યા.

દરેક સાધ્વીજીને એમ થતું હતું કે, '' અમારી આત્મીય વ્યકિત, અમારૂં ધ્યાન રાખનાર જાય છે. એકોએક સાધ્વીજી મ. પાસે જઈને બેસવાનું, જરૂરીયાત પૂછવાની, જરૂરિયાતથી સવાયું પૂર્ણ કરવાનું, આત્મીય વાર્તાલાપ કરીને પછી જ આગળ વધવાનું.

આ જોઈને ખૂબ જ પ્રભાવિત થયેલા આ સાધ્વીજી ભગવંત જણાવે છે કે, ' મારી ઉંમર ત્યારે ૧૪ વરસની દીક્ષા પર્યાય બે જ વર્ષનો પણ આ દશ્ય મારા હૃદયને એવું સ્પર્શી ગયું જે આજ સુધી હું ભૂલી નથી.

પૂજ્યશ્રીની વાત્સલ્ય પૂર્ણ આંખો જોઈ એવું લાગે કે વિરલ વિભૂતિઓમાં એક મુઠી ઉંચેરા નહિ વેંત ઉંચેરા નહિં પણ
હાથ ઉંચેરા પૂજ્યશ્રી હતા.

તીર્થંકર ભગવંતોની જેવી કરૂણા વર્ણવેલી છે એવી કરૂણાની ઝાંખી કરાવીને જિનશાસન પ્રત્યેની શ્રધ્ધા ઉત્પન્ન કરાવનારા આ મહાત્માને કોટિ કોટિ વંદન..

# આરાધેલી આરાધનાનું અમૃત

## શુધ્ધ સમાધિની પ્રાપ્તિ....!

વૈયાવચ્ચ જેવો જ ચડિયાતો ગુણ હતો સ્વાધ્યાય.પોતે સ્વસ્થહતાત્યાં સુધી તો સ્વયં સ્વાધ્યાયાદિ કર્યું. દરરોજ૨૫ બાંધી નવકારવાળી અવશ્યગણતા.પણ.... મેનેન્જાઈટીસ થયા પછી સ્વયં નવકારવાળી અને સ્વાધ્યાય કરવાની ક્ષમતા ઘટી તો... સહવર્તી મહાત્માઓ અને નિશ્રિત સાધ્વીજી ભગવંતો પાસેથી જાપ - સ્વાધ્યાયનું શ્રવણ કરતા. તેનું લિસ્ટ વાંચતા અહોભાવથી મસ્તક ઝુકી જશે.

**જાપઃ-**

- દરરોજ બાંધી ૧૧નવકારવાળી.
- ૨૯ અક્ષરનાનમિઉણ મંત્રની ૧આખીનવકારવાળી.
- અભયદયાણં પદનીઆખીનવકારવાળી.
- વિવિધ મંત્રોની એક-એક નવકારવાળી.
- વર્ધમાનવિદ્યાતથા સૂરિ મંત્રનો જાપ - ૧૨ વખત.
- અક્ષરથી ઉંધો નવકાર ૧૨ વખત.
- પદથી ઉંધો નવકાર ૧૨ વખત.
- બીજા અમુક મંત્રો ૧૨ વખત.

આ બધોજાપ અચૂક સાંભળતા.

**સ્વાધ્યાયઃ-**

- આત્મરક્ષા સ્તોત્ર
- નવસ્મરણ
- પંચસુત્રનું પ્રથમ સુત્ર
- ૨૭ ગાથાનું ઉવસગ્ગહરં સ્તોત્ર
- મંત્રાધિરાજપાર્શ્વનાથ સ્તોત્ર
- ઋષિમંડલ સ્તોત્ર
- વર્ધમાનશક્રસ્તવ
- પુણ્યપ્રકાશ સ્તવન
- દશવૈકાલિકપ્રથમચારઅધ્યયન
- આખું વીતરાગ સ્તોત્ર
- પગામ સજ્ઝાય
- પક્ખિ સૂત્ર

## આટલો થોક બંધ સ્વાધ્યાય તેમજ

- યોગશાસ્ત્રમાં આવેલા મૈત્ર્યાદિચારભાવનાનાચાર શ્લોકો.
- વીતરાગ સ્તોત્ર નો ૧૭ મોપ્રકાશ(સ્વકૃતં દુષ્કૃતં..)
- જ્ઞાનસાર નું 'શમઅષ્ટક' ની બીજીગાથા(અનિચ્છનકર્મ....)
- આયરિયઉવજ્ઝાએ ત્રણ ગાથા.
- 'એગો હં નત્થિ મે કોઈ..' આ ગાથાથી'જં જં મણેણ બદ્ધં...' સુધીની બધી ગાથા.
- અદષ્ટ વૈચિત્ર્યવશાત - શ્લોક.
- વિશ્વજન્તુષુ યદીક્ષણમેકં - શ્લોક.

આવાવૈરાગયજનકઆત્મબોધદાયક શ્લોકોનોઅલગથી સ્વાધ્યાયકરતા.

એના ફલસ્વરૂપે એમ કહીશકાય કે... સાહેબજીને અંતિમક્ષણોમાં ભૌતિક દેહનો સાથ ન મળ્યો,પણ...આત્મિકજાગૃતિવાળી આ આરાધનાએ એમને શુધ્ધ સમાધિઅપાવી.

આ જાપ-સ્વાધ્યાય દૈનિકહતો.પ્રતિદિનહતો. સવારથી આ શ્રવણયજ્ઞ શરૂ થઈ જતો. સાંજ સુધીમાં પૂર્ણ થતો. પૂજયશ્રી સહવર્તી મહાત્માને પૂછીને કન્ફર્મ કરી જ લેતા કે આજે બધું થઈ ગયું છે ને? કોઈ કારણસર કાંઈક બાકીરહયું હોય ને રાત્રિ થઈ ગઈ હોય તો પણ એ સ્વાધ્યાય - જાપ સાંભળે. કદાચરાત્રે ૧૨ વાગ્યા હોય તોય.... આ બાબત પૂજયશ્રીનીચિવટજોઈને સાથેના મહાત્મા પણ સમય ન જોતા....પોતાનાશરીરનોથાક ન જોતા... સાહેબને સ્વાધ્યાયશ્રવણકરાવતા.

સાહેબજીના સાંનિધ્યની આ દિવ્ય પળો હવે ફરીકયારે આવશે?

# શાસન પ્રભાવનાની ઝાંખી

પૂજ્યશ્રીની પ્રેરણાથી થયેલ.......

| | | |
|---|---|---|
| o અંજનશલાકા – પ્રતિષ્ઠાઓ | – | ૩૪ |
| o સ્વહસ્તે થયેલ દીક્ષા | – | ૨૬ |
| o ઉપધાનતપ | – | ૧૩ |
| o નવપદજીનીઓળી (વિશીષ્ટ) | – | ૧૪ |
| o જીર્ણોદ્ધાર | – | ૨૧ |
| o ઉપાશ્રય | – | ૨૬ |
| o શિષ્યપરિવાર | – | ૦૪ |
| o પદપ્રદાન | – | ૨૨ |
| o સંઘ નિશ્રા | – | ૦૪ |
| o સાધુ – સાધ્વીજી ને નિર્યામણાકરાવી | – | ૨૮ |
| o અંતરનાઆશિષથી સંયમીબનનારામહાત્માઓ | – | ૪૦ |
| o ગુરૂમૂર્તિ પ્રતિષ્ઠા | – | ૦૭ |
| o વર્ધમાનતપની ૧૦૦ ઓળી પારણા | – | ૦૭ |
| o વર્ધમાનતપની ૨૦૦ ઓળી પારણા | – | ૦૩ |
| o વર્ધમાનતપની૨૫૦ ઓળી પારણા | – | ૦૧ |

<u>સંવેદનશીલ.. રમૂજી સ્વભાવી પૂજ્યશ્રી..</u>

પૂજ્યશ્રી દીક્ષા પર્યાયમાં ઘણા મોટા થયા. ઉંમરમાં પણ વયોવૃધ્ધ થયા. જ્ઞાનમાં પણ પરિણત થયા પણ મનથી બાળક જેવા જ રહયા હતા તેની ઝાંખી કરાવતો આ વાર્તાલાપ છે.

શ્રમણ ભગવંતોનું એક વૃન્દ હાલારમાં પધાર્યું. પૂજ્યશ્રી સાથે ગ્રુપના વડીલને વર્ષો જૂનો પરિચય હતો. પણ સાથે રહેલા તેમના શિષ્યોને પરિચય ન હતો. તેથી પરિચય કેળવવા કયારેક કયારેક મહાત્માઓ પૂજ્યશ્રી પાસે પહોંચી આવતા. પૂજ્યશ્રી દીક્ષા પર્યાયમાં ઘણા મોટા હોવા છતાં કોઈપણ મહાત્માને પૂજ્યશ્રી પાસે જતાં સંકોચ ન થતો એવું પૂજ્યશ્રીનું વ્યકિતત્વ હતું.

એક દિવસ એક મહાત્માએ પૂછયું, સાહેબ આપનું નાનપણમાં એવું શું લક્ષ્ય હતું કે આપ આવડા મોટા વિદ્વાન બની ગયા ?

પંન્યાસજી મહારાજે કહયું.. એવો તો કોઈ વિચાર ન હતો બસ ગુરૂમહારાજની ઈચ્છાને અને આજ્ઞાને પૂરી કરવાની ઈચ્છા હતી.

અહો સમર્પણમ

મહાત્માએ પૂછયુ : સાહેબ આપના શિષ્યો કેટલા ?

પૂજ્યશ્રીએ હળવેકથી કહયું 'એગો હં નત્થિ મે કોઈ'

પછી કહયું, 'ચાર શિષ્યો છે.'

આહાહા... કેવો નિર્મમભાવ

સાહેબજી સાથે એટલી મજા આવી ગઈ કે.. પછી કંઈ પણ પૂછવામાં ડર ન રાખ્યો અને પછી જે ખૂલેથી પૂછયુ અને એમણે જે મજાના જવાબ આપ્યા. અમે બધાં ખુશ ખુશ થઈ ગયા.

અમે પૂછયુ : સાહેબ આપે આચાર્ય પદ કેમ ન લીધુ ? પંન્યાસજી મ.સા. મારા ગુરૂ મહારાજે ન લીધુ એટલે મેં પણ ન લીધું.

સાહેબજી હવે અફસોસ નથી થતો ?


પંન્યાસજી મ.સા. : (હસીને) થાય છે પણ... હવે શું થાય ? અમે કહયું – હજુ કાલે જયધર્મ વિજય મહારાજની પદવી છે એકાદ જલસો કરાવી દો. અને અમે બધા હસી પડયા.

ખરેખર કંટાળ્યા વગર કોઈપણ વાતને કાપ્યા વિના શું સરળતાથી પ્રશ્નોના જવાબ આપ્યા કે મોજ પડી ગઈ. એક દિવસ પંન્યાસજી મહારાજ રાત્રે વહેલા સંથારી ગયા એટલે બીજા દિવસે સવારે અમે પૂછયું.. કાલે રાત્રે કેમ જલ્દી સંથારી ગયા સાહેબ ?

પંન્યાસજી મહારાજ :– પછી રોજ હિતશિક્ષા દઈએને તો સામેવાળાનું માથુ લોખંડ જેવુ થઈ જાય.

આવા વડિલ મહાત્મા પણ અમારા જેવા નાના મુનિઓને આટલો પ્રેમ આપે એ બહુ જ મોટી વાત કહેવાય.

# જૈન શાસનના મોભી મહાત્માઓના પ્રીતિપાત્ર પૂજયશ્રી




પૂજય પંન્યાસજી મહારાજે શીખવેલા વિનય - વિવેક - પ્રશમ આદિ સંસ્કારોના કારણે પૂજયશ્રી સ્વસમુદાયમાં વડીલોના કૃપાપાત્ર અને આદરણીય હતા.

- પૂજયપાદ્ આચાર્યદેવશ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણા અને કૃપાથી વ્યાકરણ - અભિધાન ચિંતામણિ આ બે ગ્રંથો ભણ્યા અને એમાં સહાધ્યાયી હતા એમના બાળ સખા પૂજયપાદ્ વિદ્વદ્વર્ય મુનિરાજ શ્રી ધુરંધર વિજયજી મહારાજા.
- પૂજયપાદ્ આચાર્યદેવ શ્રી રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજે ખુબ પ્રેમ વાત્સલ્ય આપી વ્યાખ્યાન આપતા કર્યા. પૂજયપાદ્ આચાર્યદેવ શ્રી રાજતિલક સૂરીશ્વરજી મહારાજ અને પૂજયપાદ્ આચાર્યદેવ શ્રી મહોદયસૂરીશ્વરજી મહારાજે પણ ખુબ કાળજી લીધી અને ઉપરોકત ત્રણે વડીલોએ આચાર્ય પદવી આપવા ખૂબ દબાણ કર્યું છતાં નમ્રભાવે નિષેધ કરી પૂજયશ્રી દાદા - ગુરૂદેવનો આદર્શ પોતાના જીવનમાં જાળવવા મકકમ રહ્યા.
- પૂજયપાદ્ ગચ્છસ્થવિર આચાર્યદેવશ્રી લલિતશેખરસૂરીશ્વરજી મહારાજના આશીર્વાદ સતત વરસતા રહયા છે તથા પાલીતાણા ચાતુર્માસ સાથે કરવાની અદમ્ય ઈચ્છા હતી જે કાયમ માટે અધુરી રહી.
- પૂજયપાદ્ આચાર્યદેવ શ્રી હેમભૂષણસૂરીશ્વરજી મહારાજ પર્યાયમાં પૂજયશ્રીથી નાના હતાં છતા પૂજયશ્રી તેઓશ્રીના ગચ્છાધિપતિ પદની પૂર્ણ ગરિમા - મર્યાદા જાળવતાં અને પૂજય આચાર્યદેવ શ્રીહેમભૂષણસૂરીશ્વરજી મહારાજ પૂજયશ્રીનું ઔચિત્ય સાચવતા.
- પૂજયપાદ્ આચાર્યદેવશ્રી મહાબલસૂરીશ્વરજી મહારાજા સાથે અરસપરસની લાગણી પરાકાષ્ઠાની હતી. જે સર્વજન વિદિત છે.
- પૂજયપાદ્ વર્તમાન ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રી પુન્યપાલસૂરીશ્વરજી મહારાજા સાથે ગુરૂબંધુ જેવો અત્યંત સ્નેહાળ સંબંધ હતો. જે અરસ - પરસ ઘણી વખત અનુભવાયો છે.
- સિદ્ધહસ્તક પરમ પૂજય આચાર્યદેવ શ્રી પૂર્ણચંદ્રસૂરીશ્વરજી મહારાજે પૂજયશ્રીને ગ્રંથોના સંપાદન - પ્રસ્તાવના આદિ લેખન માટે ખૂબ સહાય કરેલી. તેથી એમના પ્રત્યે પૂજયશ્રી હંમેશા કૃતજ્ઞતા દાખવતા.
- તથા છેલ્લી માંદગી વખતે દવા આદિ અંગે પૂજય પ્રવચનપ્રદીપ ગચ્છાધિપતિ શ્રી આચાર્યદેવ શ્રી પુન્યપાલ સૂરીશ્વરજી મહારાજ, પૂજય વિદ્વદ્વર્ય મુનિરાજ શ્રી ધુરંધરવિજયજી મહારાજ, પૂર્વભારત કલ્યાણક ભૂમિ તીર્થોદ્ધારક પૂજય આચાર્યદેવ શ્રી મુકિતપ્રભસૂરીશ્વરજી મહારાજ, પ્રવચક પ્રભાવક પૂજય આચાર્યદેવ શ્રી કીર્તિયશસૂરીશ્વરજી મહારાજ સાહેબે દૂર બેઠા પણ ઘણી યોગ્ય સલાહો આપી.
- પૂજય પંન્યાસજી મહારાજના મૈત્રયાદિ સંસ્કારો તથા તેમના સમતાના પ્રભાવે સાહેબજી પર સમુદાય - ગચ્છમાં ખૂબ પ્રિય - માનનીય હતા.
- પરમપૂજય આચાર્યદેવશ્રી નેમિસૂરીશ્વરજી મહારાજાના સમુદાયના પૂ. આચાર્યદેવ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ, જેમની પ્રેરણાથી પૂજય પંન્યાસજી મહારાજની પત્રગંગા ભાગ - ૧ થી ૧૦ સંકલ્પનો ઉદ્ગમ થયો તે પૂજય આચાર્યદેવ શ્રી પ્રદ્યુમ્નસૂરીશ્વરજી મહારાજ, પૂજય આચાર્યદેવ શ્રી સોમચંદ્રસૂરીશ્વરજી મહારાજ શાંત સુધારસ ગાનના માધ્યમે જેઓ પૂજયશ્રીની સમાધિમાં નિમિત બન્યા તે પૂજય આચાર્યદેવશ્રી શીલચંદ્રસૂરીશ્વરજી મહારાજ આદિ પૂજયો સાથે સાહિત્ય આશ્રયી વર્ષો જૂનો સંબંધ કેળવાયેલો હતો.

Continue on page 39

Continue from page 38

- પૂજ્ય બાપજી મહારાજના પૂજ્ય આચાર્યદેવ શ્રી ભદ્રકંરસૂરીશ્વરજી મહારાજને પૂજ્યશ્રી પ્રત્યે કૃતજ્ઞતા ભાવપૂર્વકની લાગણી હતી અને પૂજ્યપાદ્ જંબુવિજયજી મહારાજને બહુ માન હતું અને પૂજ્યશ્રીને બંને પૂજ્યો પ્રત્યે હાર્દિક બહુમાન હતું. જે એમની સાથે રૂબરૂ અને પત્ર વ્યવહારથી અનુભવાતું.
- પૂજ્ય આચાર્ય શ્રી યશોવિજય સૂરીશ્વરજી મહારાજ યોગીવત્ બહુમાન ભાવ વારંવાર જણાવતા. પૂજ્યશ્રીને ખૂબ અહોભાવથી જોતા અને પૂજ્યશ્રી પણ તેમના પ્રત્યે યોગીરાજ જેવો બહુમાન ધરાવતા તથા પૂજ્ય આચાર્ય શ્રી મુનિચંદ્ર સૂરીશ્વરજી મહારાજ સાથે ખુબ જ સાહિત્યિક મિત્રભાવ હતો.
- પૂજ્યપાદ્ આચાર્યદેવ શ્રી જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાથે ગુરૂ-શિષ્ય જેવો સંબંધ હોવા સાથે આત્મીય આકર્ષણ હતું. જયારે પૂજ્યશ્રીને સ્ટર્લીંગ હોસ્પિટલમાં દાખલ કરેલા ત્યારે આચાર્ય ભગવંત બીજે માળે પધાર્યા અને બંને પૂજ્યોએ આત્મિક વાર્તાલાપ કર્યો. એ ક્ષણો અદભૂત હતી એવી ક્ષણો અનેક વખત અનુભવી છે. તેમજ પરમપૂજ્ય આચાર્યદેવ શ્રી રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજ, પરમપૂજ્ય ઉપાધ્યાય શ્રી વિમલસેન વિજયજી મહારાજ આદિ આખા સમુદાયના બધા મહાત્માઓને પૂજ્યશ્રી પ્રત્યે પ્રીતિપૂર્વકનો અનન્ય સદ્ભાવ હતો.
- ડહેલાવાળા સમુદાયના પરમપૂજ્ય શાસનપ્રભાવક પૂજ્ય આચાર્યદેવ શ્રી અભયદેવસૂરીશ્વરજી મહારાજ સાથે પરસ્પર પૂજ્યભાવ સહિતનો અપૂર્વ સ્નેહભાવ હતો તથા પૂજ્ય આચાર્ય શ્રી રત્નચંદ્રસૂરીશ્વરજી મહારાજ તેમજ પૂજ્ય આચાર્ય શ્રી જગચન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાથેનો સ્નેહભાવ ઉચ્ચકોટિનો હતો - છે. પૂજ્ય આચાર્ય શ્રી ઉદયરત્ન સૂરીશ્વરજી મહારાજે તો પૂજ્યશ્રી પ્રત્યે અહોભાવથી, હૃદયના તાર ઝણઝણાવી દે તેવી 'રોમે રોમે વહાલ વસે છે...' રચના કરવા દ્વારા અમારા સહુના રૂંવેરૂંવાને ભીંજવેલા
- પરમપૂજ્ય આચાર્યશ્રી વલ્લભસૂરિ સમુદાયના પૂજ્ય આચાર્ય શ્રી ધર્મધુરંધરસૂરીશ્વરજી મહારાજ સાથે જ્ઞાન સંબંધી કાર્યાનુલક્ષી નિખાલસ વ્યવહાર હતો.
- પરમપૂજ્ય નીતિસૂરિ સમુદાયના પૂજ્ય આચાર્યદેવ શ્રી હેમપ્રભસૂરીશ્વરજી મહારાજ પોતે ગચ્છાધિપતિ પદારૂઢ હોવા છતાં પૂજ્યશ્રીની વડીલ તરીકે આમન્યા જાળવતા.
- પરમપૂજ્ય સાગર સમુદાયના પરમપૂજ્ય પંન્યાસશ્રી અભયસાગરજી મહારાજ સાથે બંધાયેલો પૂ. દાદા ગુરૂદેવનો નવકાર સાધનાનુલક્ષી સંબંધ, પૂજ્યશ્રીએ પૂજ્ય આચાર્યદેવ શ્રી અશોકસાગર સૂરીશ્વરજી મહારાજ, પૂજ્ય આચાર્યદેવ શ્રી જિનચંદ્રસાગર સૂરીશ્વરજી મહારાજ, પૂજ્ય આચાર્યદેવ શ્રી હેમચંદ્ર સૂરીશ્વરજી મહારાજ સાથે જાળવી રાખેલો. તેથી પૂજ્યશ્રીની પાલખી સમયે આચાર્ય શ્રી પૂર્ણચંદ્રસાગરજી મહારાજના મહાત્માઓએ પધારીને સંબંધ નવપલ્લવિત કર્યો. પરમપૂજ્ય સરળ સ્વભાવી આચાર્યદેવ શ્રી દોલતસાગરસૂરીશ્વરજી મહારાજાને પણ પૂજ્યશ્રી પ્રત્યે આંતરિક અહોભાવ જાગૃત છે.
- પરમપૂજ્ય આચાર્યદેવ શ્રી ભકિતસૂરીશ્વરજી સમુદાયના પૂજ્યશ્રી ૧૦૮ પાર્શ્વભકિત તીર્થ પ્રેરક આચાર્યદેવ શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજની સાથે પૂજ્ય દાદાગુરૂમહારાજના સમયથી આત્મીયતા બંધાયેલી હતી.
- પૂજ્ય આચાર્યદેવ શ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મહારાજને પૂજ્યશ્રી પ્રત્યે નાનાભાઈ જેવો વાત્સલ્યભાવ, જયારે ભેગા થતાં ત્યારે જ્ઞાનગોષ્ઠી દ્વારા પ્રત્યક્ષ થતો.
- પૂજ્ય આચાર્ય શ્રી વિક્રમસૂરીશ્વરજી મહારાજના વખતથી જ પૂજ્ય આચાર્યદેવ શ્રી રાજયશ સૂરીશ્વરજી મહારાજ તથા પૂજ્ય આચાર્ય શ્રી યશોવર્મ સૂરીશ્વરજી મહારાજ સાથે અત્યંત આદરભાવ પૂર્વકનો વ્યવહાર હતો. જે સાહિત્યિક તેમજ ગુણાનુરાગના ભાવથી વારંવાર નવપલ્લવિત થતો.
- વાગડ સમુદાયના નાયક પૂજ્યપાદ્ અધ્યાત્મયોગી શ્રી કલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજા તથા પૂજ્ય આચાર્યદેવ શ્રી કલાપ્રભસૂરીશ્વરજી મહારાજા, પૂજ્ય આચાર્યદેવ શ્રી કલ્પતરૂસૂરીશ્વરજી મહારાજ સાથે બાલ્યકાલથી જ સગા ગુરૂભાઈ જેવો સંબંધ જે રૂબરૂ મિલનમાં તથા પત્ર વ્યવહારમાં હંમેશા છલકાતો હતો.
- પૂજ્ય આચાર્યદેવ શ્રી સોમચંદ્રસૂરીશ્વરજી મહારાજ અને પૂજ્ય આચાર્યદેવ શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજા (કલિકુંડવાળા) તથા પૂજ્ય આચાર્ય શ્રી સોમસુંદરસૂરીશ્વરજી મહારાજ સાથે બાલમુનિ અવસ્થાથી બંધાયેલો સંબંધ

Continue on page 40

Continue from page 39

આજે પણ જળવાયેલો છે. અને પૂ. આચાર્ય શ્રી રાજશેખરસૂરીશ્વરજી મહારાજ પૂજયશ્રીને પોતાના આપ્ત વડીલ ગણીને અત્યંત બહુમાન રાખે છે.

- પૂજય આચાર્યદેવ શ્રી જિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજ, પૂજયશ્રીના સંસારી સમાજના જ. તેથી પરસ્પર સ્વજન જેવો વ્યવહાર હતો.
- પૂજય આચાર્ય શ્રી હિમાચલસુરીશ્વરજી મહારાજના પૂજય આચાર્યદેવ શ્રી રવિશેખરસુરીશ્વરજી મહારાજ સાથે પણ સૌહાર્દ ભાવ બંધાયેલો.
- પૂજય આચાર્યદેવ શ્રી પ્રદ્યુમ્નવિમલસુરીશ્વરજી મહારાજની સાથે બંનેના પૂ. ગુરૂભગવંતો સમયથી સ્નેહ સંબંધ રહયો.
- અંચલગચ્છના પૂજય આચાર્યદેવ શ્રી કલાપ્રભસાગરસુરીશ્વરજી મહારાજ, પૂજય આચાર્યદેવ શ્રી મહોદય સાગર સુરીશ્વરજી મહારાજ સાથે સ્નેહસંબંધ વિકસેલો હતો. તેઓ હાલાર બાજુ પધારે ત્યારે અચૂક સ્નેહ મિલન થાય જ.
- પાયચલગચ્છના પૂજય ઉપાધ્યાયજી શ્રી ભુવનચંદ્રજી સાથે તો અપાર સખ્યભાવ બંધાયેલો અને નાના મહાત્માઓને એમની પાસે ભણાવેલા પણ ખરા અને હાલમાં પણ હસ્તલિખિત પ્રતો, સંપાદન આદિ અંગે પત્ર વ્યવહાર વિગેરે ચાલુ જ છે.
- ત્રિસ્તુતિક પક્ષના પૂજય આચાર્યદેવ શ્રી જયાનંદસુરીશ્વરજી મહારાજ, સાથે ધર્મસ્નેહભાવ ઘણા વર્ષોથી હતો. તેઓ વિહાર માં કે કોઈ સ્થાને મળે તો અચૂક મળવા આવે જ.
- તેમજ પૂજયશ્રીના સમાચાર મળતાં પ્રાય : દરેક સમુદાયના આચાર્ય ભગવંતો, શ્રમણ - શ્રમણી ભગવંતોના પત્રો આવ્યા. તે વાંચતા થાય કે... પૂજયશ્રીનો મૈત્રીભાવ કેટલો બધો વિસ્તરેલો હતો.
- આ રીતે લગભગ દરેક સમુદાયના પૂજય સાધુ - સાધ્વિજી ભગવંતો સાથે પૂજયશ્રીનો આત્મિયતાભર્યો સૌજન્યપૂર્ણ સંબંધ હતો. જેને, પૂજયશ્રીની વિદાય બાદ આવતા પત્રો - સમાચાર દ્વારા, ગદગદિત - વ્યથિત હૈયે અમે અનુભવીએ છીએ.

# અંતિમ દિવસોની પળોના પલકારા......

### સં. ૨૦૭૭ જેઠ વદ - ૭ ગુરૂવાર

ભવ્યાતિભવ્ય અંજન-દીક્ષાદિ મહોત્સવ પૂજયશ્રીની નિશ્રામાં સમાપ્ત થયો. પૂજયશ્રીએ સાંજે કહયું કે, આ બંને બહેનોની દીક્ષા મૂળવિધિથી થઈ છે તેથી મને ખૂબ આનંદ થયો છે. સાંજે અડધો કલાક સાધ્વીજી ભગવંતોને વાચના આપી.

### સં. ૨૦૭૭ જેઠ વદ-૮ શુક્રવાર

સવારે આરાધનાધામ હાલારતીર્થથી જામનગર તરફ ચાતુર્માસાર્થે વિહાર કર્યો ત્યારે ખૂબ પ્રસન્ન હતા. શરૂઆતની પળો ખૂબ જ હળવાશમય વીતી.

૭-૧૫ વાગ્યે ખટીયાર ગામે પહોંચ્યા. વાપર્યુ. સંથારી ગયા. ૧૦-૦૦ વાગે જાગી સ્વાધ્યાય-જાપ શ્રવણ કર્યું. ૧૦-૪૫ વાગે ફરીથી સંથાર્યા. ૧-૪૫ વાગે જાગ્યા. સ્વાધ્યાય-સ્તોત્રો વિ. નું શ્રવણ કર્યું. પછી ૨-૦૦ વાગે સંથાર્યા ૩-૦૦ કલાકે જાગ્યા અને આવશ્યક સુત્રોનો સ્વાધ્યાય-શ્રવણ કર્યું. ૪-૦૦ કલાકે ફરી સંથાર્યા. આખો દિવસ ઘેન જેવું રહયું. તેથી વારંવાર સંથારેલા, ૫.૧૫ વાગે ગોચરી વાપરી. ઘેન થોડું ઓછું થયું, તેથી થોડું વાંચન કર્યું અને ૭.૧૫ કલાકે પ્રતિક્રમણ કર્યું. ૮-૦૦ કલાકે સંથાર્યા. આવું ઘણીવાર બનતું પણ.... આપણને કયાં ખબર કે... આજનો દિવસ કદાચ સ્વસ્થપણે કરાતી આરાધનાનો છેલલો દિવસ છે. થાકના કારણે હશે તેમ માન્યું. રાત્રે તાપ-પરિષહની વેદના ખૂબ હતી. એમાં ૩-૦૦ વાગે પરસેવો થયો સાથે તાવ પણ હતો. પાણીના પોતા મૂકયા. પછી સ્વસ્થપણે બેઠા-બેઠા રાઈય પ્રતિક્રમણ કર્યું. આ એમનું સ્વસ્થપણે અંતિમ પ્રતિક્રમણ થયું.

### સં. ૨૦૭૭ જેઠ વદ-૯ શનિવાર

સવારે વિહાર હતો. તેથી ૪-૧૫ કલાકે પડિલેહણ કરવા જગાડવા પ્રયત્ન કર્યો પણ.... ન જાગ્યા. ઢંઢોળ્યા તો ઉંહકારો પણ નહિં. બી.પી. માપ્યું તો ૨૨૦/૧૧૦. તેથી ત્યાંજ રોકાવાનો નિર્ણય કરી પોરબંદર તેમજ જામનગરના ડોકટરો સાથે સંપર્ક કરી ઈન્જેકશન આદિ ટ્રીટમેન્ટ ચાલુ કરી. નવકરાશીનો સમય થયો ત્યાં જ જામનગરથી પૂજયશ્રીનું સ્વાસ્થ્ય ટકાવવા પ્રતિબધ્ધ એવા બાબાભાઈ, ડો. ટી. કે. મારૂને લઈ આવ્યા અને પોરબંદરના પૂજયશ્રીના ફેમીલીના ડો. જેવા સુરેશભાઈ ગાંધી સાથે વિમર્શ કરીને યોગ્ય સારવાર ચાલુ થઈ.

નવકારશીમાં વપરાવવા પ્રયત્ન કર્યો પણ.... ન વાપર્યું ત્યારે ઘેન અથવા અર્ધજાગ્રત અવસ્થા હતી. સુતા-સુતા જ વપરાવવાનો પ્રયત્ન કર્યો, તો દવા તેમજ પાણી ઉતાર્યું. અડધો કલાક બાદ ફરીથી સૂતા-સૂતા જ દવા વપરાવી. દશ મિનીટમાં જ વોમીટ થઈ.

Continue on page 41

Continue from page 40

લઘુનીતિ-વડીનીતિની સેન્સ જતી રહેલી. ઠંડા-પાણીના પોતા ચાલુ જ હતા. છતા.... તાવ ૧૦૨, ૧૦૩, ૧૦૪, ૧૦૫ સુધી પહોંચ્યો. પોતા સતત ચાલુ હતા તેથી ૧૨-૦૦ વાગ્યા સુધી તાવ ઓછો થયો. બી.પી. પણ ૧૪૦/૯૦ થતાં અમને થોડો હાશકારો થયો. ડોકટર પાછા જામનગર જવા નીકળ્યા.

પરંતુ એ હાશકારો અલ્પજીવી જ હતો. ફરીથી તાવ વધ્યો. વોમીટ-ડાયરીયા-યુરીન ઉપર કંટ્રોલ ગયું. થોડું પાણી પણ પેટમાં ન ટકે. ડોકટર સાહેબને વાત કરતાં બાબાભાઈ તેમજ ડોકટર પાછા આવ્યા. પરિસ્થિતિ ગંભીર થતી જાય છે એવું લાગતા તુરંત જામનગર સીફટ કરવાનો નિર્ણય કર્યો.

સાંજે ૫-૦૦ વાગે પૂજયશ્રી પ્રત્યે તેમજ દરેક સાધુ-સાધ્વીજી પ્રત્યે અત્યંત-બહુમાનવાળા ડોકટર એલ. એસ. વોરાની હોસ્પિટલમાં એડમીટ કરાવ્યા. ટ્રીટમેન્ટ ચાલુ કરી. સીટીસ્કેન, બ્લડટેસ્ટ કરાવ્યા. પણ.... રીપોર્ટ નોર્મલ તેથી વાઈરલ ઈન્ફેકશનની દવા ચાલુ કરી. વાપરવાનું બંધ હતું. રાત એકંદર વિશેષ વિઘ્ન વિના પસાર થઈ. તાવ થોડો હતો. અર્ધજાગ્રત અવસ્થા હતી.

## સં. ૨૦૭૭ જેઠ વદ-૧૦ રવિવાર

સવારે આંચકી જેવું આવ્યું તેથી કટોકટી સર્જાઈ પણ.... નર્સીંગ સ્ટાફે ખૂબ ધ્યાન આપ્યું, એટલે પાછું સારૂં થવા લાગ્યું. ટ્રીટમેન્ટ ચાલુ હતી તેથી થોડો સુધારો જણાયેલો. થોડું ભાન આવ્યું. વાત કરીએ તેનો ઈશારાથી જવાબ આપતા. થોડું સમજાય થોડું ન સમજાય એવું બોલવાનુ પણ ચાલુ થયું. હેમપ્રભ.... હેમપ્રભ.... પગામ સજ્ઝાઈ.... પ્રતિક્રમણ કરાવો. આવા અમુક શબ્દો સમજાયા. તેથી અમને અને ડોકટરોને રાહત થઈ કે.... દવા લાગુ પડી. બાટલા ચડાવવાના ચાલુ હતા.

સાંજસુધી ૧૦/૨૦% જેટલો સુધારો જણાયો. વાપરવામાં થોડુંક પાણી સિવાય અન્ય બધુ જ બંધ હતું.

સાંજે ૫-૦૦ વાગ્યા પછી બેશુદ્ધિમાં સરી ગયા. પ્રતિક્રમણ કર્યા બાદ રાત્રે ૯-૦૦ વાગ્યાથી શ્વાસગતિ તેજ થઈ. તે ધીમે-ધીમે વધતી જ ગઈ તેથી ડોકટરોની દોડા-દોડ થઈ ને રાત્રે ૨-૦૦ વાગે પરિસ્થિતિ કંટ્રોલમાં આવી.

## સં. ૨૦૭૭ જેઠ વદ-૧૧ સોમવાર

સવારથી ગઈકાલ જેવી જ તબિયત હતી. થોડીવાર શ્વાસ વધે પાછો લેવલમાં આવી જાય એવું બપોર સુધી ચાલ્યું. દવામાં ફેરફાર કરાયો તેથી થોડી રાહત હતી. નાકમાં રાઈસ ટયુબ નાંખી. તેથી ૨-૨ કલાકના અંતરે ૧૦૦ થી ૧૫૦ મિ.લી. લિકવીડ તેમજ દવા આપવાનું ચાલુ થયું.

બેશુદ્ધિમાં પણ પૂજયશ્રી વચ્ચે-વચ્ચે આંખ ખોલતા. બપોરે ૨-૦૦ વાગે બી.પી. અચાનક લો થઈ ગયું. ડોકટરોની જહેમતથી પાછું કંટ્રોલ થયું પણ... હવે ડોકટરોને પરિસ્થિતિ ગંભીર જણાઈ. સાંજે ૪-૦૦ વાગે પાછું બી.પી. લો થયું. ઓકસીજન અને પલ્સ પણ ઘટવા લાગ્યા.

પૂજયશ્રીએ ઘણી મરણાંત માંદગીઓ અનુભવી છે. એમાં ઘણીવાર કહેલું કે.... મારો અંતિમ સમય ઉપાશ્રયમાં હોય એવી મારી ભાવના છે. ત્યારે મારી સ્થિતિ કાંઈપણ હોય પણ.... હેમપ્રભ મહારાજ....! તમે આ વાત ખાસ ધ્યાન રાખજો.

પૂજયશ્રીની આ અદમ્ય ભાવના ડોકટર એલ. એસ. વોરાને પણ ખ્યાલ હતી તેથી એમણે આ. હેમપ્રભસુરિ મ. ને જણાવ્યું કે.... "હવે ઉપાશ્રયમાં જવાનો સમય આવી ગયો છે."

આ. હેમપ્રભ સુરિ મ. ને આઘાત લાગ્યો પણ.... પૂજયશ્રીની ભાવના પૂર્ણ કરવા, સમાધિ સધાવવા તરત ઓશવાળ કોલોની "દર્શનવિલા" સ્થાને લઈ આવ્યા.

નમસ્કાર મહામંત્રની ધૂન સામૂહિક ચાલુ કરી. અંતિમ નિર્યામણારૂપ ચાર શરણા સ્વીકારાદિ આરાધના કરાવી. વાયુવેગે આ વાત ચોતરફ ફેલાઈ જવાથી દર્શનાર્થે ભાવિકોનો ઘસારો શરૂ થયો.

આવનાર દરેક વ્યકિતને દર્શન થાય તે રીતે વ્યવસ્થા કરાઈ. નર્સીંગ સ્ટાફમાંથી બે જણા સતત બી.પી. આદિનું ધ્યાન રાખતા હતા.

પૂજયશ્રીની તબિયત અસ્વસ્થ થઈ છે એ સમાચાર મળતા આરાધનાધામથી મહાત્માઓએ અને સાધ્વીજી ભગવંતોએ વિહાર આદર્યા હતો. તેમાંથી વદ-૧૦ ના સવારે બે-ગ્રુપ, સાંજે એક ગ્રુપ, વદ-૧૧ ના સવારે બે-ગ્રુપ અને સાંજે ત્રણ-ગ્રુપ વિહાર કરીને આવી ગયા.


પૂજયશ્રીની આંખો અર્ધ ખુલ્લી હતી. જેમ-જેમ સમાચાર મળતા ગયા તેમ-તેમ વિવિધ પૂજયશ્રીઓના સમાચાર આવવા લાગ્યા. આરાધનાનું લીસ્ટ પણ આવવા લાગ્યું. એ પૂજયશ્રીને શ્રવણ કરાવતા તો પૂજયશ્રીની આંખમાં ચમક દેખાતી. પૂજયશ્રી સ્વીકાર કરતા હોય તેવું લાગતું, શ્વાસની ગતિ-બી.પી. આદિ ધીમે-ધીમે મંદ થતું ગયું. અને ૧૦-૧૫ વાગે બી.પી. આદિ મંદ થતા નવકારમંત્રના ઘોષમાં વેગ આવ્યો.

બરોબર ૧૦-૨૫ મિનીટે સાવ સહજતાથી એ જ સૌમ્ય મુખમુદ્રા પૂર્વક, પરમ સમાધિ પૂર્વક, દીવો બુઝાય એ રીતે પૂજયશ્રીનો ઝગમગતો જીવનદીપ શાંત થઈ ગયો.

# ઓશવાળ એજયુકેશન ટ્રસ્ટ દ્વારા ૭૫માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી



ઓશવાળ એજયુકેશન ટ્રસ્ટ અને તેનાં નેજા હેઠળ ચાલતી સંસ્થાઓનાં સંયુકત ઉપક્રમે આજ રોજ હરિઆ કોલેજનાં પટાંગણમાં દેશનો ૭૫મો સ્વાતંત્ર્ય દિવસ ઉત્સાહ અને ઉમંગભેર ઉજવવામાં આવ્યો. આ ઉજવણી અંતર્ગત ઓશવાળ એજયુકેશન ટ્રસ્ટનાં નેજા હેઠળ ચાલતી તમામ સંસ્થાઓનાં કર્મચારીઓ, પ્રતિનિધિઓ અને અન્ય નગરજનો ઉત્સાહભેર ઉપસ્થિત રહયા હતા. જેમાં શ્રી મનસુખભાઈ મેઘજીભાઈ દોઢિયા, પ્રમુખશ્રી ઓશવાળ શિક્ષણ અને રાહત સંઘ જીવરાજભાઈ નગરીયા,સેક્રેટરી શ્રી ઓશવાળ શિક્ષણ અને રાહત સંઘ શ્રી અશોકભાઈ મારૂ, ભૂતપૂર્વ પ્રમુખ શ્રી ઓશવાળ શિક્ષણ અને રાહત સંઘ, તથા આ સંસ્થા સાથે જોડાયેલા અન્ય મહાનુભાવો શ્રી પ્રવિણભાઈ લીલાધરભાઈ હરિઆ, શ્રી જયંતીલાલ પાનાચંદ હરિઆ, શ્રી સુરેશભાઈ પ્રેમચંદ નગરિયા, શ્રી ભરત સોમચંદ મારૂ, શ્રી હિતેશ ચુનીલાલ ગુઢકા, શ્રી કિશોરભાઈ કરમણભાઈ હરિઆ, શ્રી લલિતભાઈ કેશવજીભાઈ બીદ, શ્રી પ્રફુલ્લભાઈ ફુલચંદ ગુઢકા, શ્રી નિપુણ રમણીકલાલ બામણિયા, શ્રી શૈલેશભાઈ હરખચંદ ગોસરાણી, શ્રી મુકેશભાઈ સાવલા, શ્રી ભુપેન્દ્રભાઈ ગુઢકા, શ્રી અશ્વિનભાઈ કરણીયા, શ્રી મલયભાઈ ગુઢકા, શ્રી ભાવિનભાઈ ખીમસીયા તથા ઓશવાળ એજયુકેશન ટ્રસ્ટ સાથે સંલગ્ન મહાનુભાવો મેનેજીંગ ટ્રસ્ટી શ્રી રમણીકભાઈ કે. શાહ, ટ્રસ્ટીશ્રી ઓશવાળ એજયુકેશન ટ્રસ્ટ ચંદુભાઈ શાહ, શ્રી કેશવજીભાઈ ગોસરાણી, શ્રીમતી મંજુલાબેન ગોસરાણી, શ્રી ભરતેશભાઈ શાહ ટ્રસ્ટી શ્રી ઓશવાળ એજયુકેશન ટ્રસ્ટ,કમીટી સભ્યશ્રીઓ શ્રી અશોકભાઈ શાહ તથા રસિકલાલ શાહ, ડો. રૂપેનભાઈ દોઢિયા સાદર ઉપસ્થિત રહયા હતા. સાથે સાથે શ્રી ડો. સ્નેહલ કોટક પલાણ કેમ્પસ ડીરેકટર, ઓશવાળ એજયુકેશન ટ્રસ્ટ શ્રી અજય શાહ ડાયરેકટર IMBA, MBA, MCA Colleges, હેતલબેન સાવલા, પ્રિન્સીપાલ બીસીએ કોલેજ, શ્રી ધવલ પટ્ટ આચાર્ય શ્રી એલ.જી. હરિઆ સ્કૂલ, મયંક ત્રિવેદી આચાર્યશ્રી હરિઆ ગ્લોબલ સ્કૂલ, સેંન્દ્રા મોસ વાઈસ પ્રીન્સીપાલ જી.એચ. જી ડી.ડી. એન, શ્રી જીપાલ પટેલ CEO-OET અને ઓશવાળ એજયુકેશન ટ્રસ્ટ ની સાથે જોડાયેલા નામી અનામી કેટલાય મહાનુભાવો સહર્ષ ઉપસ્થિત રહયા હતા. હરિઆ કોલેજનાં યજમાન પદે સવારે આઠ વાગ્યે આ કાર્યક્રમ ચાલુ થયો હતો. પધારેલા સૌ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત શ્રી કેશવજી ગોસરાણીએ કર્યું હતું. હર્ષની લાગણી અનુભવતા સૌને ઉમળકાથી આવકાર્યા હતા. શ્રી મનસુખભાઈ મેઘજીભાઈ દોઢીયા નાં વરદ હસ્તે દેશની આન, બાન અને શાન એવા રાષ્ટ્રધ્વજને હવામાં ફરકાવીને આસમાનની બુલંદીઓ સુધી પહોંચે એવા 'જય જવાન જય કિશાન', 'વંદે માતરમ' અને 'આઝાદી અમર રહો' જેવા ગગનભેદી નારાઓ ઉપસ્થિત સૌએ લગાવ્યા હતા. જેના કારણે સમગ્ર વાતાવરણ દેશપ્રેમથી રંગાઈ ગયુ હતુ. હરિઆ ગ્લોબલ સ્કુલની વિદ્યાર્થીનીએ સંસ્કૃત ભાષામાં ઉપસ્થિત તમામને પ્રતિજ્ઞા લેવડાવીને સંસ્કૃતભાષાની ગરિમાને આદર પ્રદાન કર્યો હતો. કોલેજની વિવિધ શાખાનાં એન.સી.સી. યુનીટે શહીદોને શૂરવીરતા શીર્ષક હેઠળ પોતાની અદભૂત રજુઆત દ્વારા સરહદ પર શહિદ થતા સૈનિકોની દેશભકિત અને ઝનૂનને વાચા આપી હતી. હરિઆ ગ્લોબલ સ્કુલનાં નાના ભૂલકાઓ પણ એનો કાલોઘેલો દેશપ્રેમ વ્યકત કરવામાં પાછળ રહયા ન હતા. કાર્યક્રમની આ અદભૂત ક્ષણો દરમિયાન ઓશવાળ શિક્ષણ અને રાહત સંઘનાં પ્રમુખશ્રી મનસુખભાઈ મેઘજીભાઈ દોઢિયાએ પોતાના સંદેશમાં ખરા અર્થમાં સ્વતંત્રતાની વ્યાખ્યા કેવી હોય એ બાબતે પોતાના વિચારો વ્યકત કર્યા હતા. કેટલાય નવલોહિયાઓની શહાદતથી મળેલી આ મોંઘામૂલી આઝાદીને કોઈપણ ભોગે સંભાળીને રાખવી પડશે એવો આગ્રહ સેવ્યો હતો. કાર્યક્રમને આગળ વધારતા 'સાત સૂરોના સંગમ' અંતર્ગત વિદ્યાર્થીઓના એક વૃન્દે ભારતની કલા અને સંગીતની મહિમાને સોને મઢી હતી. ભારતની વિવિધ ભાષાઓનાં સમ્માન અને મહિમાને શ્રી એલ.જી. હરિઆ સ્કૂલનાં વિદ્યાર્થીઓએ નમસ્તે ઈન્ડિયા કાર્યક્રમ દ્વારા વ્યકત કર્યો હતો. તો 'સ્વચ્છતા એ જ પ્રભુતા અને એકતા એટલે જ અખંડ ભારત' જેવા માર્મિક સૂત્રો દ્વારા ભારતનાં એક સાચા નાગરિકનું કર્તવ્ય સૌની સમક્ષ રજૂ કરીને અર્થપૂર્ણ ટકોર પણ કરી હતી કે દેશને માનસીક સ્વચ્છતાની પણ ખૂબ જ જરૂર છે. સાથે સાથે 'વિવિધતામાં એકતા' નો સંદેશ રજૂ કરતા એક અભિનય 'ભારત કા અસલી હીરો' શીર્ષક હેઠળ રજૂ થયો હતો. જેમાં એમ.બી.એ કોલેજનાં વિદ્યાર્થી વૃંદે કોરોના જેવી મહામારીનો ઉદ્ભવ, એમાં રાખવા જેવી તકેદારીઓ, વેકિસન અંગે સજાગતા વગેરે બાબતોને નાટયાત્મક પ્રસ્તૃતિ દ્વારા વ્યકત કર્યા હતા. કોરોનાની મહામારીમાં મૃત્યુ પામેલા વિશ્વનાં તમામ મૃતાત્માઓને શાબ્દિક શ્રધ્ધાંજલી આપી હતી. ૭૫માં આ સ્વતંત્રતા પર્વનો સૌએ ખૂબ લ્હાવો માણ્યો હતો. શ્રી કેશવજીભાઈ ગોસરાણીએ આ કાર્યક્રમમાં કલા પીરસનાર બધા જ કલાવૃન્દનાં દરેક સભ્યોને રૂા. ૫૦૧ ની ફૂલપાંદડીરૂપે ભેટ જાહેર કરી હતી. આ પ્રેરણાદાયક અને અદભૂત કાર્યક્રમને આગળ વધારતા શ્રી ઓશવાળ એજયુકેશન ટ્રસ્ટનાં ટ્રસ્ટી શ્રી રમણીકભાઈ કે. શાહે પોતાનાં આગવા અંદાજમાં ભારતનાં વિકાસની ૭૫ વર્ષની યાત્રાને શબ્દોમાં મઢીને સૌ સમક્ષ મૂકી હતી. તેમણે આ વિકાસ યાત્રાને અવિરત રાખવી હોય તો દરેક નાગરીકે પોતાનું મહતમ યોગદાન આપવું પડશે એવો સ્પષ્ટ અભિપ્રાય રજૂ કર્યો હતો. અકલ્પનીય અને અદભૂત કહી શકાય એવા આ કાર્યક્રમમાં પધારેલા દરેક મહાનુભાવો અને કર્મચારીઓ તથા નગરજનોની આગવાં શબ્દોમાં શ્રી ચંદુભાઈ શાહે આભારવિધિ કરી હતી. આ સુંદર મજાના કાર્યક્રમનું સુકાન સંભાળીને શ્રી સ્નેહલ સુમરિયાએ ઉદઘોષક તરીકે પોતાની સેવા બજાવી હતી.




આમ રાષ્ટ્રસેવા અને શિક્ષણસેવાનાં ત્રિવેણી સંગમમાં ન્હાવાનો લ્હાવો લઈને પધારેલ દરેકે ધન્યતા અનુભવી હતી.

## કોરોના બાદની અસરમાંથી મુક્તિ તથા ઈમ્યુનિટી વધારવા માટે કુદરતી સારવાર ઉપલબ્ધ.

ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટ
સંચાલિત

# લીલાવતી નેચર ક્યોર એન્ડ યોગ રિસર્ચ સેન્ટર

કોરોના બાદ શરીરમાં અપચો, કબજીયાત, કડતર થવી, સાંધાનો દુ:ખાવો, માથું દુ:ખવું, ઉધરસ, ચક્કર આવવા, નબળાઇ લાગવી, સતત વજનમાં ઘટાડો, માનસિક તાણ, ચિડચિડ પણું, ગુસ્સો આવવો, અણગમો વગેરે જેવા લક્ષણો મળી રહ્યા છે.

**આ તકલીફોને નિવારવા ચોક્કસ મુલાકાત લો.**

ક્લિંઝિંગ ટેકનીક્સ

ફેશિયલ સ્ટીમ (યુકેલિપટ્સ ઓઈલ સાથે)

પાર્શીયલ મસાજ (છાતી અને પીઠ ઉપર)

હર્બલ સ્ટીમ બાથ

હોટ ફૂટ બાથ

ચેસ્ટ પેક

સ્પાઈનલ બાથ

યોગીક આસન

હોટ મડ બાથ

વ્હર્લપુલ અથવા ડીલક્સ હાઈડ્રો થેરાપી

ઈમર્શન બાથ

એનીમા

એરોમા થેરાપી

ડાયેટ થેરાપી

રીફ્લેક્સોલોજી

નીમ ફીક્શન બાથ

પ્રાણાયામ

ગંડુસ

સન બાથ

નસ્યમ

મેડિટેશન

સર્ક્યુલર જેટ થેરાપી



**આ તકલીફોને નિવારવા ચોક્કસ મુલાકાત લો.**

# લીલાવતી નેચર ક્યોર એન્ડ યોગ રિસર્ચ સેન્ટર

લાખાબાવળ, જામનગર, ગુજરાત, ભારત.
@leelavatinaturecure @leelavatinaturecure www.leelavatinaturecure.com
info@leelavatinaturecure.com
for inquiry : call now or Whatsapp on :-
+91 9913561453, + 91 9978561453, +91 6358761453

# OSHWAL EDUCATION TRUST

managed

# SMT. P. L. HARIA PRE-PRIMARY SCHOOL

L. G. HARIA SCHOOL JAMNAGAR
YOUTH SHALL RESHAPE THE WORLD

# ADMISSIONS OPEN 2021-22

| | |
|---|---|
| Age 2+<br>TODDLER'S DEN<br>(PLAYHOUSE) | Age 3+<br>WENDY WINGS<br>(NURSERY) |
| Age 4+<br>FIRST STEPPER<br>(L.K.G.) | Age 5+<br>BLOOMING BUDS<br>(U.K.G.) |




8866561453 hariaschool.edu.in lghjam@gmail.com

Indira Gandhi Marg,Nr. Janta Fatak Jamnagar